ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ.૧૯૨૯થી)

Prabuddh Jeevan

Vol No.: 8 • Issue: 8 • Mumbai • November 2020 • Pages : 44 • Price 30/-

ગુજરાતી–અંગ્રેજી વર્ષ – ૮ (કુલ વર્ષ ૯૧) • અંક–૮ • નવેમ્બર ૨૦૨૦ • પાનાં – ૪૪ • કિંમત રૂા. ૩૦/–



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩ બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન : ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન ૧૯૩૯થી ૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી.

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી અંગ્રેજીમાં.
- 'પ્રબુદ્ધ જીવન' પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકો પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.

વિશેષ નોંધ :

- પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે, પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે,
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન પી.ડી.એફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.


## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ (પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email : shrimjys@gmail.com


## સર્જનસૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | ધ્યેય કે મારગ, શું મહત્વનું? | સેજલ શાહ | ૩ |
| ૦૨. | ગ્રંથરાજ ભૂવલય | કુમારપાળ દેસાઈ | ૫ |
| ૦૩. | શ્રી એચ.એમ. પટેલ : ઉત્તમ વહીવટકર્તા, પ્રબંધક અને પ્રશાસક | નરેશ વેદ | ૮ |
| ૦૪. | ભાવનાયોગ દ્વારા રૂપાંતર | ભાણદેવ | ૧૨ |
| ૦૫. | જિનનામ મંત્રનો મહિમા | પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્રવિજય મ.સા. | ૧૮ |
| ૦૬. | वज्जालग्गं – प्राकृत सुभाषितसंग्रह | રવીન્દ્ર ખાંડવાળા | ૨૩ |
| ૦૭. | અષ્ટપ્રકારી પૂજાનો આસ્વાદ | આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૨૪ |
| ૦૮. | માનવજીવન અણમોલ | કાકુલાલ મહેતા | ૨૮ |
| ૦૯. | અનશન ઉપવાસ-તપ ધાર્મિક અમૃત-વૈજ્ઞાનિક સંજીવની | હિંમતલાલ શાંતિલાલ ગાંધી | ૨૯ |
| ૧૦. | દંડક અને ૨૪ દ્વાર | પાર્વતીબેન નેણશી ખીરાણી | ૩૨ |
| ૧૧. | શ્રી ભક્તામરસ્તોત્ર આસ્વાદ | રતનબેન ખીમજી છાડવા | ૩૪ |
| ૧૨. | જ્ઞાન - સંવાદ | સુબોધીબેન મસાલીયા | ૩૭ |
| ૧૩. | ભાવ - પ્રતિભાવ | | ૩૯ |
| ૧૪. | વિચાર... મંથન... ચિંતન... | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ<br>મહેશ પ્રજાપતિ | ૪૦ |
| ૧૫. | અતીતની બારીએથી | બકુલ ગાંધી | ૪૩ |
| ૧૬. | જો આ મારો અંતિમ પત્ર હોય તો | યશવંત ત્રિવેદી | ૪૪ |



Design & Type setting : Divyesh Patel • Shreejiart_dtp@yahoo.co.in

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૬ • વીર સંવત ૨૫૪૬ • આસોવદ અમાસ – દિવાળી

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

તંત્રી સ્થાનેથી...

## ધ્યેય કે મારગ, શું મહત્વનું ?

જીવનનું અંતિમ ધ્યેય સત્ય જ છે, પણ એથી મહત્વનું એ છે કે એના સુધી પહોંચવાનો રસ્તો પણ સત્યમય હોય. સત્યમય માર્ગને પકડીને રાખવો પડે છે. મારગનું એવું છે ને કે અનેક ફાંટાઓ ફંટાયા કરે, ક્યારે રસ્તાની ધારે સરકી પડાય અને ત્યાંના છાંયડાઓને મોહી પડાય કહેવાય નહીં ! જીવનમાં એ બધું જ મળી જાય છે, જેની ઈચ્છા હોય છે, પરંતુ મૂળ ઈચ્છામાં જ ખોડ હોય તો જીવન લથડાય, ખોડંગાય ! કેવી રીતે ખબર પડે કે સંપૂર્ણ વર્તુળના કેટલાક ભાગો પોકળ છે, તો કેટલાક ભાગો ખવાઈ ગયા છે ? બહારથી તો એકદમ અનુરૂપ અને અકબંધ નકશાના અંદરની રેખામાં રહેલો બટકણો સ્વભાવ કઈ રીતે જાણવો ? મજા તો એ છે કે અધૂરપની ખબર હોય તો કુવે પાણી ભરવા જઈએ, પણ ખબર જ ન હોય તો અને માટલું ભરેલું ધારીને પોરસાયા કરીએ. લબ્ધિના સ્વામી તો ભર્યા ભર્યા હતા તો પણ પણ પોતાની તરસ, નિર્દોષતા, શ્રદ્ધા અને જ્ઞાન કેવું જાગૃત રાખી શક્યા, એમને આદર્શ બનાવી આ પામરતાને જરા ઓગાળવી છે.

વાતો અને મારગ બહુ જ લપસણી જગ્યા. સંત અને વિચારક– એ બાબતમાં ગજબની સ્થિરતા ધરાવે ! એટલે તેમને હળવાશ પણ ફાવે અને સ્થિરતા પણ. પણ જેના મૂળમાં જ ખાતર ન હોય તે ડોલી પડે. આ દિવસોએ આપણને ઘણુંબધું શીખવાડ્યું. ૧૯૨૯થી આ સામયિક પોતાની વૈચારિક જાગૃતિ નિયમિતરૂપે જાળવી શક્યું છે. જયારે એક તરફી ઢોળાવ જોયો, જ્યાં જાગૃતિનો અભાવ જોયો, ત્યારે એ બાબતમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરાયો, ધીમે ધીમે આપણે રાજકીય સ્વાતંત્ર્ય પ્રત્યે જાગૃત બન્યા, એ મળ્યા પછી દેશને સામાજિક પ્રશ્નોને ઉકેલવાના હતા અને એ તરફનું વલણ પણ સામયિકનું એટલું જ સ્પષ્ટ અને સૂચક રહ્યું. વૈચારિક સ્પષ્ટતા માત્રથી સમાજમાં જાગૃતિની લહેર જગાડી શકાય. ગ્રંથ માત્ર ભણવાથી નહીં પણ ગ્રંથ ઉકેલવાથી શબ્દ–મર્મ સમજાય. અનુકરણ અને અનુસરણ માત્ર નહીં પણ અનુસર્જનનું મહત્વ છે. જો તે પરમ્પરાના મૂળને જાગૃત અને સાર્થક ન કરી શકીએ, તો બાવળિયા બની તે જમીન શોષી લે. આજે ફરી એકવાર એવા સમયની ધાર પર આપણે ઉભા છીએ, જ્યાં એક તરફ વિકાસ છે તો બીજી તરફ માનવતાને પડકારતો એક વિનાશક વાયરસ,

આ અંકના સૌજન્યદાતા
જાસુદબેન કાંતિલાલ સોનાવાલા
હસ્તે : શ્રી નિતિનભાઈ સોનાવાલા

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ.રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ – ૦૪ ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બૅન્ક ઑફ ઈન્ડિયા IFSC : BKID0000039
• Website : www. mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com web editor : Hitesh Mayani - 9820347990

જેમાં જીવન અને મૃત્યુની વચ્ચેનો સમય અનુભવાય છે. ખૂબ કાળજીથી આટલી વિશાળ લોકસંખ્યા ધરાવતા દેશમાં પણ આ સંસર્ગને ટાળી શકવાના સફળ પ્રયત્ન થયા, કારણ નિશ્ચય હતો સરકારનો કે આર્થિકતા કરતા વધુ, માનવજીવન મૂલ્યવાન છે અને એને બચાવી લેવું જ. દરેક નાના પ્રશ્નોને બાજુમાં મૂકી માત્ર મૂળ ધ્યેય સાથે પકડી રાખ્યું અને આજે આપણે જોઈ શકીએ છીએ કે ધાર્યા કરતા અનેકગણું ઓછું નુકશાન આપણે ભોગવવું પડ્યું, જે માનવજીવન ગુમાવ્યા તેનો શોક તો છે જ પણ જે રીતે સમગ્ર વિશ્વમાં ડર હતો કે ભારત દેશ આને કઈ રીતે ઝીલશે અને પડકાર પાર કરી બતાવશે, અને એમ થયું. કરી બતાવ્યું. ધીરે ધીરે ન્યુ-નોર્મલની વિભાવનામાં આપણે આવી ગયા છે. આ ન્યુ-નોર્મલ માત્ર શબ્દો નથી પણ નવીનતામાં અનુભવને ગાળીને સહજતાપૂર્વક વર્તવાની વાત છે. જે ગયું તે વિસરી જવાનું, બોધપાઠ ભૂલ્યા વગર અને તેનો ભાર વર્તમાનમાં ખેચ્યાં વગર. આપને માત્ર એકલા નથી જીવવાનું, સાથે સહુને લઈને જીવવાનું છે, એ ભાવનાનો વ્યાપ આ દિવસોમાં જોવા મળ્યો.

આ દિવસોમાં શું થયું, એની વાત અનેક રીતે જોઈ શકાય, રાજકીય અને સામાજિક અને આર્થિક રીતે. પણ સૌથી વધુ માનવીય રીતે શું થયું, એ તપાસનો વિષય બને તો કેટલાક ઉત્તમ ઉદાહરણ મળી આવે છે. કોઈ પણ વિકટ પરિસ્થિતિ હોય પણ માનવતાને આધારે તેને જીતી શકાતી હોય છે અને તે જ ધર્મ, મૂલ્ય અને સંસ્કારનો જય છે. એવા અનેક લોકોને જોયા, જેમને આ દિવસોમાં પોતાની માનવતાને ટકાવી અને તે જ તેમના સત્યનો જય હતો. કોઈ પણ અન્ય વિચાર વગર માણસોને નિયમિત પગાર આપ્યો, પોતાના ભાગમાંથી અન્યની થાળીને પીરસતા રહ્યા અને કોઈના ઘરે ચૂલો ન બળ્યો હોય તો પોતાના રસોડાનો વિસ્તાર કર્યો. આને ધર્મ/મૂલ્ય/સંસ્કાર જ કહું ને !!

****

સત્યના માર્ગ પરથી બહુ જલ્દી લપસી જવાતું હોય છે. કારણ મૂળ વિક્ષેપ તો માર્ગ પર ચાલતી વખતે જ આવે. અડચણને ઓળંગવાની સહનશક્તિ અને સાહસ કેળવવા પડતા હોય છે. હવે આ અડચણનું નામ કુદરતી આફત, સંજોગો, નસીબ કોઈ પણ હોઈ શકે. એને ઓળખીને પાર કરવી પડે. સાહસ કેળવવું પડે છે, જાતને ઓળંગવી પડે છે. પોતાની જાતથી પણ જાતને ઓળંગવી પડે. સાહસ એટલે માણસને ફરી એકવાર પોતાના અસ્તિત્વ પર ઉભા કરી, જીવાડવાની પ્રક્રિયા. મનુષ્યના જન્મ સાથે જ તેને એક મર્યાદા અને જડતા ઉપહાર રૂપે મળતી હોય છે, અને સાથે જ મળે છે એ બંધિયાર દિવાલને ઓળંગવાનું સાહસ. જેની આસપાસ તે પોતાનું વ્યક્તિત્વ વિકસાવે છે. અને એ જ એની ઓળખ હોય છે, બહાર આવવું પડે છે. એની મર્યાદાને સમજવી પડે છે. વિસ્તારને સમજવાની તાકાત કેળવવી પડે. નવી ભૂમિ પર પગ મૂકતાં દરેક પગલાંને માપવા પડે પણ આમ કરવા માટે આંખને ક્ષિતિજની પેલે પાર લઇ જઈને, નવી ભૂમિ પર પગ ટેકવીને, ચાલવાનું અને સમથળ ન રહેલી જમીનને પગલા દ્વારા જ સપાટ કરવાનું કાર્ય કરવું પડે.

સાહસ માત્ર ભૌતિક ક્રિયાનો ભાગ નથી, તે આત્માની નજીક લઇ જાય છે. આત્માને સમજવાની અને શરીરની ભંગુરતાને સમજવાની પ્રક્રિયા છે. એ માટે પહેલા અનુકુળ સંજોગોમાંથી છૂટવું પડે, પછી સાનુકુળતાનો અર્થ સમજવો પડે અને અને છેલ્લે પોતાની માયા પણ છોડવી પડે. સાહસ માત્ર ઉંચાઇ પર જવાનું નથી હોતું. સાહસ તો જાતની ઉંડાઈમાં ડૂબવાનું હોય છે. આ સાહસ ખૂબ જાગૃતિ અને વાંચન દ્વારા કેળવાતું હોય છે. વાંચનના શબ્દો ઉકેલવા પડે છે. એ શબ્દમાં પ્રવેશીને એ શબ્દોના નાદને સમજવા પડે છે. ધર્મ અને સાહિત્ય હિમ્મત કેળવે છે. બન્ને જુદાં નથી પણ પરસ્પર પૂરક બને છે. ધર્મ સીમાનો અર્થ શીખવે છે તો સાહિત્ય મુક્તિનો. સાહિત્યથી સમજનો વિકાસ થાય છે. હવે સમજવાનું એ છે કે આપણે કઈ મુક્તિની શોધમાં છીએ ? મુક્તિની એક વ્યાખ્યા સમાજ અને દેશે આપી છે. એ વ્યાખ્યાથી પર થઇને આપણામાં એક ધખખ જગાડવાની તાકાત એ પણ મુક્તિ છે. પરિસ્થિતિને વશ થઈને નહીં પણ પરિસ્થિતિને અનુકુળ કરવાની વાત, સમગ્ર માનવ જાત, સમગ્ર જીવંત સૃષ્ટિ માટે અને સહુને જીવવા દેવાની ધખખ, પોતે કોઈના માર્ગમાં ન આવવાની ધખખ, પોતાના સ્વાર્થના વિશ્વને ઓળંગીને, સર્વના વિશ્વમાં પ્રવેશવાની તાકાત. સહુની સંવેદનમાં ભળવાની તાકાત, સહુના હિતમાં જીવન જીવવાની તાકાત- આ સમયમાં કેળવી શકાઈ અને હવે તે જ ભૂમિકા ચાલુ રહે તેવી ઈચ્છા. એકલતામાંથી આપણે એકતામાં પ્રવેશ્યા છીએ હવે એકાંતમાં જઈ સર્વના સુખને હૈયે ધરીએ, એ જ આ ન્યુ-નોર્મલનું કહેણ છે. બિનજરૂરી દરેક બાબત ટાળી, દરેક જાગૃતિને આવશ્યક બનાવીએ. ચાલો, આત્મા સાથે, પ્રકૃતિ સાથે જોડાઈએ, ઓગળવાનું સાહસ, જોડાવાનું સાહસ, ઓળખથી મુક્ત થવાનું સાહસ, કોઈની પ્રસન્નતામાં ભળી જવાનું સાહસ, એ જ આપણી સાર્થકતા.

નવાવર્ષની અઢળક શુભેચ્છાઓ અને સામીપ્ય સાથે વિરમીએ.

❖ ❖ ❖ ❖

– ડૉ. સેજલ શાહ
સંપર્ક : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨.૦૦ થી રાતના ૭.૦૦ સુધી)

# ગ્રંથરાજ ભૂવલય

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

ગ્રંથ અને મહાગ્રંથ વિશે તો આપણે જાણીએ છીએ, પરંતુ આજે એક મહાન ગ્રંથરાજ વિશે વિચારીએ. આ ગ્રંથરાજની રચના આજથી લગભગ એક હજાર વર્ષ પૂર્વે દિગંબર જૈનાચાર્ય શ્રી કુમુદેન્દુસ્વામીએ કરી છે. આચાર્યશ્રી કુમુદેન્દુસ્વામી નંદીપર્વતની સમીપ બેંગલુરુથી ત્રીસેક માઈલના અંતરે આવેલા એક ગામમાં રહેતા હતા. તેઓ માન્યખેટના રાષ્ટ્રકૂટ રાજ્યના સમ્રાટ અમોઘવર્ષના રાજગુરુ હતા. આ અપૂર્વ ગ્રંથ એમણે અન્ય ગ્રંથોથી વિલક્ષણ એવાં ૬૪ અંકમાં લખ્યો છે, જેનાથી કન્નડ ભાષાના હ્રસ્વ અથવા દીર્ઘ અક્ષરો થાય છે.

આ ગ્રંથરાજની વિશેષતા એ છે કે આમાં જૈન ધર્મની વિશેષતાઓની સાથોસાથ અન્ય ધર્મસંસ્કૃતિઓનો પરિચય આપવામાં આવ્યો છે. આ ગ્રંથરાજમાં અઢાર મહત્ત્વની ભાષાઓ અને સાતસો સામાન્ય ભાષાઓ સમાયેલી છે. આ ગ્રંથરાજને જો યોગ્ય રીતે સમજવામાં આવે, તો માનવી જ્ઞાનની સીમાઓ ઘણી વિસ્તરી શકે. આ ગ્રંથરાજ બેંગલુરુમાં વસતાં પં. યલ્લપા શાસ્ત્રી પાસે હતો અને તેઓ એની હસ્તપ્રતને અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક જાળવતા હતા. એ પછી એની ઉપયોગીતા જોઈને પૂ. દેશભૂષણ મહારાજે એનું પ્રકાશન કરવાનો વિચાર કર્યો અને આ ગ્રંથરાજના પ્રારંભના માત્ર મંગલ પ્રાભૃત પ્રકાશિત કરી શક્યા. આ અત્યંત વિશાળ ગ્રંથને પૂર્ણરૂપે પ્રકાશિત કરવા માટે હજારો પૃષ્ઠોની જરૂર પડે.

જૈન પરંપરામાં કુમુદેન્દુ અથવા કુમુદચંદ્ર નામના ઘણા આચાર્યો થયા છે, જેમાં એક કુમુદેન્દુ આચાર્યએ 'કલ્યાણમંદિર સ્તોત્ર'ની રચના કરી છે. એક બીજા કુમુદચંદ્ર આચાર્ય મહાન વાદી હતા. વાદ-વિવાદમાં અત્યંત નિપુણ હતા. ઈ.સ. ૧૨૭૫માં એક કુમુદચંદ્ર આચાર્ય થયા, જેમણે 'રામાયણ' ગ્રંથ લખ્યો હતો, પરંતુ આ બધા કુમુદચંદ્ર કરતાં 'શ્રી ભૂવલય ગ્રંથ'ના રચિયતા શ્રી કુમુદેન્દ્ર આચાર્ય જુદા છે. 'કુમુદેન્દુ શતક' નામના શ્રી દેવપ્પા સ્વામીએ લખેલા કન્નડ ભાષાના કાવ્યમય પુસ્તકમાં ભૂવલય ગ્રંથના કર્તા કુમુદેન્દુ આચાર્યનો ઉલ્લેખ છે, જેમાં એમનું અત્યંત આલંકારિક ભાષામાં વર્ણન આપ્યું છે અને સાથોસાથ મુનિ થયા પછી ભૂવલય નામના કાવ્યની રચના કરતી વખતે એમનો પરિચય આપતા શ્રી દેવપ્પા કહે છે કે એમનું ધ્યેય વિશાળ કીર્તિ છે. મુનિચર્યાનું પાલન કરવું એ એમનું ગૌરવ (ગુરુત્વ) છે. નવીન કીર્તિ ઉત્પન્ન કરે છે, તેઓ અવતારી મહાન પુરુષ છે. એમનું ગોત્ર સદ્ધર્મ છે. સૂત્ર વૃષભ છે, શાખા દ્રવ્યાંગ છે, વંશ ઈશ્વાકુ છે અને નવ્ય ભારતમાં કર્માટ રાજાને એમને ભારતના નિર્માણમાં અહિંસા ધર્મની પરિપાટી વધારવાનો આશીર્વાદ આપ્યો હતો અને આવા શ્રી કુમુદેન્દુ આચાર્યે તમામ ભાષાઓ અને તમામ મતોનાં સમન્વય અને એકત્રકરણ કરનારા જગવિખ્યાત ભૂલવય ગ્રંથની રચના કરી. આ ગ્રંથની વિશેષતાઓ જોઈએ.

એમ કહેવાય છે કે આધુનિક માનવ પ્રજ્ઞા આવા ગ્રંથરાજનો સ્વીકાર પણ કરી શકતી નથી અને આ ગ્રંથની પ્રત્યેક હકીકત એવી છે કે એનો ઈન્કાર પણ કરી શકાય તેમ નથી. 'ભૂવલય' ગ્રંથનો અર્થ છે 'ભૂ' એટલે પૃથ્વી અને પૃથ્વીના તમામ વિષયોને પોતાના વલયમાં એટલે કે વર્તુળમાં સમાવી લેનારો ગ્રંથ. વિશ્વનો કોઈ ગ્રંથ કે વિષય એવો નથી કે જે આમાં સમાવિષ્ટ ન હોય. આ ગ્રંથ એક વિશિષ્ટ પદ્ધતિએ અંક શ્રેણીમાં રચાયો છે અને આ પદ્યબદ્ધ અંકની અંદર 'ક્રમબદ્ધ' અને 'અક્રમબદ્ધ' એમ બે પ્રકારના ગ્રંથ છાપવામાં આવ્યા છે.

'ક્રમબદ્ધ' એટલે સમાન્ય તર્કબુદ્ધિથી પકડી શકાય અથવા તો સામાન્ય તર્કબુદ્ધિથી વાંચી શકાય અને અક્રમબદ્ધ એટલે જેને વાંચવા માટે ક્ષમા વગેરે દશ યતિધર્મની નિર્મળ થયેલી વિશિષ્ટ આંતરપ્રજ્ઞા જોઈએ. એના કોષ્ટકથી ઉપરથી નીચે વાંચીએ તો તેમાં 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના સ્તોત્ર મળે છે. જમણીથી ડાબી બાજુએ વાંચીએ તો 'સમયસર' ગ્રંથની ગાથા પ્રાપ્ત થાય છે. આ પદ્યબદ્ધ ગ્રંથ જુદી જુદી રીતે ભણવાથી જુદી જુદી ભાષાઓના જુદા જુદા ગ્રંથો મળે છે. એમાંથી અગિયાર ભાષાઓ વિશે તો શ્રી એલપ્પા શાસ્ત્રીજીએ એક પુસ્તક પણ પ્રગટ કર્યું છે.

આ ગ્રંથનું અવલોકન કરનારા વિદ્વાનો નોંધે છે કે 'આના જેવો બીજો કોઈ ગ્રંથ આજ સુધી જોવા મળ્યો નથી.' દુનિયામાં ભાગ્યે જ કોઈ એવો વિષય હશે, જેનો

જૈન આચાર્યએ સ્પર્શ કર્યો ન હોય.

આ ગ્રંથમાં વેદ, ગીતા, અધ્યાત્મશાસ્ત્ર, બ્રાહ્મણ ઉપનિષદદર્શન, વાલ્મીકિ રામાયણ, મહાભારત, ગણિત, ભૂગોળ, શરીરવિજ્ઞાન, મનોવિજ્ઞાન, ભાષાવિજ્ઞાન, સંગીત, ભૂગર્ભવિદ્યા, વાદ્યસંગીત, દાંપત્યવિજ્ઞાન, આયુર્વેદ, વનૌષધિ વિદ્યા, અણુવાદ આદિ અનેક વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ ગ્રંથના લેખકની એવી પ્રતિજ્ઞા છે કે 'પોતાના સમય સુધીની બધી ભાષાઓના ગ્રંથોનો 'ભૂવલય'માં એક સાથે સમાવેશ કરવો.' આ ગ્રંથ કર્ણાટક ભાષામાં સાંગત્ય નામના છંદમાં લખાયો છે. પણ આચાર્યજી લખે છે કે 'આ ગ્રંથમાં કંઈ રહી ન જાય એ માટે સંપૂર્ણ તકેદારી રખાઈ છે.'

જગતની આઠમી અજાયબી તરીકે આ ગ્રંથ ઓળખાય છે. ગ્રંથનો પરિચય આપતાં સ્વયં એના કર્તા કહે છેઃ

'ભૂવલયમાં ૭૧૮ ભાષામાં રચના કરવામાં આવી છે, જેમાં ૧૮ ભાષા મુખ્ય છે. જે કોઈ જે ભાષા જાણતો હોય, તે ભાષા એમાંથી વાંચી શકે છે. આ ગ્રંથની આ જ મોટી વિશેષતા છે. ગ્રંથકારે પોતાની ભાષાને 'સર્વભાષામયા ભાષા' કહી છે. આજ સુધી સંસ્કૃતમાં સંસ્કૃત, પ્રાકૃત, શૌરસેની, કન્નડ, અર્ધમાગધી વગેરે ભાષાના છંદો વંચાયા છે. મૈસૂર વિદ્યાપીઠના ઈતિહાસ પ્રાધ્યાપક ડૉ. શ્રી કંઠ શાસ્ત્રીની માનવા પ્રમાણે આ ગ્રંથમાં હજી બીજી અનેક ભાષાઓનાં છંદ મળી શકે તેમ છે. શ્રી શાસ્ત્રીજી પોતે ૩૫ ભાષા જાણે છે. તેમણે આ ગ્રંથનું અધ્યયન કર્યું છે.

આ ઈતિહાસકારના મત પ્રમાણે આ ગ્રંથ સંસ્કૃ, પ્રાકૃત, પાલી, દ્રવિડી, મરાઠી, મલયાલી. તામિલ, તેલુગુ, કાનડી ગુર્જરી, અંગ, કલિંગી, કાશ્મીરી, તિબેટી, કંબોજી શૌરસેની, વાલીવજી, બંગાળી, વૈજયાર્ધ, વૈદર્ભી, વૈશાલી, ખરોષ્ઠી, અપભ્રંશ, પૈશાચી. રક્તાક્ષી, સારસ્વત, લાટ, ગૌડ, ઉત્કલ, યવનાની, તુર્કી, ઈરાની, સૈધપ, દેવનાગરી, મુલદેવી, વૈદકી વગેરે અનેક ભાષાઓમાં વાંચી શકાય છે.

ગ્રંથનું મુદ્રણ કરવામાં આવે, તો લગભગ ૧૬૦૦૦ પૃષ્ઠો થાય. અત્યાર સુધીમાં આ ગ્રંથના ૭૫૦૦૦ શ્લોકો વાંચી શકાયા છે અને તે હજી આ ગ્રંથનો માત્ર છઠ્ઠો ભાગ છે. આટલા મોટા ગ્રંથમાં ક્યાંયે અક્ષરોની રચના નથી. આખો ગ્રંથ આંકડાઓમાં લખાયો છે. એકપણ અક્ષર વગર માત્ર અક્ષરવિહીન ગ્રંથ એ જ એની અજાયબી છે. પ્રસંશાથી પર બની રહે તેવું અદ્‌ભુત એનું રચનાકૌશલ્ય છે. દરેક પાનાં ઉપર ૩૦ ખાનાં પાડીને ૩૦ આંકડાઓ લખવામાં આવ્યાં છે. નાગરી લિપિમાં સ્વર, વ્યંજન, વિસર્ગ, મુક્તાક્ષર વગેરે મળીને આચાર્યજીએ ૬૪ અક્ષર માન્યા છે એટલે ૬૪ આંકડાઓમાં આખો ગ્રંથ લખાયો છે.

આ ગ્રંથ દક્ષિણનાં ભાસ્કરપંતજી શ્રી મલપ્પા શાસ્ત્રી પાસે છે. તેઓ એક વિદ્વાન પંડિત છે. આ હસ્તલિખિત ગ્રંથની પહેલી નજરે સમજ મેળવવી મુશ્કેલ છે, પણ શાસ્ત્રીજી એની સમજ આપે છે. એ પછી જ વાંચનાર સમજી શકે છે. આંકડાઓથી ભરેલા એક-એક પાનાનાં અંકોને સીધી લીટીમાં વાંચવામાં આવે તો કન્નડ ભાષાનાં શ્લોકો બનતાં જાય છે. બધી લીટીઓનાં ૨૧માં અંકને ઉપરથી નીચે સુધી વાંચીએ તો સંસ્કૃતનો શ્લોક બને. એ પ્રમાણે દરેક લીટીનો પહેલો અંક નીચે વાંચતા જઈએ તો ઋગ્વેદના મંત્ર બનતા જાય છે. આ પ્રમાણે અંકોની સંખ્યા અક્ષરો અને અક્ષરોનાં સુમેળથી પાંચ ભાષામાં ગીતાના શ્લોક પણ બની શકે છે. આ ગ્રંથમાં આવી ગણિતની કરામત જોઈ ભલભલા વિદ્વાનો, પંડિતો સ્તબ્ધ થઈ ગયા છે. દુનિયાભરમાં માત્ર અંક દ્વારા લખાયેલો આ પ્રથમ ગ્રંથ ગણાય છે.

સામાન્ય રીતે પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં લખાયેલા ગ્રંથોની હસ્તપ્રતો નષ્ટ થવાનો ભય હોય છે. ક્યારેક એનો થોડો ભાગ બરાબર નહીં સાચવવાથી પલળી જાય છે, અથવા તો જીવતા એને કોરી ખાય છે. આ ગ્રંથરાજ 'ભૂવલય'ની ખૂબી એ છે કે આ ગ્રંથના કોઈપણ પૃષ્ઠનો એક નાનકડો અંશ પણ કોઈ કારણસર નષ્ટ થઈ જાય, તો તે નષ્ટ થતો નથી, કારણ કે નાગબદ્ધ પ્રણાલી દ્વારા ગ્રંથને વાંચવાથી એનાં જે પૃષ્ઠો કે પૃષ્ઠોનો અંશ નષ્ટ થઈ ગયો હોય, તેનો પાઠ પુનઃ પ્રાપ્ત કરી શકાય છે.

રાષ્ટ્રકૂટના રાજા અમોઘવર્ષના ગુરુ આચાર્યશ્રી કુમુદેન્દુ સ્વામીએ આ ગ્રંથરચના કર્યા પછી આ ગ્રંથ રાજા અમોઘવર્ષને સંભળાવ્યો હતો. માનવજાતિની ૭૧૮ ભાષા, ૩૬૩ ધર્મ અને ૬૪ કળા વગેરેનું વર્ણન છ હજાર સૂત્રો તથા છ લાખ શ્લોકોમાં માત્ર નવ અંકોના આધાર પર કરવામાં આવ્યું છે. વળી મનુષ્ય ઉપરાંત દેવ, દાનવ તથા પશુ, પક્ષીઓની ભાષા પણ આ ગ્રંથમાં મળે છે.

જો આ ગ્રંથના અંતાક્ષરી શ્લોકની ગણના કરીએ તો તેની સંખ્યા એક કરોડથી પણ વધુ થાય છે. આ ગ્રંથમાં

જગતનાં બધાં જ વિષયોનું જ્ઞાન આપવામાં આવ્યું હોવાથી એમ કહી શકાય કે તમામ પ્રકારની વિદ્યા શીખવા માટે આ ગ્રંથ અત્યંત સહાયક છે. એની રચના ગણિતશાસ્ત્રના આધારે કરવામાં આવી છે અને ભગવાન ઋષભદેવ દ્વારા એમની પુત્રી સુંદરીને શીખવાડવામાં આવેલા અંકશાસ્ત્રના આધાર પર આ ગણિતશાસ્ત્રની ઉત્પત્તિ થઈ છે.

સૌથી નાના એવા 'બે'નાં આંકડાથી ગણતરી શરૂ કરવામાં આવે, તો 'નવ'ના આંકડા સુધી પહોંચતા કુલ આઠ આંકડા થાય. આ આઠ આંકડાનો આઠથી ગુણાકાર કરવાથી ૬૪ થાય છે અને સંપૂર્ણ ભૂવલય ગ્રંથની રચના ૬૪ અંકોમાં કરવામાં આવી છે. આ આંકડાઓને જુદાં જુદાં અક્ષરોમાં પરિવર્તિત કરીને ૨૭ x ૨૭ના એક જ અંકાત્મક કોષ્ટકમાંથી ભિન્ન ભિન્ન અંકો અને વિષયોનું જ્ઞાન મળી શકે છે. આ ૬૪ અક્ષરોમાં અનુલોમ ક્રમથી તમામ ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિશ્વમાં આ પદ્ધતિ અદ્‌ભુત અને વિશુદ્ધ છે. અનુલોમ ક્રમ ધરાવતા આ ગ્રંથને પ્રતિલોમ ક્રમથી વિભાજિત કરતા વિશ્વની તમામ ભાષાઓ સ્વયં પ્રગટ થઈ જાય છે.

આ ગ્રંથમાં વિશ્વસમસ્તની ૭૧૮ ભાષાઓનો નામોલ્લેખ મળે છે. જેમાં ૧૮ મુખ્ય ભાષા છે અને ૭૦૦ અન્ય ભાષાઓ છે. જરા આ મહત્ત્વની ભાષાઓ પર દૃષ્ટિપાત કરીએ તો ખ્યાલ આવશે કે આ ગ્રંથમાં પ્રાકૃત, સંસ્કૃત, દ્રવિડ, આંધ્ર, મહારાષ્ટ્ર, મલયાલમ, ગુર્જર, અંગ, કલિંગ, કાશ્મીર, કમ્બોજ, હમીર, શૌરસેની, બાલી, તિબ્બતિ, વ્યંગ, બંગ, બ્રાહ્મી, વજયાર્ધ, પદ્મ, વૈદર્ભ, વૈશાલી, સૌરાષ્ટ્ર, ખરોષ્ટ્રી, નિરોષ્ટ્ર, અપભ્રંશ, પૈશાચિક, રક્તાક્ષર, અરિષ્ટ, અર્ધમાગધી વગેરે મુખ્ય ભાષાઓનો સમાવેશ થયો છે.

આ ઉપરાંત આ મહાન ગ્રંથમાં આરસ, પારસ, સારસ્વત, વારસ, વસ, માનવ, લાટ, ગૌડ, માગધ, બિહાર, ઉત્કલ, કાન્યકુબ્જ, વરાહ, વૈસ્મર્ણ, વેદાન્ત, ચિત્રકાર, યક્ષ, રાક્ષસ, હંસ, ભૂત, ઉઈયા, યવનાની, તુર્કી, દ્રમિલ, સૈન્ધવ, માલવણિયા, કિરિય, દેવનાગરી, લાડ, પાશી, અમિત્રિક, ચાણિક્ય, મૂલદવી આ બધી ભાષા અને લિપિઓને એક જ અંક લિપિમાં જોડીને કોષ્ટક રૂપે બંધાક્ષરની અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે.

તમામ ભાષાઓનો કોષ્ટક રૂપે બંધાક્ષરની અંદર સમાવેશ કરીને અનુરાશિમાં મિશ્રિત કરવામાં આવ્યો છે. આમાં કેટલાક વિષયો મળે છે, જે આજે પણ અદ્યતન લાગે. છેલ્લામાં છેલ્લા પરમાણુ વિજ્ઞાનની ઝલક પણ આમાં જોવા મળે અને અણુબોમ્બની રચનાના મુખ્ય સિદ્ધાંત એવા પરમાણુ વિભાજનના સિદ્ધાંતોનાં વર્ણનો પણ આમાંથી મળી શકે છે.

કોઈ એક વ્યક્તિ પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન અનેક ભાષાના ભંડાર સમા એક અદ્‌ભુત ગ્રંથની રચના કરી શકે એ સાચે જ આશ્ચર્યજનક કહેવાય. ભારતનાં વિદ્વાનોમાં જ નહીં, બલ્કે જર્મની અને ઈંગ્લૅન્ડનાં પૂર્વનાં મૂલ્યવાન ગ્રંથોના અભ્યાસીઓ આ ગ્રંથને જોવા માટે ભારત આવ્યા હતા અને એમને દક્ષિણ ભારતમાં રહેલાં આ અદ્‌ભુત ગ્રંથની ભાવપૂર્વક પ્રશંસા કરી છે. જ્યારે સંસ્કૃત ભાષાના પ્રખર વિદ્વાનો પણ એમ કહે છે કે માત્ર ૨૭ અંકોમાં જ આવી સમગ્ર રચના કરવી તે એટલી બધી અટપટી ગણાય કે આવી અદ્‌ભુત રચના બીજા કોઈ કરી શકે તેમ નથી.

આચાર્ય કુમુદેન્દુએ આ કાવ્યની રચના અક્ષરોમાં નહીં, પરંતુ ગુરુ ગૌતમસ્વામી રચિત મંગલપ્રાભૃત અથવા તો આચાર્ય નાગાર્જુન દ્વારા રચિત કક્ષપુટ ગણિત પદ્ધતિથી ગણના કરીને અંકોમાં કરી છે અને એ દૃષ્ટિએ આ ગ્રંથની રચના ચક્રબંધ, હંસબંધ, પદ્મ, શુદ્ધ, વવમાંકબંધ, વર, પદ્મબંધ, મહાપદ્મ, દ્વીપ, સાગર, પલ્લવ, અમ્બુબંધ, સરસ, સલાક, શ્રેણી, અંક, લોક, રોમ કૂપ, ક્રૌંચ, મયૂર, સીમાવતીતાદિ બંધ, કામ કે પદ્મ બંધ, નખ, ચક્રબંધ, સીમાતીત ગણિત બંધ જેવા જુદા જુદા બંધોમાં કરવામાં આવી છે.

અક્ષરમાં નહીં, પણ આંકડામાં લખાયેલા આ ગ્રંથમાં ૨૭ કોઠા છે. ઉપરથી નીચે પણ ૨૭ કોષ્ટક છે અને એ જ રીતે ચારે બાજુથી વાંચવામાં આવે તો ૨૭ અંક ઉપલબ્ધ છે અને એ રીતે ૨૭ x ૨૭ એટલે કે કુલ ૭૨૯ થાય છે.

આ ગ્રંથમાં એવી નોંધ પણ છે કે માત્ર ૪૫ મિનિટમાં આચાર્યશ્રીએ આ અદ્વિતીય ગ્રંથની રચના કરી હતી. તેઓને સર્વજ્ઞ દેવની સંપૂર્ણ વાણીનું જ્ઞાન હોવાથી એ મહાન જ્ઞાની અને ધૂરંધર પંડિતને લોકો સર્વજ્ઞ જેવા માનતા હતા. શ્રી કુમુદેન્દુ આચાર્ય એમના પરમ ગુરુ વીરસેન આચાર્યની સંમતિથી આ 'સર્વ ભાષામય કર્ણાટક કાવ્ય'ની રચના કરી અને તેમાં એમણે પોતાની ગુરુપરંપરાનું વર્ણન પણ કર્યું છે.

આ કાવ્યના આદિ અક્ષરોને ઉપરથી લઈને નીચે સુધી

વાંચવામાં આવે તો એમાંથી પ્રાકૃત કાવ્ય મળે છે. વચ્ચેનાં ૨૭ અક્ષર પછી ઉપરથી નીચે વાંચવા જતા સંસ્કૃત કાવ્ય મળે છે. અને આ પદ્યબદ્ધ રચનાનું જુદી જુદી રીતે અધ્યયન કરવામાં આવે તો અનેક બંધ ધરાવતી ભાષાઓ મળે છે.

આ ગ્રંથની હસ્તપ્રત બેંગલુરુના વિશ્વેશ્વરપુરમાં રહેતાં એલપ્પા શાસ્ત્રીજીને એમના સસરા પાસેથી મળી હતી. એમણે અત્યંત પરિશ્રમ કરીને આ ભૂવલયનાં અંકોનું અક્ષરના રૂપમાં પરિવર્તન કર્યું અને આ આખોય ગ્રંથ કાનડી લિપિમાં લખ્યો કે જેથી લોકો આ ગ્રંથનું મહત્ત્વ સમજી શકે અને શ્રી એલપ્પા શાસ્ત્રીએ જ્યારે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદજીને આ અદ્ભૂત ગ્રંથ ભેટ આપ્યો, તો રાષ્ટ્રપતિજીએ એને સુરક્ષિત રાખવા માટે આ ગ્રંથને રાષ્ટ્રીય સંપત્તિ ઘોષિત કર્યો હતો.

બેંગલોરની એક પ્રકાશન સંસ્થાએ પ્રકાશિત કર્યા છેઅને કેટલાય મુનિઓ અને વિદ્વાનો આ મહાગ્રંથને વાંચવાની - ઉકેલવાની શૈલી વિકસિત કરવાની દિશામાં મહત્વનું કાર્ય કરી રહ્યા છે. જો આ ગ્રંથ વાંચવાની કલા સંપૂર્ણપણે પ્રાપ્ત થાય તો તે આજના વિશ્વને અને વિશેષે વિજ્ઞાનને અનેક પ્રકારના શોધ-સંશોધનમાં સહાયક સિદ્ધ થશે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 079-26602675 / 09824019925

# શ્રી એચ. એમ. પટેલ : ઉત્તમ વહીવટકર્તા, પ્રબંધક અને પ્રશાસક

**ડૉ. નરેશ વેદ**

જ્યારે એચ. એમ. પટેલના વ્યક્તિત્વ વિશે વિચાર કરીએ છીએ ત્યારે એમ લાગે છે કે શ્રી પટેલસાહેબ ઘટનાપુરુષ હતા. એમના વ્યકિતત્વમાં કેટલાં પરસ્પર વિરોધી અને છતાં સંવાદી પાસાંઓ હતાં ! મળતાવળાપણું અને અતડાપણું, વહીવટી કાર્યકુશળતા અને નિષ્ઠાવાન સનદી અધિકારીની કડકાઈ, રાજનૈતિક કૌશલ્ય અને સર્વસત્તાવાદના વિરોધી, દૈનંદિન વ્યવહારના નિષ્ણાત અનુયાયી અને મૂલ્યોના પાકા સંરક્ષક, મૌલિક વિચારક અને નિષ્ઠાવાન, કર્મશીલ. એમના જીવન અને વ્યક્તિત્વને જાણવું અને સમજવું એટલે જીવનને સજ્જ અને સમૃદ્ધ કરાવતો અનુભવ પ્રાપ્ત કરવો.

એમના જીવન ઉપર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે, એમનો કેરિયરગ્રાફ એકદમ ઝડપથી ઉપર જતો દેખાય છે. ૮૯ વર્ષના આયુષ્યમાં ૧૬ વર્ષની વયે લગ્ન કરી ગૃહસ્થ થયા. ૨૨મા વર્ષે IASથયા. ૨૩મે વર્ષે સિંધ પ્રાંતના લારખાના ખાતે સુપરન્યુમરી કલેક્ટર થયા. ૨૪ થી ૩૦ની ઉંમર સુધીમાં મદદનીશ કલેક્ટર, સબડિવિઝનલ કલેક્ટર, કલેક્ટર અને ડિસ્ટ્રિક મેજિસ્ટ્રેટ બની સેવાઓ આપી. ૩૧મે વર્ષે સિંધ સેપરેટર ઑફિસર તરીકે ૩૨મા વર્ષે મુંબઈ સરકારના નાણાંવિભાગમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે અને મૉરિસન સ્ટોક એક્ષચેન્જ ઈન્કિવાયરી કમિટીના સેક્રેટરી તરીકે સેવાઓ આપી. ૩૩મે વર્ષે ઉત્તર યુરોપમાં ભારતના ટ્રેડ સેક્રેટરી, ૩૪મા વર્ષે પાંચ રાષ્ટ્રોના સમૂહમાં પુરવઠા ખાતાના ભારતના ડેપ્યુટી સેક્રેટરી, ૩૯મા વર્ષે ભારત સરકારમાં ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ! અઢાર વર્ષમાં ક્યાંના ક્યાં પહોંચી ગયા હતા !

**એમનું વ્યક્તિત્વ :**

એમની પ્રકૃતિ ધીરગંભીર વ્યક્તિની હતી. સામાન્યતઃ ઓછાબોલા પણ જરૂર પડ્યે આખાબોલા હતા. એમના સ્વભાવમાં મૃદુતા અને ખેલદિલીનો મીઠો સમન્વય હતો. સચ્ચાઈ અને સંનિષ્ઠા એમનાં વાણી અને વર્તનના સ્થાયી ભાવો હતા. કુશાગ્રબુદ્ધિ ધરાવતા વિચારશીલ વિદ્વાન હતા. સ્વસ્થ અન શાણા સંસ્કારપુરુષ હતા. શ્રી કનૈયાલાલ મુનશીના મત મુજબ તેઓ જન્મજાત એક્ઝીક્યુટીવ હતા, અને એ પણ ઘણા હિંમતવાન અને ચતુર. આરંભેલા કાર્યનું પરિણામ હાંસલ કરવા માટે આતુર હોવાને કારણે લોકોને તેઓ ક્યારેક તુમાખીવાળા લાગતા હતા. મીતભાષી હતા તેથી લોકોને મળતાવળા લાગતા ન હતા. લોકો એમની પાસે કે નજીક જતાં અચકાતા, પરંતુ એમના જે મિત્રો હતા, એમને માટે તેઓ ખૂબ પ્રેમાળ, વત્સલ અને તેમની હિતચિંતા રાખનારા હતા. દીર્ઘ કાર્યાનુભવ અને વાચનવિચારની સજ્જતાને કારણે તેઓ ઘણા રીસોર્સફૂલ હતા. વિચારની સ્પષ્ટતા અને એને અભિવ્યક્ત કરવાની પૂરી ક્ષમતાને કારણે તેઓ ઊહાપોહમાં તથા ચર્ચા વિચારણામાં હમેશાં અપરાજિત રહેતા.

બાવીસમે વર્ષે IAS થયેલા આ સજ્જન વીસ વર્ષોમાં એટલે કે એમની ૪૨ વર્ષની ઉંમરે જૉઈન્ટ કૅબિનેટ સેક્રેટરી અને એકવીસ વર્ષમાં કૅબિનેટ સેક્રેટરીના ઉચ્ચ હોદ્દા સુધી પહોંચી ગયા હતા. સન ૧૯૪૭માં પોતાની ૪૩ વર્ષની ઉંમરે એમણે એક સાથે અનેક અત્યંત મહત્ત્વની

જવાબદારીઓ નિભાવી હતી, જેમાંની કોઈ એક જવાબદારી પણ ગમેતેવા કાબેલ અધિકારી માટે પણ બહુ મોટી ગણાય, ત્યારે એમણે તો એક સાથે અનેક મોટી જવાબદારી પૂરી નિષ્ઠા અને નિસ્બત સાથે ઊઠાવી હતી અને કુશળતાથી બજાવી હતી. એ વખતે તેઓ કેબિનેટ સેક્રેટરી તો હતા જ, ઉપરાંત, ઍસ્ટાબ્લિસમેન્ટ ઑફિસર, રેફ્યુઝીસના રિહેબિલીટેશનની સેન્ટ્રલ કમિટીના સભ્ય, રાજધાની દિલ્હીની કથળી ગયેલી કાયદો અને વ્યવસ્થાની પુનઃસ્થાપના માટેની દિલ્હી કમિટીના એક્ઝિક્યુટીવ હૅડ, હિંદુસ્તાન અને પાકિસ્તાન બે રાષ્ટ્રો વચ્ચે એસેટ્સ અને લાયબેલિટીઝની વહેંચણી કરવાની પાર્ટીશન કાઉન્સિલના ચીફ – એમ એટલી બધી મોટી જવાબદારીઓ એકસાથે પૂરી સફળતાથી એમણે નિભાવી હતી. એ સંક્રાન્તિકાળમાં રોજ રોજ એટલી બધી ઘટનાઓ બનતી હતી કે એ હેક્ટીક દિવસોમાં સરકારી અધિકારીઓ પોતાની કમ્મરતોડ જવાબદારીઓમાં પરોવાયેલા, ખેંચાયેલા અને થાકેલા રહેતા હતા. ત્યારે શ્રી પટેલસાહેબ વણથાક્યે વણકાર્યે એકસાથે આટલી બધી જવાબદારીઓ ઉઠાવી અને કુશળતાથી પાર પાડી હતી.

તેઓ જ્યારે પાર્ટીશન કાઉન્સિલમાં ભારતના પ્રતિનિધિ તરીકે કામ કરતા હતા ત્યારે એમના કાઉન્ટર પાર્ટરૂપે પાકિસ્તાનના મહમદ અલી ચૌધરી હતા. વિખૂટા પડતાં બે રાષ્ટ્રોના એ બે પ્રતિનિધિઓ હતા, એવે વખતે અન્યોન્યની એકમેક તરફની માનસિકતા કેવી હોય? પરંતુ શ્રી પટેલ સાહેબના એ કમિટીમાં વિચાર, ઉચ્ચાર અને આચાર એવા હતા કે મહમદ અલી ચૌધરીને પણ એમના માટે ઘણો આદર હતો! ભારત અને પાકિસ્તાનના સભ્યો વડે બનેલા એ પ્રતિનિધિમંડળે બહુ સંવાદિતા સાથે કામ કર્યું તેના મૂળમાં તથા એવી સાત બાબતે, જે ઘણી વિવાદાસ્પદ અને ઉકેલવી, સભ્યો તો ઠીક પણ ખુદ લોર્ડ માઉન્ટબેટન પણ અઘરી સમજતા હતા, તે બધી બાબતે માત્ર પચ્ચીસ મિનિટોમાં ઉકેલાઈ ગઈ હતી, તેનાં મૂળમાં શ્રી પટેલસાહેબની સૂઝબૂઝ અને દૂરંદેશી મુત્સદ્દીગીરી હતી.

સન ૧૯૪૭ની ત્રીજી જૂને દેશના ભાગલા કરવાનું અને બંને રાષ્ટ્રોને આઝાદી આપવાનું નક્કી થઈ ગયું હતું, પરંતુ પછીના દસ-બાર દિવસમાં બેય રાષ્ટ્રો વચ્ચે ઍસેટ્સ, લાયબેલિટીઝ તથા લશ્કરી અને વહીવટી દળોની વહેંચણીનું કામ બાકી હતું, પ્રચંડ હતું. એવું લાગતું હતું કે એ બધાં કામો નિર્ધારિત સમય મર્યાદામાં ઉકેલી શકશે નહીં, પરંતુ શ્રી મહમદઅલી ચૌધરી અને અન્ય સહયોગીઓ પાસેથી કેવી રીતે કામ લેવું તે શ્રી પટેલસાહેબ સારી રીતે જાણતા હતા. એ સમયે એમણે ઓર્ગેનાઈઝ અને ઈન્સ્પાયર કરવાની શક્તિ ઉત્તમોત્તમ કક્ષાએ દાખવી હતી. એ વખતે એમણે પોતાનું દૈવત અને કૌવત પૂર્ણપણે પ્રગટ કર્યું હતું. એમને નીચેના અધિકારીઓ દ્વારા માહિતીઓ અને અહેવાલો મળ્યા કરતા હતા, પરંતુ તેઓ કેવળ એમની ઉપર નભતા ન હતા, પોતાની સમજણ અને સાવધાનીનો ઉપયોગ કરતા હતા. રાષ્ટ્ર, લોકશાહી અને પ્રજા પરત્વેની પોતાની કર્તવ્યનિષ્ઠા જાળવી, પ્રત્યુત્પન્ન મતિ વડે અત્યંત મહત્ત્વના નિર્ણયો લેતા રહ્યા હતા. એ નિર્ણયો લેવામાં કે એમનો અમલ કરવામાં તેઓ ક્યારેય થોથવાયા નહીં કે થાક્યા નહીં. એ કુશળ વહીવટકર્તા કેવો હોય તેનું તેમણે દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું. કેમકે વહીવટકર્તા તરીકે તેમની ખ્વાહિશ રહેતી ગૂંચવણ વગરનું અમલીકરણ અને તરત જ પ્રાપ્ત કરવાની.

આઝાદી પ્રાપ્ત કરવાના વર્ષોમાં રાષ્ટ્ર ઉગ્ર કસોટીમાંથી પસાર થઈ રહ્યું હતું. સરકારનું અને વહીવટનું જૂનું તંત્રમાળખું વિખેરીને રાષ્ટ્ર માટે નવું તંત્રમાળખું રચવાનું હતું. એ વખતે પોલિટીકલ વિઝન અને જજમેન્ટની સાથે ઉત્કૃષ્ટ પ્રકારનું વહીવટી નેતૃત્વ, વૈચારિક સ્પષ્ટતા, નિર્ણયમાં ત્વરિતતા રાષ્ટ્રહિતની જાળવણી સમર્પિત ટીમવર્ક અને વારંવાર સમજાવ્યા બાદ પણ જેઓ અવારનવાર ફરી બેસતા હતા, તેવા લોકો સાથે સૌહાર્દભર્યા સંબંધો જાળવી રાખવાની ક્ષમતા-વગેરે ગુણો જરૂરી હતાં. રાષ્ટ્રની આ સ્ટ્રગલ વખતે શ્રી પટેલસાહેબનું આવા ગુણયુક્ત વહીવટી અધિકારી તરીકેનું યોગદાન અસાધારણ કક્ષાનું અને મૂલ્યવાન હતું. આઝાદી વખતે એવાં કેટલાંક ક્ષેત્રો હતાં જે પોતાનાં કાર્ય અને ક્ષેત્રની બાબતમાં ઑવરલેપ થતાં હતાં. એમની વચ્ચે ભેદરેખા આંકી એમને સ્વતંત્ર અને સક્ષત્ર કરવાની બાબત ઘણી ગૂંચવણભરી અને મુશ્કેલ હતી. એવે વખતે એ બધી બાબતો હાથ ધરીને કુશળતાપૂર્વક એનો નીવેડો લાવતી વખતે શ્રી પટેલસાહેબે જે કાબેલિયત, બિરાદરી, મક્કમતા, વફાદારી, નિસ્વાર્થતા અને શિસ્ત જેવા ચારિત્ર્યગુણો દાખવ્યાં, એની ખાસ નોંધ લેવાવી જોઈએ.

દેશના ભાગલા પછી, પોતાનાં દુઃખદર્દ અને આઘાતોના પોટલાઓ સાથ સેંકડો હિજરતીઓ દિલ્હીમાં ઠલવાઈ રહ્યા હતા. રાજધાની દિલ્હી એ વખતે અરાજકતામાં ધકેલાઈ જવાની સ્થિતિ હતી. બે-ત્રણ દિવસ તો દિલ્હી સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારથી કપાઈ ચૂક્યું હતું. રોજિંદો જીવનવ્યવહાર અને કારોબાર ઠપ થઈ ચૂક્યાં હતાં. પ્રજા અસલામત હતી. દિલ્હીની આ અવ્યવસ્થાને કેવી રીતે થાળે પાડવી એ યક્ષપ્રશ્ન બની ગયો હતો. એ વખતે એ

સ્થિતિ ઉપર કેવી રીતે કાબૂ મેળવી લેવો એ માટે શ્રી પટેલસાહેબે એક પ્લાન ઘડી કાઢી અને વાઈસરૉયને આપ્યો. એ અનુસાર લૉર્ડ માઉન્ટબૅટને સી.એચ. ભાભાના અધ્યક્ષપણા હેઠળ એક કેન્દ્રીય સમિતિ નિયુક્ત કરી. એની પાછળ પણ દોરવણી શ્રી પટેલસાહેબની હતી. તેમણે કૅબિનેટ સેક્રેટરી તરીકે ગવર્નમેન્ટના તમામ વિભાગો વચ્ચે સુમેળ અને સહકાર ગોઠવ્યો. બધાં ખાતાઓમાંથી ચુનંદા અધિકારીઓને ચૂંટી કાઢીને એમને એ મુશ્કેલ કામ ઉકેલવામાં કામે લગાડી દીધા હતા. ઘણાને એમ લાગતું હતું કે ભારત સ્વાતંત્ર્યને સાચવી નહીં શકે, પરંતુ એ સમિતિએ બે અઠવાડિયામાં સમગ્ર પરિસ્થિતિને કાબૂમાં લઈ લીધી હતી અને એક માસમાં તો રાજધાની દિલ્હી રાબેતા મુજબ થઈ ગયું.

એ બધું શક્ય બન્યું હતું શ્રી પટેલસાહેબની કુનેહ અને કાર્યદક્ષતાને કારણે. સાચો પબ્લિક સર્વન્ટ કેવો હોય તેનું ઉત્તમ ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું હતું. આવો પબ્લિક સર્વન્ટ સત્તા કે સંપત્તિ પાછળ નથી હોતો. કોઈની ફેવર કે ફિકર કર્યા વગર પોતાને મળેલી પ્રજાની સેવા કરવાની તકમાં સંતોષ માનતો હોય છે. પોતાને જે પોઝીશન મળી હોય છે તેમાં પોતાની જ્ઞાન અને અનુભવની સમૃદ્ધિ તથા કાર્યદક્ષતા રેડીને, લોકશાહી મજબૂત કરવાની ખેવના રાખતો હોય છે. આ વાત, પોતાની વહીવટી અમલદાર તરીકેની દીર્ઘ કારકિર્દી દરમ્યાન વ્યક્તિગત સ્વાર્થ, કૌટુંબિક હિતો જાળવવા કરવામાં આવતા પક્ષપાત અને ભ્રષ્ટ આચારથી સદંતર મુક્ત રહીને શ્રી પટેલસાહેબે યથાયોગ્ય રીતે પુરવાર કરી છે. તેમણે પરતંત્ર અને સ્વતંત્ર ભારતદેશના એક ઉત્તમ વહીવટકર્તા તરીકે મહામૂલ કામગીરી બજાવી હતી. એમણે પોતાનાં ચારિત્ર્યબળ (સ્ટ્રેન્થ ઑફ કેરેક્ટર) અને ફરજનિષ્ઠા (સેન્સ ઑફ ડ્યૂટિ) વડે માત્ર આપણા રાષ્ટ્રને ખડું કરવાનું કાર્ય જ નથી કર્યું; સાથોસાથ વ્યક્તિગત માન સન્માન પણ ખૂબ મેળવ્યાં હતાં. ખુદ લૉર્ડ માઉન્ટબેટને એમના ડેડિકેશન અને પેટ્રિઓટિક ડિવોશનની ભારોભાર પ્રશંસા કરી હતી. એમના એક સહકાર્યકર્તા શ્રી વી. પી. મેનને તો ત્યાં સુધી કહ્યું હતું કે 'ભારતે IAS ઘણા મહાન અધિકારીઓ પેદા કર્યા છે પરંતુ એ સૌમાં H.M. Patel એમાંની એક ઉત્તમોત્તમ પ્રોડક્ટ હતા, એમ વિના સંકોચ અને વિના વિરોધે હું કહી શકું છું.'

શ્રી પટેલસાહેબના વ્યક્તિત્વનું બીજું પાસું ઉત્તમ પ્રબંધક તરીકેનું છે. ૩૯ વર્ષની ઉંમરે તેઓ ભારત સરકારમાં ડાયરેક્ટ જનરલ ઑફ સપ્લાય તરીકે નિમાયા હતા. બીજા વિશ્વયુદ્ધના એ દિવસો હતા. અન્ન, વસ્ત્ર અને આવાસ-એ ત્રણેયની અછત હતી. એ અંગે કોઈ વિદ્રોહ ન જાગે એ માટે એમણે પુરવઠા સચિવ તરીકે ભાવ નિયંત્રણના કાયદાઓ ઘડાવીને બહુ મહત્ત્વની કામગીરી બજાવી હતી. સંરક્ષણ મંત્રાલયમાં સચિવ તરીકે મૂકાતાં દેશને સંરક્ષણની દૃષ્ટિએ મજબૂત કરવા શસ્ત્ર ઉત્પાદનના ક્ષેત્રમાં હિન્દુસ્તાન ટૂલ્સ ઊભું કરીને જરૂરી પ્રબંધ કર્યો હતો. પછીનાં છ વર્ષો દરમ્યાન અન્ન અને કૃષિસચિવ તરીકે કાર્ય કરતાં એવી નીતિઓ એમણે તૈયાર કરાવી હતી, જેથી ગ્રામોદ્ધાર થાય, ખેતીઉત્પાદન વધે અને અર્થતંત્ર ગતિશીલ રહે, પચાસમા વર્ષે નાણામંત્રાયલયમાં સચિવ તરીકે કામ બજાવતાં વીમાક્ષેત્રે ચાલતી અનીતિઓ અને ગેરરીતિઓને ડામવા જીવન વીમા કંપનીનું રાષ્ટ્રીયકરણ કરાવ્યું હતું. દેશના અર્થતંત્રને સુયોગ્ય માર્ગે વાળવા ભારતીય એમ્પીરીયલ બેન્કના રાષ્ટ્રીયકરણની વ્યવસ્થા કરાવી હતી. રૂપિયા આના અને પાઈના રાષ્ટ્રીય ચલણની ગહાતરીમાં પડતી અગવડો દૂર કરવા ભારતીય ચલણનું દશાંશીકરણ પણ એમણે કરાવ્યું હતું.

એક પ્રબંધક તરીકે એમની ઉત્કૃષ્ટ કાર્યશક્તિનું દર્શન બે પ્રસંગે જોવા મળે છે. દેશના ભાગલા બાદ પાકિસ્તાની ઘૂસણખોરો છેક જમ્મુ-કાશ્મીરમાં ઘુસી જઈ આતંક મચાવી રહ્યા હતા ત્યારે સરદાર પટેલની સૂચનાથી એમણે કેવળ અડતાલીસ કલાકમાં જમ્મુ-કાશ્મીરમાં લશ્કરી કુમક અને જરૂરી સંસાધનોનો પુરવઠો પહોંચાડવા માટે સિવિલ સપ્લાય, મિલિટરી, રિઝર્વ પોલીસફોર્સ અને જમ્મુ-કાશ્મીરની ઍરપોર્ટ ઑથોરિટી સાથે સુમેળ સાધીને સહાય અને કુમક પહોંચાડવા માટે જે પ્રબંધ કર્યો હતો તે તેઓ જ કરી શકે એવી અઘરી અને વિરલ કાર્યવાહી હતી, તેમાં તેઓ પૂરેપૂરો સફળ પુરવાર થયા હતા.

એ જ રીતે હૈદરાબાદ નિઝામ સ્ટેટ સામે જ્યારે સરદાર પટેલે પોલીસ ઍક્શનનો નિર્ણય લીધો ત્યારે એ વખતની દેશની અને હૈદરાબાદની સ્થિતિ તથા મુલ્કી અને મિલિટરી તંત્રોની સ્થિતિ જોતાં, એ મિશન પાર પાડવું ઘણું કઠીન હતું, કેમકે એ વખતે હૈદરાબાદની સરહદો મુંબઈ, મધ્યપ્રદેશ અને મદ્રાસ એમ ત્રણ રાજ્યોને અડીને આવેલી હતી. હૈદરાબાદમાં જે પોલીસ ઍક્શન લેવાય તેની હૈદરાબાદમાં કે એ રાજ્યોનાં કોઈને પણ સહેજે જાણકારી ન થાય, કોચી દાવાનળ સળગી ન ઊઠે, હૈદરાબાદનાં બાગી તંત્રો અને અધિકારીઓ પ્રજાના જાનમાલને નુકશાન ન પહોંચાડે, કે દેશ છોડીને ભાગી ન જાય – એ બધી વાતોની તકેદારી રાખવાની હતી. એ અત્યંત મુશ્કેલ કામગીરી પાર પાડવા કોને પોલિટિકલ એજન્ટરૂપે અને કોને લશ્કરી

તંત્રના વડા તરીકે મોકલવા ત્યાંથી માંડી આખું મિશન ગુપચુપ જરાય મુશ્કેલી વગર સરળતાથી પાર પડે, એ માટે એમણે જરૂરી તમામ વાતો ધ્યાનમાં રાખી પ્રબંધ કર્યો હતો, એ બિના બીજા પ્રસંગ તરીકે નોંધવા લાયક છે.

હવે એમની વ્યવસ્થાપન કુનેહનાં ઉદાહરણો જોઈએ. આઝાદી વખતે દેશમાં ૫૬૫ જેટલાં દેશી રજવાડાંઓ હતાં. એમની ટૂંકી દૃષ્ટિ અને અલ્પ સમજને કારણે એ બધાંને ભારતીય પ્રજાસત્તાક સંઘમાં ભેળવવાની કામગીરી મોટા પડકાર સમી હતી. સરદાર પટેલને એ વખતે નાયબ વડાપ્રધાન પદ ઉપરાંત ગૃહખાતું તો સોંપાયયેલું હતું જ, ઉપરાંત આ રજવાડાઓનું સંઘમાં વિલીનકરણ કરવા રિયાસતી ખાતું પણ સોંપાયેલું હતું. આ ભગીરથ મિશન હતું. આપણે સૌ જાણીએ છીએ તેમ સરદાર પટેલ એ પાર પાડવામાં અસાધારણ રીતે સફળ રહ્યા હતા. એની પાછળ શ્રી વી. પી. મેનન અને શ્રી વી. શંકર જેવા અધિકારીઓ ઉપરાંત શ્રી પટેલસાહેબનો પણ ફાળો હતો. ક્યાં કઈ યુક્તિ અને પેરવી કામ લાગશે, કોની જોડે કેવી રીતે, ક્યારે, કેમ કામ પાડવું અને ધ્યેય હાંસલ કરવું એની યોજના અને એનું વ્યવસ્થાપન શ્રી પટેલસાહેબ કરતા હતા. તેથી તો તેઓ શ્રી સરદાર પટેલના અત્યંત વિશ્વાસુ બની રહ્યા હતા.

પંચાવનમા વર્ષે સરકારી નોરકીમાંથી નિવૃત્ત થતાં જ વલ્લભ વિદ્યાનગરમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષની જવાબદારી સંભાળી. અનેક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના, વ્યવસ્થા અને વિસ્તરણની કામગીરી હાથ ઉપર લઈ વિદ્યાનગરમાં અઢાર સ્કૂલ-કૉલેજોની અને આઠ હૉસ્ટેલ્સની સ્થાપના કરી. સ્કૂલ-કૉલેજોના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓના નિવાસ માટે અગિયાર રેસિડેંશિયલ ક્વાર્ટસ બ્લોક બનાવ્યા. ઍજ્યુકેશનલ ટાઉનશિપ બનતાં વિદ્યાનગરને વલ્લભભાઈના નામ સાથે સાંકળી. વળી, આ વિદ્યાધામમાં ભણેલા કે ભણતાં વિદ્યાર્થીઓને તથા સેવા આપતા કર્મચારીઓને તબીબી સારવાર મળી રહે એ માટે ગોકલનગર ખાતે શ્રીકૃષ્ણ હૉસ્પિટલ અને શ્રી પ્રમુખસ્વામી મેડિકલ કૉલેજની સ્થાપના કરી તેમ જ વિદ્યાનગરમાં વસતા પરિવારના સભ્યોને નોકરી-ધંધાની અનુકૂળતા થાય એટલા માટે શ્રી વિઠ્ઠલભાઈને નામે ઉદ્યોગનગરની સ્થાપના કરી અને એ ઉપરાંત ચારુતર ગ્રામોદ્ધાર મંડળ અને ચારુતર આરોગ્યમંડળની સ્થાપનાઓ કરી. એ ઉપરાંત શ્રી વિઠ્ઠલભાઈ અને શ્રી વલ્લભભાઈ એ બંને ભાઈઓની સ્મૃતિ કાયમ સચવાઈ રહે એ માટે એમના મેમોરિયલની સ્થાપના કરી. સરદારનાં જીવન અને કાર્યનું પ્રતિનિધાન કરતી ફિલ્મ બનાવવા માટે ફિલ્મ ફાઉન્ડેશનની સ્થાપના કરી અને ફિલ્મનિર્માણ પણ કર્યું. સરદારની સ્મૃતિ રાજધાની દિલ્હીમાં પણ જળવાઈ રહે એ માટે ત્યાં ગુજરાત એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરવા ઉપરાંત સરદાર પટેલના નામવાળી સ્કૂલ અને એક વ્યાખ્યાનમાળાનો પણ એમણે આરંભ કર્યો. એ ઉપરાંત એમણે ગુજરાત વિદ્યુત બોર્ડ, ગુજરાત સ્ટેટ ફર્ટિલાયઝર કાું.ના બોર્ડ, હિંદુસ્તાન તેલીબિયાં ઉત્પાદક સંઘ, સરદાર પટેલ રિન્યુએબલ એનર્જી રીસર્ચ ઈન્ટિટયૂટ (સ્પ્રેરી), જ્યોતિ સૉલર એનર્જી ઈન્સ્ટિટયૂટ, સસ્તું સાહિત્ય ટ્રસ્ટ, કેળવણી મંડળ, ધર્મજ, સરસ્વતી કેળવણી મંડળ, અમદાવાદ, વેધશાળા અમદાવાદ, લોટસ હૉસ્પિટલ ટ્રસ્ટ, મુંબઈ, લોટસ આયુર્વેદિક રીસર્ચ એન્ડ હૉસ્પિટલ ટ્રસ્ટ વગેરે સંસ્થાઓના અધ્યક્ષ તરીકે પણ નમૂનેદાર કામગીરી બજાવી હતી. આ ઉપરાંત એમણે ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ ઈલિનોમિક્સ અને રીસર્ચ સંસ્થામાં ઉપાધ્યક્ષ તરીકે, સરદાર મેમોરિયલ ટ્રસ્ટ, કરમસદ, મોડાસા કેળવણી મંડળ, મોડાસા અને ગુજરાતી સાહિત્ય પરિસદ, અમદાવાદમાં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી હતી. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરની એકેડેમિક કાઉન્સીલ, સેનેટ, સિન્ડિકેટનું ફાઈનાન્સ કમિટી અને બોર્ડ ઑફ સ્પોર્ટસમાં તેમજ એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટરમાં પણ પોતાની મૂલ્યવાન સેવાઓ આપી હતી. એક કુશળ પ્રબંધક તરીકે કાર્ય કરવું એટલે જ તે સંસ્થાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડૅવલપમેન્ટ, રેવન્યૂ જનરેશન, વેલ્થ મેનેજમેન્ટ, ગુડ ગવર્નન્સની જવાબદારીઓ ઉઠાવવી. પોતાની હોંશિયારી, કાબેલિયત અને દીર્ઘકાલીન અનુભવસમૃદ્ધિ વડે આ બધી સંસ્થાઓને દૃષ્ટિવંત નેતૃત્વ તો એમણે પૂરું પાડ્યું જ, ઉપરાંત એનાં સંવર્ધન અને વિવર્ધનની કેટલીય જવાબદારીઓ ઉઠાવી જરૂરી પ્રબંધો કર્યા હતા. કોઈ એક કર્મઠ અને દૃષ્ટિવાન પ્રજા સેવક એકલે હાથે કેટલી બધી સંસ્થાઓના માર્ગદર્શક અને નેવીગેટર બની શકે એનું એમણે દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

ગુજરાતી વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ તરીકે અને ગુજરાત ખેડૂતસંઘના અધ્યક્ષ તરીકે પણ એમણે બેનમૂન કામગીરી બજાવી હતી. ભારતીય વન્યજીવન બોર્ડના અને પ્રોજેક્ટ ટાઈગરની સ્ટીઅરીંગ કમિટીના અધ્યક્ષ તરીકે પણ એમણે કામગીરી બજાવી હતી. રાષ્ટ્રીય કક્ષાએ અત્યંત ઉચ્ચ કક્ષાના જેમણે હોદ્દાઓ ધારણ કર્યા હતા એવા એમણે વલ્લભ વિદ્યાનગરની ગ્રામપંચાયતના સરપંચ તરીકે, નિવૃત્તિ પછી, કામગીરી બજાવવામાં સહેજેય નાનપ અનુભવી ન હતી. આમ કેટલી બધી શૈક્ષણિક અને સામાજિક સાર્વજનિક સંસ્થાઓના

સર્જક, સંવાહક અને સંવર્ધક તરીકેની એમણે બજાવેલી કામગીરી એમની વ્યવસ્થાપક તરીકેની વ્યક્તિતાનો ખ્યાલ આપે છે.

જીવનના ઘણા વર્ષો સનદી અધિકારી તરીકેની કામગીરી બજાવ્યા પછી દેશહિતની ભાવના અને લોકશાહી મૂલ્યોના જતનની ખેવનાથી એમણે રાજકારણના ક્ષેત્રમાં પણ પ્રવેશ કર્યો હતો. શ્રી ભાઈલાલ પટેલ ઉર્ફે શ્રી ભાઈકાકા સાથે મળીને એમણે સ્વતંત્રપક્ષની સ્થાપના કરી હતી. પ્રથમ એના મંત્રી તરીકે અને પછી રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારીઓ પણ એમણે અદા કરી હતી. ગુજરાતના બૌદ્ધિકોને એકઠાં કરીને 'નિરીક્ષક' નામનું વિચારપત્ર શરૂ કરાવી ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રના મુખ્ય પ્રશ્નો વિશે ચર્ચાવિચારણા અને ઊહાપોહ માટેનું મુક્ત પ્લૅટફોર્મ પણ એમણે ઊભું કરી આપ્યું હતું. સન ૧૯૭૫માં તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી (ઈમરજન્સી) દાખલ કરી, આપખુદ શાસન દ્વારા ભય અને આતંકનું વાતાવરણ સર્જ્યું હતું ત્યારે લોકસભામાં એની સામે વિરોધ કરનારા જૂથનું નેતૃત્વ લઈને, જેલવાસનો ડર રાખ્યા વગર, લોકશાહી મૂલ્યોના જતન માટે પૂરી તાકાતથી તેમણે પ્રયાસો કર્યા હતા.

સન ૧૯૭૭માં સાબરકાંઠાની સંસદની બેઠક ઉપરથી ચૂંટણી લડી, એમાં વિજય મેળવી તેઓ સાંસદ બન્યા હતા. પછી મોરારજી દેસાઈની મોરચા સરકારમાં નાંણાપ્રધાન તરીકેની જવાબદારી તેમણે નિભાવી હતી. ટૂંકા ગાળાની એ કામગીરી દરમ્યાન એમણે આર્થિક ફુગાવા પર અંકુશ મેળવવાની બેફામ વધતા જતાં ચીજવસ્તુઓના ભાવનિયંત્રણની અને અનાજના ઝોનની વ્યવસ્થાથી જે હાલાકી પડતી હતી તે દૂર કરવા ઝોના નાબૂદીની યશસ્વી કામગીરી બજાવી હતી. ત્યારબાદ ગૃહપ્રધાન તરીકેની જવાબદારી અદા કરતાં પોલીસતંત્રના બળવાને યથાયોગ્ય રીતે શાંત કરી દેવાની તથા દેશમાં કાયદા અને ન્યાયની વ્યવસ્થા દઢીકરણની બહુમૂલ્ય સેવા બજાવી હતી. ઊગીને ઊભા થતાં આપણા લોકશાહી પ્રજાસત્તાકના ઊગમકાળે આપણી વચ્ચે આવા એક સમર્પિત કર્મશીલ અધિકારી અને દેશદાઝવાળા નેતારૂપે આપણને તેઓ પ્રાપ્ત થયા હતા, એ દેશનું સદ્ભાગ્ય હતું.

નવ દાયકાનું એમનું જીવન અનેક ક્ષેત્રોમાં નિરંતર નવી અને નક્કર કામગીરીમાં નોંધપાત્ર રીતે પસાર થયું. પોતાના જીવનની પળેપળનો ઉજ્જ્વળ હિસાબ તેમણે આપ્યો. સંખ્યાબંધ સિદ્ધિઓ એમણે હાંસલ કરી. તેઓ ખરા અર્થમાં અથક અને અણ જીવનવીર હતા. એક ઉમદા સંસ્કારી સજ્જન, ઉદ્યમશીલ નરરત્ન, અને ઊંચા ગજાના કર્મઠ માવની તરીકેની કીર્તિ એમણે સંપાદિત કરી છે. જે સુદીર્ઘ અને સેવાસમૃદ્ધ જીવન તેઓ સફળતાથી જીવી ગયા, એવા માનવીઓ આજે કેટલા? આવા કેલિબર, કમિટમેન્ટ અને કન્વિક્શનવાળા રાષ્ટ્રસેવકના જીવનમાંથી એમના જેવી મતિ અને શક્તિ પ્રાપ્ત કરવાની પ્રેરણા આજે સૌ કોઈ મેળવવા ઈચ્છે અને મથે એમાં જ એમનું સાચું તર્પણ છે અને આપણો ભલીવાર છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 09727333000
વલ્લભ વિદ્યાનગર

# ભાવનાયોગ દ્વારા રૂપાંતર

ભાણદેવ

**મા**નવચિત્તમાં અસાધારણ સામર્થ્ય છે. માનવી પોતાના ચિત્તના સામર્થ્યથી આ પૃથ્વીના ગોળાને બદલી શક્યો છે, તો માનવી શું પોતાના ચિત્તના સામર્થ્યથી પોતાના જીવનને ન બદલી શકે?

જૈન ધર્મમાં પોતાના ચિત્તના ચિંતન દ્વારા જીવનનું રૂપાંતર કરવાની સાધના છે અને તે છે જૈન ભાવના-યોગ!

ભવ્ય વસ્તુ, વ્યક્તિ કે વિચાર સાથે તન્મય બની જવું, એકાકાર થઈ જવું તે ભાવના છે. ભાવના દ્વારા ભાવ્યના ગુણો ભાવકમાં આવે જ છે.

ભાવનાના સામર્થ્યનો આધાર આ ત્રણ પરિબળો પર છે.

૧. ભાવકની ભાવનામાં શ્રદ્ધા

૨. ભાવકની ભાવનામાં તન્મયતા

૩. વિરોધી ભાવનાનો ઈન્કાર.

હવે આપણે જોઈએ કે આ બાર અને ચાર ભાવનાઓ ભાવકના જીવન પર કેવી અને કઈ રીતે અસર કરે છે.

**૧. અનિત્ય ભાવના :**

અનિત્ય ભાવના એટલે શું?

આત્મા સિવાયનું બીજું બધું જ અનિત્ય છે, ક્ષણભંગુર છે, નાશવંત છે – આવો દઢનિશ્ચય અને તદ્નુરૂપ ચિંતન તે અનિત્ય ભાવના છે. ગ્રીસનો મહાન વિજેતા સિકંદર વિશ્વવિજય માટે

નીકળતાં પહેલાં ગ્રીસના એક સંત ડાયોજિનિસ પાસે આશીર્વાદ માટે જાય છે. ડાયોજિનિસ પૂછે છે –

''વિશ્વવિજય કરીને પછી શું કરીશ?''

''મહેલ બાંધીને શાંતિથી રહીશ''.

''તો અત્યારથી જ શાંતિથી રહે ને !

શાંતિથી રહેવા માટે વિશ્વવિજય કરવાની જરૂર નથી.''

સિકંદરે સંતની શિખામણ માની નહિ. તે વિશ્વવિજય માટે નીકળ્યો અને આપણે જાણીએ છીએ કે સિકંદર વિશ્વવિજય કરીને પાછો ગ્રીસ પહોંચ્યો જ નહિ. રસ્તામાં બેબિલોનમાં જ મૃત્યુ પામ્યો. અંતિમયાત્રા વખતે બંને હાથ ખૂલ્લા રખાવ્યા હતા. જાણે કહીને ગયો –

''ખાલી હાથે આવ્યો હતો અને ખાલી હાથે જાઉં છું. સાથે કાંઈ જ લઈ જતો નથી.''

અહીં આ વિશ્વમાં જે કાંઈ છે–કણથી માંડીને બ્રહ્માંડ સુધીનું તે બધું જ પાણીના પરપોટાની જેમ અનિત્ય છે, ક્ષણભંગુર છે.

આ અનિત્યભાવના છે.

અનિત્યભાવનાથી શું થાય છે?

આ અનિત્ય ભાવનાથી શરીર, ધન, મિલકત, પદાર્થો આદિ સંબંધી મમતા અને આસક્તિનું વિસર્જન થવા માંડે, આસક્તિનાં બંધનો ઢીલાં થવા માંડે છે. સંસાર પ્રત્યે અનાસક્તિ સિદ્ધ થાય એટલે નિત્ય સ્વરૂપી આત્માની પ્રાપ્તિ માટેની યાત્રા દૃઢ અને ત્વરિત બને છે.

સંસારાસક્તિ જ જીવને બાંધે છે અને આત્મજ્ઞાનની યાત્રામાં બાધારૂપ બને છે. અનિત્ય ભાવનાથી સંસારાસક્તિ વિસર્જિત થવા માંડે છે અને આત્મભાવ પ્રબળ બને છે. અધ્યાત્મયાત્રા સુકર બને છે. સંસાર પ્રત્યે વૈરાગ્ય ન આવે ત્યાં સુધી આત્મા પ્રત્યે યાત્રા ન થાય. અનિત્ય ભાવનાથી સંસાર પ્રત્યે વૈરાગ્ય સિદ્ધ થાય છે.

**૨. અશરણ ભાવના :**

આત્મા સિવાય કોઈ શરણ્ય નથી અને તેથી અહીં આ સંસારમાં આત્માને કોઈ શરણ્ય નથી, અર્થાત આત્માએ કોઈનું શરણ સ્વીકારવાનું નથી.

કોઈના દુઃખ કે સુખનું અન્ય કોઈ કારણ નથી અને દુઃખ, વેદના, વિટંબણા, ગરીબાઈ અને રોગ આદિ કોઈ કોઈના મટાડી શકે નહિ, લઈ શકે નહિ કે નિવારણ કરી શકે નહિ. માનવીનાં સુખ–દુઃખમાં કોઈ ભાગ પડાવી શકે નહિ.

પોતાની સુરક્ષા પોતાના આત્મભાવમાં છે, માટે તેનું જ શરણ લેવું અને અન્ય કોઈ વ્યક્તિ, પદાર્થ કે તત્ત્વનું શરણ લેવું નહિ – આ અશરણભાવનો મર્મ છે.

જે અનિત્ય છે તે અશરણ્ય છે અને આત્મા સિવાય સર્વ અનિત્ય છે, તો શરણ કોનું લેવું? આત્મા નિત્ય છે અને અન્ય સર્વ અનિત્ય છે, તો નિત્ય આત્મા અનિત્ય અનાત્માનો શરણ શા માટે ગ્રહણ કરે ?

જૈન ધર્મમાં વિશ્વના સુદ્રષ્ટા, સંચાલક એવા ઈશ્વરતત્ત્વનો સ્વીકાર નથી, તેથી અહીં ઈશ્વર પણ શરણ્ય નથી. એક જીવ માટે અન્ય જીવ પણ શરણ્ય ન બની શકે. કારણકે સૌને પોતાનાં કર્મબંધ છે. બદ્ધઆત્મા માટે મુક્તઆત્મા પણ શરણ્ય નથી. પોતાના માટે પોતે જ શરણ્ય છે.

ભગવાન બુદ્ધ પણ આ જ વાત કહે છે.

**आत्मदीपो भव ।**

''તું જ તારો દીવો બન.''

આ અશરણ ભાવનાથી શું થાય છે?

અનિત્ય ભાવનાથી સંસારમોહ ઢીલો પડે છે. તો હવે શું કરવાનું છે? તે આ અશરણભાવના શીખવે છે. અશરણ ભાવનાથી સાધક પોતાનું ઉત્તરદાયિત્વ સમજે છે. સાધક અધ્યાત્મ માટે આવશયક પુરુષાર્થ સાધના કરવા તત્પર થાય છે.

અનેકવાર એવું બને છે કે, સમર્પણ કે શરણભાવનાને કારણે પ્રમાદમાં કે અસાધનમાં સરી પડે છે. ભગવાન કે ગુરુ, બધું કરશે, આપણે કાંઈ કરવાનું નથી. આ પ્રકારની ખોટી ધારણાથી સાધક અકર્મણ્યતામાં સરી પડે તેવું જોખમ છે. અશરણભાવના દ્વારા પુરુષાર્થ માટેનાં દ્વાર ખૂલી જાય છે.

કોઈકનો આધાર સ્વપુરુષાર્થમાં બાધારૂપ બની શકે છે. કોઈ અન્યની છત્રછાયા જીવનવિકાસમાં બાધારૂપ બની શકે છે.

કોઈ કોઈનું નથી. કોઈ કોઈને કાંઈ મદદ કરી શકે તેમ નથી. કોઈ અન્ય આવીને મને મોક્ષ આપી દેશે એવી ભ્રમણામાં રહેવાની જૈન ધર્મ સ્પષ્ટ ના કહે છે. પુણ્ય અને પાપ પોતાનાં જ છે. માનવી જે છે અથવા જે નથી તે માટે તે પોતે જ જવાબદાર છે. માનવીને બાંધનાર કે મુક્ત કરનાર, પોતાની જાત સિવાય કોઈ નથી.

ડૂબવાનું કે બચવાનું પોતે જ છે. પોતાના પુરુષાર્થથી પોતે તરવાનું છે. પોતાના બળથી, પુરુષાર્થથી, સાધનાથી પોતે તરવાનું છે.

પોતાના જીવનની હોડીના સંચાલક ચલાવનાર નાવિક પોતે જ બનવાનું છે. પ્રત્યેક માનવી અ–નાથ છે, અ–શરણ છે.

જે માનવી અશરણભાવનાને યથાર્થ રીતે પચાવે તે માનવી પ્રમાદ નહિ કરે અને પ્રત્યેક ક્ષણે પુરુષાર્થશીલ રહેશે.

અધ્યાત્મપથ પર તું એકલો જ છે અને તારો મોક્ષ તારે

જાતે જ સિદ્ધ કરવાનો છે. આ અશરણ ભાવનાનો આદેશ છે.

આ આદેશ સાધકને પુરુષાર્થનું પ્રચંડ બળ આપે છે.

તારા જ પગે ચાલવા માંડ અને પહોંચી જા. આ અશરણ ભાવનાનો સંદેશ છે!

**૩. સંસારભાવના :**

સંસારભાવના એટલે સંસારના સ્વરૂપનું દર્શન અને તદ્નુરૂપ ચિંતન.

સંસારના સ્વરૂપનું દર્શન, યથાર્થ દર્શન કરવાથી સંસારના સ્વરૂપ વિશે ત્રણ હકીકતો સ્પષ્ટ થઈ જાય છે.

૧. સંસાર સતત પરિવર્તનશીલ છે. **सरति इति संसार ।** તદ્નુસાર આ સંસાર કાંઈ જ નિત્ય નથી, કશું જ સ્થાયી નથી. બધું જ સતત બદલાતું રહે છે. આજનો સુખી કાલે દુઃખી, આજનો રાજા કાલે રંક અને આજનો ધનવાન કાલે ગરીબ બની જાય છે. દિન-રાત, ઋતુચક્ર, માનવજીવનની પરિવર્તનશીલતા સ્પષ્ટ જ છે.

૨. સંસાર દુઃખપૂર્ણ છે.

ભગવાન બુદ્ધે સંસારના દુઃખદ સ્વરૂપનું દર્શન કરીને જ મહાભિનિષ્ક્રમણ કર્યું હતું.

સંસાર છે એવો સુખ અલ્પ અને દુઃખ અધિકથી ભરેલો, આવું સંસારનું સ્વરૂપ છે.

૩. સંસારમાં કોઈ પોતાનું નથી, બધું જ સતત પરિવર્તનશીલ છે, તો આજના પોતાના કાલે પરાયા બની જાય છે. સંસાર આપણો નથી અને આપણે સંસારના નથી. આ તો ધર્મશાળામાં રાતવાસા માટે આવી પડ્યા છીએ.

સંસારભાવનાથી શું થાય છે?

૧. સંસાર પ્રત્યે વૈરાગ્યનો ઉદય થાય છે.

૨. વૈરાગ્ય પ્રદીપ્ત થાય એટલે અધ્યાત્મયાત્રાનો પ્રારંભ થાય છે.

૩. ભવબંધન ઢીલું પડે છે.

સંસાર પ્રત્યેની આસક્તિ જ ભવબંધન ઊભું કરે છે. સંસારભાવનાથી સંસારના યથાર્થ સ્વરૂપનું દર્શન થાય છે અને મુક્તિ તરફ ગતિ થાય છે.

**૪. એકત્વભાવના :**

હું એકલો જ જન્મ્યો છું. મારાં કર્મફળ રૂપે આવતાં સુખ-દુઃખ મારે એકલા જ ભોગવવાનાં છે. મારે અહીં એકલા જ જીવવાનું છે અને મૃત્યુ વખતે મારે એકલા જ જવાનું છે.

અહીં કોઈ કોઈનું નથી. માનવી નિતાન્ત એકલો જ છે. સંસારનાં સુખ-દુઃખના ભોગમાં અને મોક્ષના માર્ગ પર પણ માનવી એકલો જ છે.

મારા આધિ, વ્યાધિ, ઉપાધિ, જરા, મરણ, આદિ દુઃખો દૂર કરવા કોઈ સમર્થ નથી. મારે જ એકલાએ તે ભોગવવાનાં છે.

આ એકત્વ શું છે?

આ એકત્વ જીવનનું સ્વરૂપ છે.

આ એકત્વ તે માત્ર ભાવના નથી.

આ એકત્વ જીવનની એક હકીકત છે, જીવનનું સ્વરૂપ છે.

આ એકત્વભાવનાથી શું થાય છે?

સ્વજનો, કુટુંબ, મિત્રો આદિ તરફ અનુભવાતી આસક્તિ અને મમતાભાવ વિસર્જિત થવા માંડે છે. અન્ય માનવો પ્રત્યે રાગ કે દ્વેષ ઉત્પન્ન થતો નથી. આ પ્રકારના ચિંતનથી નિઃસંગતા પ્રાપ્ત થાય છે અને આ નિઃસંગતા મોક્ષમાર્ગ પર સહાયક બને છે.

કોઈ સ્વજનો ઉપેક્ષા કરે ત્યારે દુઃખ થતું નથી, કારણ કે અંદરથી સમજાય છે કે હું એકલો જ છું.

આ એકત્વભાવનાથી આત્મનિર્ભરતા પ્રગટ થાય છે અને વિકસે છે. આ આત્મનિર્ભરતા, સ્વાશ્રય અધ્યાત્મપથ પર સહાયક બને છે, એટલું જ નહિ, આ પૃથ્વી પરના જીવનમાં પણ મૂલ્યવાન સહાય કરે છે.

આત્મા એકલો જ છે. તદ્નુસાર પ્રત્યેક માનવી એકલો જ છે!

**૫. અન્યત્વભાવના :**

જગતના સર્વ પદાર્થોને આત્માથી ભિન્ન અર્થાત્ અન્ય માનવા અને તદ્નુરૂપ ચિંતન કરવું તે અન્યત્વભાવના છે. આ શરીર અને શરીર સર્વ ઈન્દ્રિયો હું નથી, પરંતુ આત્માથી ભિન્ન હોવાથી અન્ય છે. જો શરીર પણ અન્ય છે, તો શરીરના સંબંધે જે સંબંધીઓ છે તે પણ અન્ય જ છે. એટલું જ નહિ, પરંતુ આ જગતના સર્વ પદાર્થો પણ આત્મા માટે અન્ય જ છે.

આ અન્યત્વ ભાવનાથી શું થાય છે? અન્યત્વ ભાવનાથી અહં-મમભાવ દૂર થવા માંડે છે.

મારું કોઈ નથી. આ સૃષ્ટિમાં જે કાંઈ છે, તે સર્વ મારાથી ભિન્ન અન્ય છે, તેમ ભાવના કરવાથી આસક્તિના તંતુઓ તૂટવા લાગે છે.

કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ સાથે આસક્તિના સંબંધ આ બંધનનું કારણ બને છે. જો આ શરીર પણ હું નથી, અન્ય છે તો કોની સાથે મમભાવ રાખવો? આ સમજ, આ ચિંતન કરવાથી આત્માની અસંગતા સિદ્ધ થાય છે. આ અસંગભાવ આત્મજ્ઞાન માટે અનિવાર્ય છે.

જેમ જેમ આસક્તિના સંબંધો વધે છે, તેમ તેમ બંધન વધે છે અને જેમ જેમ આસક્તિના સંબંધો શિથિલ થાય છે, તેમ

તેમ મોક્ષનો માર્ગ સુકર બને છે.

અન્યત્વ ભાવનાથી આ અનાસક્તિ, અસંગત્વ, નાહં અને ન મમ ભાવના – આ સર્વ તત્ત્વો પ્રગટે છે અને વિકસે છે અને સર્વ તત્ત્વો બંધન ઢીલા કરીને મોક્ષસાધનામાં સહાયક બને છે.

**૬. અશુચિ ભાવના :**

આ શરીર ગંદકીનું ધામ છે. આ શરીર માંસ, રુધિર, મજ્જા, માંસ, મળ, મૂત્ર, થૂંક આદિ અપવિત્ર વસ્તુઓથી ભરેલું છે. આત્મા, એક માત્ર આત્મા જ શુધ્ધ છે, પવિત્ર છે, અન્ય સર્વ અનાત્મ તત્ત્વો અશુચિ છે, અશુધ્ધ છે, ગંદકીથી ભરેલા છે.

આ રીતે વિચાર કરવો, તદ્‌નુસાર ચિંતન કરવું – આ અશુચિભાવના છે.

આ અશુચિભાવનાથી શું થાય છે?

આ અશુચિભાવનાથી શરીર પ્રત્યેની આસક્તિ દૂર થાય છે. આવા અપવિત્ર ગંદા શરીર પ્રત્યે વળી મમતા શું રાખવી? આ પ્રકારના ધારાવાહિક ચિંતનથી સાધક શરીરની આસક્તિથી મુક્ત થાય છે અને તેનો મોક્ષમાર્ગ પ્રશસ્ત બને છે.

હવે થોડો બીજો વિચાર પણ કરીએ. આ શરીરના માધ્યમથી, આ શરીરનો સાધન તરીકે ઉપયોગ કરીને માનવી મોક્ષ પામી શકે છે, તેને ગંદકીનો ઉકરડો શા માટે માનવો? આ માનવશરીર તો એક મૂલ્યવાન તક છે અને તે તકનો ઉપયોગ કરીને અધ્યાત્મ સિધ્ધ કરવાનું છે.

''શરીરમાદ્યં સ્વભુ ધર્મસાધનમ્''.

''શરીર તો ધર્મનું પહેલું સાધન છે''

આવા ધર્મસાધન શરીરની નિંદા શા માટે? હા, શરીરની આસક્તિમાં ન ફસાઈએ તેવી જાગૃતિ સાધકે રાખવી જોઈએ, પરંતુ તે માટે અશુચિભાવના જ એકમાત્ર સાધન છે, તેવું નથી.

શરીર સાધન છે, સાધ્ય નથી; શરીર રથ છે, રથી નથી. સાધ્ય તો આત્મા છે અને રથી પણ આત્મા છે. આ પ્રકારનો વિવેક પર્યાપ્ત છે. અશુચિભાવના શા માટે?

**૭. આશ્રવભાવના :**

જીવ પર કર્મોનો પ્રવાહ આવે છે – આ આશ્રવ છે, આશ્રવ બંધનનું કારણ છે. જીવ પર કર્મોનું બંધન કયા કયા કારણથી થાય છે? રાગ, દ્વેષ, અજ્ઞાન, મોહ, હિંસા, અસત્ય, અસંતોષ, પ્રમાદ, કષાય આદિ તત્ત્વો કર્મનાં બંધનથી જીવને લિપ્ત કરી દે છે.

આ રીતે કર્મોના પ્રવાહનું તથા કર્મોના પ્રવાહથી જીવને કેવી રીતે બંધન થાય છે, તે પ્રકારે ચિંતન કરવું તે આશ્રવભાવના છે.

આશ્રવ અને આશ્રવભાવના, બંને એક નથી. આશ્રવ તો જીવને બંધનનું કારણ છે. આશ્રવભાવના આ બંધનની પ્રક્રિયા પર થતું ચિંતન છે. આશ્રવી બંધનનું કારણ છે અને આશ્રવભાવના બંધનમાંથી મુક્તિનો ઉપાય બની શકે તેમ છે.

આશ્રવ બંધનની પ્રક્રિયા છે.

આશ્રવભાવના તદ્‌વિષયક ચિંતનની પ્રક્રિયા છે.

આશ્રવભાવનાથી શું થાય છે?

આશ્રવભાવનાથી કર્મબંધનના સ્વરૂપને સમજી શકાય છે.

દુઃખના કારણને સમજ્યા વિના દુઃખમુક્તિમાર્ગ હાથ ન લાગે; તેમ બંધનના સ્વરૂપને સમજ્યા વિના બંધનમાંથી મુક્તિનો માર્ગ હાથ ન લાગે. આશ્રવભાવના દ્વારા બંધનના કારણને સમજીને બંધનમાંથી મુક્તિનો માર્ગ પામી શકાય છે.

આશ્રવભાવના એટલે કર્મબંધનના સ્વરૂપનું ચિંતન અને તેથી સંવર અને નિર્જરા તરફ ગતિ થાય છે.

**૮. સંવર ભાવના :**

સંવર એક મૂલ્યવાન સાધના છે. આશ્રવના પ્રવાહને રોકવામાં ન આવે તો કર્મબંધ ઘટે જ નહિ અને મુક્તિનો માર્ગ પ્રશસ્ત થાય જ નહિ, તેથી સંવર તો અનિવાર્ય સાધન છે.

આમ સંવરનાં ગુણો, સંવરનું સ્વરૂપ અને સંવરની સાધના તથા સંવરના મહિમાનું ચિંતન કરવું તે સંવરભાવના છે.

છિદ્રવાળી નૌકામાં પાણી ભરાઈ જાય તે આશ્રવ છે અને આ છિદ્રને પૂરી દેવું તે સંવર છે. મન, વચન અને કર્મથી રોકી એકાંત સમતારૂપ ધર્મમાં તલ્લીન થવું તે સંવરભાવના છે. આશ્રવમાંથી મુક્ત થઈને સંવરમાં સિદ્ધ થવું તે યથાર્થ સાધના છે.

સંવરભાવના નિર્જરા પ્રત્યે ગતિ કરાવે છે.

**૯. નિર્જરાભાવના**

નિર્જરાના સ્વરૂપ, મહિમા, ગુણો અને પરિણામનું ચિંતન કરવું તે, નિર્જરાભાવના છે.

સંવર દ્વારા નવા આવતાં કર્મપ્રવાહને રોકી શકાય છે, પરંતુ પૂર્વકર્મોનું શું? પૂર્વકર્મોને ખપાવવાની સાધના તે નિર્જરા છે. નિર્જરા એટલે જે કર્મદોષ લાગ્યા છે તે ભૂંસી નાખવાની પ્રક્રિયા. તપ દ્વારા નિર્જરા થાય છે. છ બાહ્ય તપ છે અને છ આભ્યંતર તપ છે. આ તપ કર્મોને ખપાવે છે.

આત્મજ્ઞાન માટે ભોગોની આકાંક્ષાથી મુક્ત થઈ જવું, તે નિર્જરાનો ભાગ છે.

નિર્જરાનું ચિંતન કરવું તે નિર્જરાભાવના છે.

નિર્જરાભાવનાથી નિર્જરાનું સ્વરૂપ ભાવકના ચિત્તમાં સ્પષ્ટ થાય છે, એટલું જ નહિ પણ નિર્જરાભાવનાથી

નિર્જરાસાધનામાં દઢીભૂત થવાય છે. ભાવના સાધનાને બળ આપે જ છે.

સંવર અને નિર્જરા - આ બંને સાધના દઢીભૂત થાય તો સાધકનો બેડો પાર થઈ જાય છે.

સંવર અને નિર્જરા - આ બે જૈન સાધનાની કરોડરજ્જુ છે.

આ બંનેની ભાવના દ્વારા આ બંને સાધનાની સિદ્ધિ માટે અપરંપાર સહાય મળે છે, કારણ કે ભાવના દ્વારા સાધના તરફ ગતિ થાય છે.

**૧૦. લોકસંસ્થાન ભાવના :**

ચારેય તરફ અનંત અલોક આકાશ છે. આ લોક આકાશની મધ્યમાં લોક અવસ્થિત છે. આલોકના સ્વરૂપનું, આકારનું ચિંતન કરવું તે લોકસંસ્થાન ભાવના છે. લોકનો આકાર ત્રણ ગોઠવેલા કોડિયા જેવો છે. સૌથી નીચે ઊંધું કોડિયું, તેની ઉપર સવળું કોડિયું અને તેની ઉપર ઊંધું કોડિયું. આ ત્રણ કોડિયાની આ પ્રકારની ગોઠવણીથી જેવો આકાર થાય તેવો આકાર આલોકનો છે. જેમ કોઈ વિશાળ સ્થાનમાં શીંકુ લટકાવ્યું તેમ અલોકના મધ્યમાં આલોક રહ્યો છે. આલોક વિવિધતાની રંગભૂમિ છે. એમાં અનેક સંસ્થાન પરિણમન છે.

આ સ્વરૂપનું ચિંતન કરવું તે લોકસંસ્થાન ભાવના છે.

ચારેય બાજુ અનંત અલોક છે. તેની વચ્ચે લોક તો એક ટપકું છે. આ જગતનું ચિત્ર સદા વિચિત્ર છે. ધર્મધ્યાનમાં અધો-ઊર્ધ્વ-તિર્છા લોકનું સ્વરૂપ જાણવાનું છે. જન્મસ્થાનરૂપ આખો લોક સ્મશાન છે.

આ અનંત કોટિ બ્રહ્માંડમાં પૃથ્વીનો ગોળો તો રાઈનો દાણો છે. તે રાઈના દાણા પર ૬૨૫ કરોડ માનવો જીવે છે, તેમાંનો તું એક છે. તારા જેવા અનંત કોટિ જીવો આ અનંત કોટિ બ્રહ્માંડમાં ભમે છે.

શીદ ગુમાનમાં ફરે છે?

આમ લોકસંસ્થાન ભાવના માનવીના અહંકારને તોડે છે અને તેના યથાર્થ સ્વરૂપનું ભાન કરાવે છે. આપણે આપણી કૂપમંડૂકતામાંથી બહાર આવીએ છીએ.

**૧૧. બોધિબીજ ભાવના :**

સંસારમાં શું મેળવવા જેવું છે અને શું છોડવા જેવું છે, તેવા જ્ઞાનને બોધિબીજ કહે છે. ચૈતન્ય આત્મા જડ શરીરથી ભિન્ન છે, આવી પ્રતીતિ બોધિબીજના પાયામાં રહેલી છે.

બોધિબીજ પ્રાપ્ત થતાં કર્મના આવરણો દૂર કરી જીવ ઊઘડતો જાય છે. જીવની આડે આવેલાં મોહના પડળો બોધિબીજની પ્રાપ્તિ થતાં ખસી જાય છે, તે જીવ સમાધિની પ્રાપ્તિની દિશામાં આગળ વધે છે. સમાધિ પ્રાપ્ત થતાં આત્માની આગળની યાત્રાનો માર્ગ મોકળો થઈ જાય છે. આત્મા ત્વરિત ગતિએ મોક્ષ તરફ ગતિ કરે છે.

બધું મળે પણ બોધિબીજ ન મળે તો બધું વ્યર્થ છે.

બોધિબીજ ભાવનાથી શું થાય છે?

સમ્યક્ત્વની પ્રાપ્તિ, સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ, સમ્યક્ ચરિત્રની પ્રાપ્તિ બોધિબીજા ભાવના દ્વારા સિદ્ધ થાય છે. કુદેવ, કુગુરુ, કે કુધર્મનું સેવન કરવાનું મન થાય ત્યારે આ બોધિબીજ ભાવના કરવી, બોધિબીજ ભાવનાથી દર્શન વિશુદ્ધ થશે અને ચરિત્ર સમૃદ્ધ થશે.

**૧૨. ધર્મભાવના :**

ધર્મ એટલે મૂળભૂત ગુણધર્મ અર્થાત સ્વભાવ. વસ્તુનો મૂળભૂત સ્વભાવ કે ગુણધર્મ તે તેનો ધર્મ છે. દૃષ્ટાંતતઃ ઉષ્ણતા તે અગ્નિનો મૂળભૂત ગુણધર્મ કે સ્વભાવ છે, તેથી ઉષ્ણતા અગ્નિનો ધર્મ ગણાય.

આમ આત્માનો મૂળ સ્વભાવ તે આત્માનો ધર્મ ગણાય, પરંતુ કર્મના સંગથી આત્મા પોતાના સ્વભાવ-ધર્મથી ચ્યુત થયો છે. કર્મનો સંગ છૂટી જતાં આત્મા આપોઆપ પોતાના સ્વભાવમાં આવી જાય છે.

ધર્મભાવનામાં આત્માના સ્વરૂપનું ચિંતન થાય છે. જીવ પોતાના મૂળ સ્વભાવથી વિપરીત ભાવમાં ભ્રમણ કરે તો તે વિભાવમાં અવસ્થિત થાય તેમ સમજવું જોઈએ.

આત્મજ્ઞાન તરફ અધ્યાત્મયાત્રા કરતા જીવનું લક્ષ્ય વિભાવો છોડીને પોતાના સ્વભાવમાં સ્થિર થવાનું છે.

જૈન ધર્મ ડંકાની ચોટ સાથે કહે છે કે, જીવે કાંઈ નવું પ્રાપ્ત કરવાનું નથી. જીવ સ્વરૂપતઃ પૂર્ણ છે, અધૂરો નથી. આત્મા અનંતનો સ્વામી છે, પરંતુ કર્મના બંધનથી દબાઈ ગયો છે. તેની શક્તિ અને જ્ઞાન કુંઠિત થઈ ગયાં છે.

વાદળાં ખસી જાય તો સૂર્ય પૂર્ણ સ્વરૂપે પ્રકાશી ઊઠે છે, તેમ વિભાવો ખસતાં જીવનો ઉઘાડ થાય છે અને આત્માનું સ્વરૂપગત તેજ પ્રકાશી ઊઠે છે.

આત્માના મૂળ સ્વરૂપની ભાવના કરવી તે ધર્મભાવના છે. વસ્તુતઃ આ ભાવના આત્મચિંતન છે અને તેથી સર્વ ભાવનાઓમાં શ્રેષ્ઠ છે. આત્મચિંતન અધિક શું હોય ?

આમ આ બાર ભાવના દ્વારા આત્મબોધનો માર્ગ મોકળો થાય છે, તે વિશે કોઈ શંકા નથી.

આ ઉપરાંત મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ-આ પ્રમાણે ચાર પરાભાવના પણ બતાવી છે. આ ચાર પરાભાવનાથી ભાવના યોગની ક્ષિતિજનો વિસ્તાર થાય છે.

આ ઉપરાંત સાધુ-સાધ્વીના પાંચ મહાવ્રતની, દરેકની પાંચ પાંચ ભાવના પ્રમાણે પચીસ ભાવનાઓ પણ જૈન શાસ્ત્રમાં બતાવી છે.

આ ઉપરાંત દિગંબર મતમાં અન્ય પાંચ ભાવનાઓ પણ દર્શાવી છે -

**૧. તપોભાવના** - અનશન આદિ બાર પ્રકારના તપ કરવાં.

**૨. શ્રુતભાવના** - આગમ ગ્રંથનો અભ્યાસ કરવો.

**૩. સત્ત્વભાવના** - મૂળ અને ઉત્તરગુણ આદિના અનુષ્ઠાનના વિષયમાં ગાઢ વૃત્તિ રાખવી.

**૪. એકત્વભાવના** - એક આત્મા મારો છે અને શેષ સર્વ સંયોગ છે.

**૫. સંતોષવૃત્તિભાવના** - માન-અપમાન, ખાન-પાન આદિમાં સમતા રાખવી, ધૈર્ય રાખવું આ સંતોષવૃત્તિભાવના છે.

આ છે જૈન ધર્મનો ભાવના યોગ !

❖ ❖ ❖ ❖

સંપર્ક : 028 22-292688

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી

### જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦,૦૦૦ | શ્રી સી.કે. મહેતા સાહેબ |
| ૩૦,૦૦૦ | શ્રેયસ પ્રચારક સભા<br>હસ્તે સરયુબેન મહેતા |
| ૨૫,૦૦૦ | સ્વ નયનાબેન રાજેશકુમાર ઝવેરી<br>ના સ્મરણાર્થે હસ્તે શ્રી રાજેશભાઈ ઝવેરી |
| કુલ રૂા. **૫,૫૫,૦૦૦** | |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧,૦૦,૦૦૦ | ખંડેરિયા મનોજ જયંતિલાલ<br>હસ્તે રમાબેન મહેતા |
| ૨૫,૦૦૦ | શ્રી વિનોદભાઈ મહેતા<br>હસ્તે રમાબેન મહેતા |
| કુલ રૂા. ૧,૨૫,૦૦૦ | |

### ભાનુ ચેરિટિ ટ્રસ્ટ અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૧,૦૦૦ | સ્વ. પ્રવિણચંદ્ર કાલિદાસ શાહ ના સ્મરણાર્થે<br>હસ્તે ઉષાબેન પી. શાહ |
| કુલ રૂા. **૨૧,૦૦૦** | |

### સૌજન્ય દાતા

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦ | જાસુદબેન કાંતિલાલ સોનાવાલા હસ્તે શ્રી નિતિનભાઈ સોનાવાલા |
| ૫૧,૦૦૦ | શ્રી યોગેશભાઈ ભુપતલાલ બાવીસી સ્મરણાર્થે સ્વ. પુષ્પાબેન ભુપતલાલ બાવીસી<br>હસ્તે મમતાબેન યોગેશભાઈ બાવીસી વિશેષ અંક માટે |
| કુલ રૂા. ૭૬,૦૦૦ | |

## માનસિક ઉતાવળાપણું સંકટને આમંત્રે છે

સંકટની સ્થિતિમાં જ્યારે આપનું મન જો સ્થિર રહે તો મોટામાં મોટું સંકટ પણ ટળી જાય છે, આપણું સર્વસ્વ નષ્ટ થઈ જાય, પરંતુ જો બુદ્ધિ, વિવેક, સમતા અને ધર્યૈ નષ્ટ ન થયાં હોય તો સર્વ નષ્ટ પામેલ પાછું મેળવી શકાય છે. પરંતુ જો બુદ્ધિ, વિવેક, સમતા તથા ધીરજ નષ્ટ થઈ જાય તો સઘળું એકત્ર કરેલું ખોઈ બેસીએ છીએ. સમતા હંમેશાં ઉતાવળાપણાને નષ્ટ કરે છે. માનસિક ઉતાવળાપણું સંકટને આમંત્રે છે. માનસિક લોભ અને ભય જેમ વધે તેમ સાધારણ સંકટ પણ મોટું રૂપ ધારણ કરે છે અને ત્યારે નાનું શુ સંકટ પણ મોટું રૂપ ધારણ કરે છે અને ભવિષ્યના સંકટની કલ્પનાઓ વ્યક્તિને અસ્થિર બનાવી ઉતાવળા બનાવે છે અને આ ઉતાવળાપણાને કારણે તેના અન્ય માનવી સાથેના વ્યવહાર બદલાય છે અને તેને કારણે સંબંધો પર અસર થાય છે. મૈત્રી શત્રુતામાં બદલાઈ જાય છે. ક્ષમાનું સ્થાન વેર લે છે. અનાવશ્યક ટકરાઉને કારણે વ્યક્તિનું કાર્યમાં મન લાગતું નથી અને તેને નજર સામે હંમેશાં સંકટ જ દેખાયા કરે છે.

# જિનનામ મંત્રનો મહિમા

## પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્રવિજય મ.સા.

પ્રભુના નામમંત્રનો મહિમા મોટો છે. ભગવાનના નામનું સ્મરણ કે જાપ એ નામથી અનામી થવાની પ્રક્રિયા છે. તેથી આપણા અરોપિત નામની ઉપાધિ વિલીન થાય છે.

તે ઉપરાંત ભગવાનના નામમંત્રના સ્મરણથી એટલે કે ભાષ્ય જાપ કરવાથી પંચમહાભૂત પૈકી આકાશતત્ત્વની શુદ્ધિ થાય છે. દા.ત. પંચતત્ત્વની શુદ્ધિનો મંત્ર છે :-

**क्षि + प + ॐ + स्वा + हाः** જેમાં

**क्षि** એ પૃથ્વીતત્ત્વનું બીજ છે

**प** જલતત્ત્વનું બીજ છે

**ॐ** અગ્નિતત્ત્વનું બીજ છે

**स्वा** વાયુતત્ત્વનું બીજ છે

**हा** આકાશતત્ત્વનું બીજ છે

આ રીતે નામમંત્રના લયબદ્ધ (Rydham) જાપથી શબ્દો ધ્વનિમાં રૂપાંતરિત થઈને બ્રહ્માંડમાં સુઘોષા ઘંટના મહાનાદની જેમ ગુંજી ઉઠે છે.

ૐકાર-પ્રણવના જાપનું પણ આ જ રહસ્ય છે. મંત્રની શક્તિ અચિંત્ય છે, જે ઈન્દ્રના સિંહાસનને પણ ચલાયમાન કરે છે - પ્રકંપિત કરે છે. ધ્વનિતરંગોનો આ પ્રભાવ છે.

પ્રભુનું નામ એ પ્રભુનો મંત્રાત્મક દેહ છે. પ્રભુના નામનું સ્મરણ-રટણ કે કીર્તન કરવાથી પ્રભુના ગુણોનું સામીપ્ય અનુભવાય છે. જૈન સાહિત્યમાં અનેક સ્તોત્રો, સ્તવનોનો ભરપૂર ભંડાર છે. પ્રસ્તુત લેખમાં એનું સંકલન કરવાનો યથામતિ નમ્ર પ્રયત્ન કર્યો છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સકલાર્હત સ્તોત્રમાં કહ્યું છે :-

**नामाकृति द्रव्य भावैः, पुनतः स्त्रिजगज्जनं ।**
**क्षेत्रे कालेच सर्वस्मिन्नर्हतः समु पास्महे ।।**

જેઓ સર્વક્ષેત્ર અને સર્વકાલમાં (અર્થાત સર્વત્ર અને સદા) નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનિક્ષેપ વડે ત્રણે જગતના લોકોને પવિત્ર-પાવન કરી રહ્યા છે તે અર્હંતોની-અરિહંત ભગવંતોની અમે સમ્યગ્ ઉપાસના-પૂજા કરીએ છીએ.

નિક્ષેપ શબ્દ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે. નિક્ષેપ એટલે એક નિશ્ચિત કરેલી અર્થવ્યવસ્થા, જેનું પ્રાકૃતમાં રૂપાંતરણ **निक्खे** થાય છે.

**નિક્ષેપના ચાર પ્રકાર છે :**

૧) નામ નિક્ષેપ
૨) સ્થાપના નિક્ષેપ
૩) દ્રવ્ય નિક્ષેપ
૪) ભાવ નિક્ષેપ

જિનેશ્વર ભગવાનના સંદર્ભમાં આ ચાર નિક્ષેપ આ રીતે સમજી શકાય. તેની પરિભાષા આ પ્રમાણે છે.

**नामजिणा जिणनामा, ठवणजिणा पुण जिणिंद पडिमाओ।**
**दव्व जिणा जिण जीवा, भाव जिणा समवसरणत्था।।**

(ચૈત્યવંદનભાષ્ય ગાથા ક્રમાંક-૫૧)

નામ નિક્ષેપ :

જિનેશ્વર ભગવંતોના ઋષભદેવ, મહાવીર, વર્ધમાનરૂપે નામકરણ તે નામ નિક્ષેપ છે.

સ્થાપના નિક્ષેપઃ

જિનેશ્વરોની શાશ્વત-અશાશ્વતી પ્રતિમાઓ તથા ચિત્ર, ચરણપાદુકા, સ્તૂપ વગેરે સ્થાપના નિક્ષેપ છે.

દ્રવ્ય નિક્ષેપ :

દ્રવ્ય નિક્ષેપને સમજવા માટે શાસ્ત્રમાં કહ્યું છે કે :-

**जे अ अईया सिध्धा, जे अ भविस्संति णागए काले,**
**संपई अ वट्टमाणा, सव्वे तिहिण वंदामि!**

એટલે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન. ભગવંતોનો આત્મા તે દ્રવ્ય જિન છે. જુઓ કેવી રીતે?

ભૂતકાળમાં અનંત જીવો- આત્માઓ જિનેશ્વર થઈને સિદ્ધ-મોક્ષે ગયા છે એવી ભૂતકાળની અનંત ચોવીશી થઈ. ભવિષ્યમાં પણ એવી ચોવીશી થશે; જેમ શ્રેણિકરાજા ભાવિ ચોવીશીમાં તીર્થંકરપદે આરૂઢ થશે અને વર્તમાનકાળમાં જે જીવોએ તીર્થંકરરૂપે જન્મ લીધો છે છતાં હજી કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી કરી. ધારો કે ભગવાન મહાવીરદેવ હજી વર્ધમાન કુમારરૂપે છે, તે અવસ્થામાં પ્રર્વતમાન જીવો પણ દ્રવ્ય નિક્ષેપે જીવ છે અથવા તો દેહધારીરૂપે જીવંત નથી, પણ તેમનું નિર્વાણ પામેલું નિર્જીવ શરીર પણ દ્રવ્ય નિક્ષેપે દ્રવ્ય જિન છે.

**ભાવનિક્ષેપ :**

આ નિક્ષેપ બહુ જ સૂક્ષ્મતાથી છે, તે મુજબ જ્યારે જિનેશ્વર તીર્થંકરદેવ ખરેખર-સાક્ષાત જીવંત હોય, એટલું જ

નહીં, પણ સમવસરણમાં બિરાજીને દેશના આપતા હોય ત્યારે તેમને ભાવજિનેશ્વર કહેવાય, અન્યથા નહિ. દા.ત. મહાવિદેહમાં વર્તમાનમાં બિરાજમાન શ્રી સીમંધરસ્વામીને ભાવજિનેશ્વર કહી શકાય, તે જ રીતે ૨૦ વિહરમાન ભગવાન પણ.

આ ચાર નિક્ષેપ સાપેક્ષ છે, એટલે તેને એકબીજાથી અલગ કરી શકાય નહીં, કારણ વસ્તુનું અર્થઘટન સાપેક્ષ હોય છે.

આ જ વાતની પુષ્ટિમાં તર્કબધ્ધ રીતે પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મ. પ્રતિમા શતકમાં સમજાવે છે :

**नामादित्रयमेव भाव भगवत्ता द्रूप्यधी कारणम...**
**शास्त्रात स्वनुभवाच्च शुध्द हृदयेरिष्टं च दृष्ट मुहुः ।।१।।**
(પ્રતિમા શતક શ્લોક ક્રમાંક - ૨)

ભાવનિક્ષેપને સાક્ષાત દૃષ્ટિસન્મુખ લાવવા માટે નામ, સ્થાપના, દ્રવ્ય ત્રણે ખૂબ જ અનિવાર્ય છે અને બુદ્ધિ અને યુક્તિથી તર્કસંગત પણ છે.

૨૪ તીર્થંકર ભગવંતોની નામપૂર્વક સ્તુતિ કરવાથી તેનો લાભ-ફળ બાબતે ઉત્તરાધ્યયનના ઉલ્લેખ મુજબ ભક્તને બોધિબીજની પ્રાપ્તિ થાય છે, એટલે કે તેનું સમ્યગ્દર્શન નિર્મળ થાય છે.

**चउव्वीसत्थएणं भंते? जीवे किं जणयइ?**
**चउव्वीस त्थएणं दंसण विसोहि जणयइ ।।**
(ઉત્તરાધ્યયન સૂત્ર)

આમ, જ્યારે ભક્તના હૃદયપટલ ઉપર પોતાના આરાધ્યદેવનું નામ અંકિત થઈ જાય છે ત્યારે તેનું અનુસંધાન સ્થાપના નિક્ષેપે રહેલા અષ્ટાપદજીના જિનબિંબોને જુહારવા ઉત્સુક બને છે. સિંહનિષદ્યા પ્રાસાદમાં પ્રતિષ્ઠિત ૨૪ જિનબિંબોની સંરચના આ પ્રમાણે છે -

**૪ ૮ ૧૦ ૨ (=૨૪)**
**चत्तारि अठ्ठ दस दो अ,**
**वंदिआ जिणवरा चउव्वीसं ।।**

| | | | |
|---|---|---|---|
| દક્ષિણ દિશામાં | ૪ | ઋષભજિનથી | ૪ |
| પશ્ચિમમાં | ૮ | સુમતિનાથથી | ૮ |
| ઉત્તરમાં | ૧૦ | વિમલનાથથી | ૧૦ |
| પૂર્વમાં | ૨ | પાર્શ્વનાથથી | ૨ |
| | **૨૪** | | **૨૪** |

આટલી ભૂમિકા પછી આપણે હવે સ્તોત્રો અને સ્તવનોમાં નામમંત્રનો મહિમા ગવાયો છે તેની ઉપર દૃષ્ટિપાત કરીશું.

૧) બૃહદ્ શાંતિ સ્તોત્રમાં ''**सुगृहीत नामाने जयन्तु ते जिनेन्द्राः** ।। નો ઉલ્લેખ છે.

**ॐ ऋषभ-अजित-संभव-अभिनंदन-सुमति-पद्मप्रभ-सुपार्श्व-चंद्रप्रभ-सुविधि-शीतल-श्रेयांस-वासुपूज्य-विमल-अनंत-धर्म-शान्ति-कुन्थु-अर-मल्लि-मुनिसुव्रत-नमि-नेमि-पार्श्व-वर्धमानान्ताः जिनाः शान्ताः**

**शान्तिकरा भवंतु स्वाहाः ।।**

૨) પ્રચલિત નામ લોગસ્સ સૂત્ર છે. તેનું પ્રાચીન નામ ''**नामस्तव**'' છે અથવા **चउवीसत्थय सुतं** છે જેમાં ૨૪ તીર્થંકર ભગવંતોની નામોલ્લેખપૂર્વક ભાવવાહી સ્તુતિ કરવામાં આવી છે.

**लोगस्स उज्जोअगरे,**
**धम्मतित्थयरे जिणे।**
**अरिहंत कित्तइस्सं**
**चउवीसं पि केवली ।।१।।**

આ સૂત્રમાં ગાથામાં **कित्तइस्सं** નો પ્રયોગ થયો છે. તે બતાવે છે કે પદ-નામના ઉચ્ચારણપૂર્વક હું ૨૪ જિનેશ્વરોની સ્તુતિ કરીશ, પ્રાર્થના કરીશ. (વર્તમાન ચોવીશી)

નામનિક્ષેપની વ્યાપકતા તો જુઓ. આ જ રીતે અતીત અને અનાગત ચોવીશીનાં નામો પણ શાસ્ત્રમાં ઉપલબ્ધ છે. ત્રિકાળદર્શી પરંપરાને પ્રણામ. સદ્ભાગ્ય ગણાય કે સંસ્કારી જૈન પરિવારોમાં બાળકોને ૨૪ ભગવાનના નામ પોતાના નામ જેટલાં જ યાદ હોય છે.

૩) આચાર્ય શ્રી માનદેવસૂરિજીની પ્રભાવિક રચના-લઘુશાંતિ-સ્તવ છે. સંસ્કૃત-મંત્રસાહિત્યની આ અદ્ભુત કૃતિ છે, જેમાં નામમંત્ર સ્તુતિમાં ૧૬ નામમંત્રોનો ઉલ્લેખ થયો છે.

**यस्येति नाम-मन्त्र-प्रधान-वाक्यो-प्रयोग-कृत्ततोषा।। (गाथा-६)**

શાંતિનાથ ભગવાનને ૧૬ નામમંત્ર પદોથી અલંકૃત કર્યા છે. તે આ મુજબ છે.

१) **ॐ निश्चित वचसे शांतिजिनाय नमः**
२) **ॐ भगवते शांतिजिनाय नमः**
३) **ॐ अर्हते शांतिजिनाय नमः**
४) **ॐ जयवते शांतिजिनाय नमः**
५) **ॐ यशस्विने शांतिजिनाय नमः**
६) **ॐ दमिनां स्वामिने शांतिजिनाय नमः**
७) **ॐ सकलातिशेषक-महासंपत्ति-समन्विताय**

शांतिजिनाय नमः

८) ॐ शस्याय शांतिजिनाय नमः

९) ॐ शांतिदेवाय शांतिजिनाय नमः

१०) ॐ त्रैलोक्य पूजिताय शांतिजिनाय नमः

११) ॐ सर्वामर सुसमूह स्वामिक –
संपूजिताय शांतिजिनाय नमः

१२) ॐ निजिताय शांतिजिनाय नमः

१३) ॐ भुवनजनपालनो द्यतंतमायः
शांतिजिनाय नमः

१४) ॐ सर्वदुरितौधनाशन कराय शांतिजिनाय नमः

१५) ॐ सर्वाऽशिवप्रशमनाय शांतिजिनाय नमः

१६) ॐ दुष्टग्रह–भूत–पिशाच–शाकिनी प्रमथनाय
शांतिजिनाय नमः

તે ઉપરાંત બૃહદ્‌શાંતિમાં કહ્યું છે.

**संपादित–हित–सम्पन्नाम–ग्रहणं जयति शान्ते ।।**

શાંતિનાથ ભગવાનનું નામોચ્ચારણ સંપત્તિ લાવે છે.

૪) પૂર્વાચાર્ય વિરચિત મંત્રાધિરાજ સ્તોત્રમાં પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ નામોનું સંકીર્તન છે, તે મુજબ -

**इतिश्री पार्श्वनाथस्य, सर्वज्ञस्य जगदगुरो।**
**दिव्य अष्टोतरं नाम शत मंत्र प्रकीर्तितं ।।**

**(श्रलोक–१५)**

૫) આ સ્તોત્ર મુદિત છે. સવિસ્તર વર્ણન પણ છે. (પ્રકાશક-દિવ્ય દર્શન ટ્રસ્ટ-ધોળકા) આ રીતે ઉપા. શ્રી વિનયવિજયજી વિરચિત **જિનસહસ્ત્ર નામ સ્તોત્ર** તેમ જ આ. શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિ વિરચિત **વર્ધમાન-શક્રસ્તવ**માં ભગવાનની ૨૫૮ વિશિષ્ટ વિશેષણોથી સ્તુતિ કરવામાં આવી છે.

૬) સંસ્કૃત સ્તોત્રોની સમૃધ્ધ પરંપરામાં જેનું નામ મોખરે છે તે **ભક્તામર સ્તોત્ર**ની અદ્‌ભુત ભેટ આ માનતુંગસૂરિએ આપી છે. ભક્તામર એ ભક્તિકાવ્ય છે. નામમંત્ર માટે શું કહે છે તે જોઈએ.

**.....त्वन्नाम कीर्तनजलं शमयत्य शेषम् ।।**

**(श्लोक–३६)**

હે પ્રભો ! તમારા નામરૂપ મંત્રના સ્મરણથી પ્રલયકાળના ઉપદ્રવો, જેવા કે દાવાનળ, સુનામી વગેરે શાંત થઈ જાય છે.

**।।त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः।।**

**(श्लोक–३७)**

હે પ્રભો ! તમારા નામની અમૃતવેલ જેની પાસે છે તેને વિષધર પણ ડંસી શકતો નથી. તારું નામ જ વશીકરણ છે.

**।। त्वत् कीर्तनात्तम इवाशु भिदामुपैति ।।**

**(श्लोक–३८)**

હે પ્રભો ! તમારા સ્મરણ-કીર્તનથી યુદ્ધમાં પરાજનો ભય રહેતો નથી.

**त्वन्नाम मंत्र मनिशं मनुजाः स्मरन्तः**
**संद्यः स्वयं विगत बन्ध मया भवन्तिः**

**(श्लोक–४२)**

પ્રભો ! તમારા નામરૂપ મંત્રના સ્મરણથી ભક્તો તમામ પ્રકારે બંધનમુક્ત બને છે.

૭) આચાર્ય શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિએ **કલ્યાણ મંદિર સ્તોત્ર**માં પ્રભુના નામસ્મરણની સુંદર અભિવ્યક્તિ કરી છે.

**आस्ता मचिन्त्य महिमा जिन! संस्तवस्ते**
**नामापि पाति भवतो भवतो जगंन्ति ।।**

(કલ્યાણ મંદિર, શ્લોક-૭)

હે પુરુષાદાનીય પ્રભો ! તમારા નામસ્મરણની તાકાતની તો શું વાત કરું ! તમારું સ્તવન તો પ્રભાવશાળી છે જ, પરંતુ આપનું નામ પણ જગતને સંસારથી તારવામાં સમર્થ છે, અર્થાત સક્ષમ્ છે.

**इक्कोवि नमुक्कारो, जिणवर वसहस्स वध्दंमाणस्स।**
**संसार सागराओ, तारेइ नरं व नारिं वा ।।**

આ આર્ષગાથા અને શ્લોકના ભાવાર્થમાં કેટલું બધું સામ્ય છે, તે સ્પષ્ટ જણાય છે. બિંબ-પ્રતિબિંબની જેમ ભક્તિમાં વિભક્તિ નથી હોતી એની પ્રતીતિ અહીં થાય છે.

૮) **અજિત શાંતિસ્તવ** એ નંદીષેણ મુનિની રચના છે. તેનો સત્તાસમય લગભગ ઈ.સ.ની ૯મી શતાબ્દી છે. અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાન બંનેની સંયુક્ત સ્તુતિ કરી છે. પ્રાકૃતભાષા નિબધ્ધ કાવ્યમય રચના છે.

**अजियजिण सुहप्पवत्तणं,**
**तव पुरिसुत्तमं नाम कित्तणं।**
**तह य धिइ–मंइ–प्पवत्तणं,**
**तव य जिणुत्तम संति कित्तणं।।**

**(गाथा ४)**

ભગવાનને સંબોધન કરીને કવિ કહે છેઃ પ્રભો! આપનું નામ-કીર્તન-સ્મરણ શુભ-લાભને આપનાર છે તેમ જ ધૃતિ અને બુધ્ધિને પણ સ્થિર કરે છે.

९) तुह नाम क्खर फुड–सिध्द मंत गुरुआ नरा लोओ ।।

(નમિઉણ સ્તોત્ર-ગાથા-૯)

પ્રભુ ! આપના નામાક્ષરરૂપ પ્રકટ સિધ્ધમંત્ર-ગારૂડી મંત્ર છે, જેથી સર્પ-વિષધરનો ભય ભાગી જાય છે.

**रोग–जल–जलण–विसहर–चोरारि मइदं गयरण भवाइं।**
**पासजिण नमसंकित्तणेण–पसमंति सव्वाइं।।**

(નમિઉણ સ્તોત્ર-ગાથા-૧૮)

પ્રભુ, આપના નામમંત્રના સંકીર્તનથી વ્યાધિ, અતિવૃષ્ટિ, દાવાનલ, સર્પ, ચોર, સિંહ, ઉન્મત્ત હાથી અને યુદ્ધ જેવા મહાભયો આવી શકતાં નથી.

૧૦) હવે કેટલીક ગુજરાતી પ્રાચીન રચનાઓ જોઈશું:

ભક્ત અને ભગવાન વચ્ચેની ભેદરેખાને દૂર કરીને પ્રભુ સાથે અદ્વૈત અનુભવતા પૂ. માનવિજયજી મહારાજ પદ્મપ્રભસ્વામિના સ્તવનમાં શું કહે છે તે તેમના જ શબ્દોમાં...

**''મિલે મન ભીતર ભગવાન''**

શ્રી પદ્મપ્રભ નામની રે, જાઉં હું બલિહાર,
નામ જપંતા દિહા ગમું રે, ભવભય ભંજનહાર
**મિલે મન ભીતર ભગવાન** (૧)

નામ સુણંતા મન ઉલ્લસે રે,
લોચન વિકસિત હોય,
રોમાંચિત હુએ દેહડી રે,
જાણે મીલીયો સોય (૨)
પંચમ કાલે પામવો રે,
દુર્લભ તુજ દેદાર
તો પણ તારા નામનો રે,
છે મોટો આધાર. (૩)
નામ ગ્રહે આવી મીલે રે,
મન ભીતર ભગવાન,
મંત્ર બળે જિમ દેવતા રે,
મેં કીધો તુજ આહ્વાન (૪)
ધ્યાન પદસ્થ પ્રભાવથી રે,
ચાખ્યો મેં તુજ સ્વાદ,
માન વિજય વાચક કહે રે,
મૂકો બીજો નાદ. (૫)

૧૧) વાચક જશના ઉદ્‌ગારોમાં નામનિક્ષેપ:

**શીતલ જિન! મોહે પ્યારા:**
શીતલતા ગુંન હોર કરત તુમ,
ચંદન કાહુ બિચારા....?
નામ હી તુમ તાપ હરત હૈ,
વાંકુ ધસત ધસારા (૫)

કરહું કષ્ટ જન બહુત હમારે,
નામ તિહારો આધારા.
જશ કહે જનમ મરણ ભય ભાગે,
તુમ નામે ભવ પારા. (૬)

**અબ મોહે ઐસી આય બની** (ધ્રુવ)

તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાંજ ધરણી,
નામ જપું નિશિ-વાસર તેરો, એ શુભ મુજ કરણી
(ગાથા-૩)
કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરની,
નામ જપું જલધાર તિહા તુજ, ધારું દુઃખ હરની(૪)

૧૨) અવધૂત આનંદઘનજીના ઉદ્‌ગારોમાં નામનિક્ષેપ:

ભગવાનના ભાવનિક્ષેપ સુધી પહોંચવા માટે પ્રભુનું નામનિક્ષેપ પ્રથમ પગથિયું છે, સોપાન છે. જોઈએ :

નામ અધ્યાત્મ, ઠવણ અધ્યાત્મ,
દ્રવ્ય અધ્યાત્મ છંડોરે,
ભાવ અધ્યાત્મ નિજ ગુણ સાધે,
તો તેહસું રઢ મંડોરે (૪)
પ્રભુ પાર્શ્વ ચિંતામણિ મેરો,
મિલ ગયો હીરો, મિટ ગયો ફેરો,
**નામ જપું નિત તેરો** (૧)

પ્રીત બની અબ પ્રભુજીસે પ્યારી,
જૈસે ચંદ ચકોરો,
આનંદઘન પ્રભુ ચરણ શરણ હે,
દીયો મોહે મુક્તિ કો ડેરો, (૩)

૧૩) પ્રભુ પાસજી તાહરું નામ મીઠું,
તિહું લોકમાં એટલું સાર દીઠું,
સદા સમરતાં સેવતા પાપ નીઠું,
મન માહરે તાહરું ધ્યાન બેઠું (૧)

**કવિ આનંદવર્ધનની ૯ પદ્યોની ભાવવાહી રચના છે, જે ચૈત્યવંદન રૂપે છે.**

૧૪) બાળભોગ્ય શૈલીમાં ગવાતો આ દુહો પણ ઘણું કહી જાય છે. જુઓ.

પ્રભુ નામની ઔષધિ, ખરા ભાવથી ખાય,
રોગ, શોક વ્યાપે નહિં, સવિ સંકટ મિટ જાય.

૧૫) લોકરૂઢિમાં ગવાતી આ પંક્તિ પણ લોકચાહનાની સૂચક છે.

પ્રભુ તારા નામ છે હજાર, કયા નામે લખવી કંકોતરી !

૧૬) **સિધ્ધ-સહસ્ત્ર નામ વર્ણન છંદ :**

૨૧ પદ્યોની છંદોબધ્ધ કૃતિ જે ભુજંગ પ્રયાત છંદમાં નિબધ્ધ છે. આ છંદમાં ઉપા. શ્રી યશોવિજય મ. પાર્શ્વનાથ ભગવાનની સિધ્ધાવસ્થાનું વર્ણન પ્રાચીન ગુર્જર વાણીમાં ૨૧ પદ્યોમાં કર્યું છે, જેમાં ૧૦૦૦ નામોનો સમાવેશ થાય છે. આપણે અહિ તેના થોડાંક પદ્યોનો આસ્વાદ લઈએ.

નકો મંત્ર, નવિ તંત્ર, નવિ યંત્ર, નવિ યંત્ર મોટો,
જિસ્યો નામ તાહરો શમ-અમૃત લોટો,
પ્રભો ! નામ મુજ તુમ અક્ષયનિધાન,
ધરું ચિત્ત સંસાર તારક પ્રધાન (૧૨)

અનામી તણા નામનો શ્યો વિશેષ,
એ તો મધ્યમાં વૈખરીનો ઉલ્લેખ,
મુનીરૂપ પશ્યંતિ કાંઈ પ્રમાણ ઈ,
અકલ અલખ તૂં ઇમ હોઈ ધ્યાન ટાણે (૧૩)

અહો યોગ મહિમા જગન્નાથ કેરો,
ટલેં પંચ કલ્યાણ ઈ જગ અંધેરો,

તદા નારકી જીવ પણિ સુખ પાવઈ,
ચરણ સેવવા ધસમસ્યા દેવ આવઈ. (૧૭)

ત્રિકાલજ્ઞ, અરિહંત જિન પારગામી
વિગત કર્મ પરમેષ્ટી, ભગવંત સ્વામિ,
પ્રભુ બોધિ દાભયદ આપ્ત-સ્વયંભૂ
જયો દેવ તીર્થંકરો તૂજ શંભુ. (૨૦)

ઈસ્યાં સિદ્ધ જિન્નાં કહયાં **સહસ્ત્રનામ,**
રહો શબ્ધ-ઝઘડો લહો શુદ્ધ ધામ,
ગુરુશ્રી નય વિજય બુધ ચરણ સેવી,
કહઈ શુધ્ધ પદ માંહિં નિજદષ્ટિ દેવી. (૨૧)

નામ મંત્રોની ધૂન
ૐ નમો ભગવતે શ્રી પાર્શ્વનાથાય,
પાર્શ્વનાથાય પ્રભુ પાર્શ્વનાથાય. ।।
પ્રભુ પાર્શ્વનાથાય. ।।

જૈન સાહિત્યના પ્રાચીન અર્વાચીન અવતરણોનું અવલોકન કર્યા પછી અજૈન ગ્રંથોમાં પણ દષ્ટિપાત કરતાં તેમાં પણ અનેક નામમંત્રોનો ઉલ્લેખ જોવા મળે છે, જેની નોંધ લેવી જરૂરી છે. નવધા ભક્તિમાં ભગવાનના નામનું સંકીર્તન પણ છે. ''વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્ર' વગેરે પ્રસિદ્ધ છે.

૧૭) **ભગવદ્ગીતા**માં કહ્યું છે.

**नाम संकीर्तन यस्य, सर्वपाप्रणाशनम्।।**

નામનો મહિમા **વ્યાસ**થી લઈ સંત **તુલસીદાસ** સુધીના સૌએ ગાયો છે અને એને પરાકાષ્ઠા સુધી પહોંચાડ્યો છે.

કહો કહાં લાગે, રામ નામ બડાઈ,
રામુ ન સકહિં, (we cant say) નામ ગુણ ગાઈ.

**आलोच्य सर्वशास्त्राणि,**
**चिचार्य च पुनः पुनः।**
**एकमेव सुनिष्पन्नम्,**
**हरि नामैव केवलम्।।**

સર્વ શાસ્ત્રોનો નિષ્કર્ષ છે કે વારંવાર વિચાર કરીને એટલું જ કહી શકાય કે, ભગવદ્ નામ-નામમંત્ર એ જ સારભૂત છે, બાકી બધું નિસાર છે.

પ્રભો ! તું મને વૈખરી વાણીથી પરાવાણી સુધી લઈ જવાનું સામર્થ્ય આપજે

બસ, વિરમું છું.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9904589052
9920372156

# वज्जालग्गं – प्राकृत सुभाषितसंग्रह

ડૉ. રવીન્દ્ર ખાંડવાળા

પ્રાકૃત સાહિત્યમાં સુભાષિત કે સુક્તિકોશોની પરંપરા રાજા હાલથી શરૂ થયેલી છે. એમની 'ગાહાસત્તસઈ' સુપ્રસિદ્ધ પ્રાકૃત સૂક્તિ-કોશ છે. 'ગાહાસત્તસઈ' પછી પ્રાકૃતના સુભાષિત સંગ્રહોમાં 'વજ્જાલગ્ગં'નું સ્થાન અપ્રતિમ મનાય છે. વજ્જાલગ્ગંના રચયિતા જૈન મુનિ જયવલ્લભ છે. જયવલ્લભ મુનિએ પ્રાકૃતના વૈવિધ્યસભર વિષયો ધરાવતાં મુક્તોનું આ ગ્રંથમાં સંકલન કર્યું છે, જે ઐતિહાસિક અને સાહિત્યિક રીતે પણ ઘણું મહત્ત્વ ધરાવે છે. અત્યારે ઉપલબ્ધ 'વજ્જાલગ્ગં'માં કુલ ૯૫ વજ્જાઓ અંતર્ગત કુલ ૭૯૫ ગાથાઓ પ્રાપ્ત થાય છે.

'વજ્જાલગ્ગં'ના પ્રારંભની પાંચ ગાથાઓ અને અંતિમ બે ગાથાઓ સંગ્રહકારની પોતાની સ્થાપનાઓ છે, બાકીની અન્ય પ્રાકૃત કવિઓની રચના છે. પ્રારંભે શ્રુતદેવીને પ્રણામ કરીને મુનિ જયવલ્લભે ગ્રંથનું પ્રયોજન દર્શાવ્યું છે. સાથેસાથે પ્રાકૃત કાવ્યોનાં માધુર્ય અને શૃંગારદક્ષતાનું પ્રતિપાદન કરતાં કરતાં ગ્રંથના શીર્ષકનો ઉલ્લેખ કરી 'વજ્જાલગ્ગં'નો અર્થ દર્શાવ્યો છે. ત્યારબાદ ગ્રંથના પારાયણથી મળતાં ફળનું ટૂંકમાં વર્ણન કર્યું.

તો, 'વજ્જલગ્ગં' વિશેની સામાન્ય માહિતી પ્રાપ્ત કર્યા બાદ હવે અહીં ક્રમશઃ 'વજ્જાલગ્ગં'ની પ્રાકૃત ગાથાઓને ગુજરાતી અનુવાદ સાથ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

૧. **सव्वन्नुवयणपंकयणिवासिणिं पणमिउण सुयदेविं।**
**धम्माइतिवग्गजुयं सुयाण सुहासियं वाच्छं ।।**
**અનુવાદ** - સર્વજ્ઞ જિનના મુખકમળમાં વસનારી શ્રુતદેવીને પ્રણામ કરીને ધર્મ વગેરે ત્રિવર્ગથી યુક્ત શ્રુતજ્ઞાનરૂપી સુભાષિત કહીશ (અથવા સજ્જનો માટે સૂક્તિઓ કહીશ.) (૧)
+ શ્રુતદેવી = સરસ્વતી, ત્રિવર્ગ = ધર્મ, અર્થ અને કામ.

૨. **अमयं पाइयकव्वं पढिएं सोउं च जे न जाणंति ।**
**कामस्स तत्तवन्तिं कुणंति ते कह न लज्जंति ।।**
**અનુવાદ** - જે (મનુષ્યો) અમૃતતુલ્ય પ્રાકૃત-કાવ્યને વાંચવાનું અને સાંભળવાનું જાણતા નથી. તેઓ કામવિષયક તાત્ત્વિકચર્ચા કરતી વખતે કેમ લાજતા નથી? (૨)

३. **विविहकइविरइयाणं गाहाणं वरकुलाणि धेत्तूण ।**
**रइयं वज्जालग्गं विहिणा जयवल्लहं नाम ।।**
**અનુવાદ** - વિવિધ કવિઓએ રચેલી ગાથાઓમાંથી શ્રેષ્ઠ ગાથા-સમૂહનું ચયન કરીને વિધિપૂર્વક જયવલ્લભે 'વજ્જાલગ્ગં'ની રચના કરી છે. (૩)

૪. **एक्कत्थे पत्थावे जत्थ पढिज्जंति पउरगाहाओ ।**
**तं सलु वज्जालग्गं वज्ज ति य पध्धई भणिया ।।**
**અનુવાદ** - જ્યાં એક પ્રસંગે ઘણી બધી ગાથાઓ કહેવામાં આવે છે તે 'વજ્જાલગ્ગ',છે 'પદ્ધતિ'ને 'વજ્જા' કહેવાય છે. (૪)

૫. **एयं वज्जालग्गं सव्वं जो पढइ अवसरम्मि सया ।**
**पाइयकव्वकई सो होहिइ तह कित्तिमंतो य ।।**
**અનુવાદ** - જે આ વજ્જાલગ્ગને સદા યોગ્ય અવસરે વાંચે છે (ભણે છે), તે પ્રાકૃત કાવ્યનો કવિ અને યશસ્વી બને છે. (૫)

### ૧. सोयारविज्जा (શ્રોતૃપદ્ધતિ)

૬. **दुक्खं कीरइ कव्वं कव्वम्मि कए पउंजणा दुक्खं ।**
**संते पउंसमाणे सोयास दुल्लहा हुंति ।।१।।**
**અનુવાદ** - કાવ્યની રચના કષ્ટપૂર્વક થાય છે, કાવ્યરચના થઈ ગયા પછી એને સંભળાવવું કષ્ટપ્રદ હોય છે અને જ્યારે સંભળાવાય છે ત્યાં સાંભળનારા પણ દુર્લભ હોય છે (૧)

૭. **सक्कयमसक्कयं पि हु अत्थो सोयारसंगमतसेण ।**
**अप्पुव्वरसविसेसं – जणेइ जं तं महच्छरियं ।। २ ।।**
**અનુવાદ** - સંસ્કૃત અને અ-સંસ્કૃત (પ્રાકૃત)માં પણ વર્ણવેલ કોઈ પણ અર્થ (ભાવ) શ્રોતાનો સંપર્ક પામીને જે અપૂર્વ રસ-વિશે ઉત્પન્ન કરી દે છે, એ જ મોટું આશ્ચર્ય છે (૨)

૮. **मुक्ताफलं व क्कव सहावविमलं सुवण्णसंघडियं ।**
**सोयारकण्णकुहरम्मि पयडियं पायडं होइ ।।३।।**
**અનુવાદ** - જેમ સ્વભાવથી નિર્મળ એવું મોતી જ્યારે સુવર્ણના દોરાથી સુગ્રંથિત થઈ કર્ણરન્ધ્રમાં પહેરાય છે, ત્યારે આકર્ષક બની જાય છે, એમ સ્વભાવથી જ નિર્દોષ કાવ્ય જ્યારે સુન્દર વર્ણો (અક્ષરો)થી સગ્રંથિત બની શ્રોતાઓના કર્ણોમાં પડે છે (સંભળાય છે, ત્યારે અભિવ્યક્ત થાય છે. (અર્થાત્) તેમનું મહત્ત્વ પ્રકટ થાય છે. (૩)

### ૨. गाहावज्जा (ગાથાપદ્ધતિ)

૯. **अद्धक्खरभणियाइं नूणं सविलासमुद्धहसियाइं ।**
**अद्धचिछपेच्छियाइं गाहाहि विणा न नज्जंति ।।१।।**

**અનુવાદ** - રમણીઓના અર્ધ-ઉચ્ચરિત કથનો, વિભ્રમપૂર્ણ-મધુર હાસ્ય અને કટાક્ષપૂર્ણ દૃષ્ટિ, નિઃસંદેહ ગાથાઓ ભણ્યા (જાણ્યા) વિના સમજી નથી શકાતા. (૧)

૧૦. **सालंकाशहि सलकखणाहि अन्नन्नरायरसिंयाहिं ।**
**गाहाहि पणइणाहि य खिज्जइ चित्तं अइंतीहिं. ।।२।।**

**અનુવાદ**- જેમ આભૂષણોથી સજ્જ, સુલક્ષણા + તથા જુદી-જુદી રાત્રિઓમાં રસીલી એવી પ્રણયિનીઓની (રાહ જોવા છતાં પણ) ન આવવાથી ચિત્ત દુઃખી થાય છે, એમ જ જ્યારે (ઉપમા વગેરે) અલંકારોથી અલંકૃત, (વ્યાકરણથી પ્રતિપાદિત) લક્ષણોથી યુક્ત અને વિભિન્ન (સંગીતના) રાગોથી રસાળ બનેલી ગાથાઓ નથી સમજાતી ત્યારે મનમાં દુઃખ થાય છે! (+સુલક્ષણા= સામુદ્રિક શાસ્ત્રમાં વર્ણવેલાં લક્ષણોવાળી.)

૧૧. **एपं चिय नवरि फुडं हिययं गाहाण महिलियाणं च ।**
**अणरसिएहि न भष्मइ दविणं व वि हीणपुण्णेहि ।। ३।।**

**અનુવાદ** - એ સ્પષ્ટ જ છે કે, જેમ પુણ્ય વગરના માણસો ધન પામી શકતા નથી એમ અરસિક વ્યક્તિઓ ગાથાઓના મર્મને અને સ્ત્રીઓના હૃદયને પામી શકતા નથી. (૩)

૧૨. **सच्छंदिया सरुवा सालंकारा य सरस उल्लावा ।**
**वरकामिणि व्य गाहा गाहिज्जंती रसं देइ ।।४।।**

**અનુવાદ** - જેમ સ્વચ્છન્દ (સ્વવશ), રૂપાળી, આભૂષણયુક્ત અને મધુર-ભાષિણી શ્રેષ્ઠ કામિનીનું અવગાહન સુખ પ્રદાન કરે છે, તેમ છંદોબદ્ધ, સુંદર શબ્દોવાળી (ઉપમા વગેરે) અલંકારોથી યુક્ત અને સ-રસ ઉક્તિઓવાળી ગાથાનું ગાન (શૃંગાર આદિ) રસપ્રદાન કરે છે (૪)

૧૩. **गाहाण रसा महिलाणं विष्भभा कइजणाण उल्लावा ।**
**कस्स न हरंति हिययं बालाण य मम्मणुल्लावा ।। प।।**

**અનુવાદ** - ગાથાઓના રસ, સ્ત્રીઓના વિભ્રમ, કવિઓની ઉક્તિઓ અને બાળકોના અવ્યક્ત શબ્દો (તોતડી બોલી) કોનાં મનને મોહ પમાડતા નથી!

❖ ❖ ❖ ❖

---

# અષ્ટપ્રકારી પૂજાનો આસ્વાદ

**આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

પંડિત વીરવિજય મહારાજ રચિત, પંડિત ઉત્તમવિજય મહારાજ રચિત, પંડિત દેવવિજય મહારાજ રચિત

## ભૂમિકા :

અષ્ટપ્રકારી પૂજાના દુહાઓ વ્યાપક રીતે પ્રચલિત છે એવો અષ્ટપ્રકારી પૂજાનો પ્રચાર વ્યવહારમાં દેખાતો નથી. ઉત્સવાદિ વિવિધ પ્રસંગોએ જે રીતે પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, અંતરાયકર્મ નિવારણ પૂજા કે એ પ્રકારની અન્ય પૂજાઓ ભણાવાય છે તે રીતે સ્વતંત્રપણે અષ્ટપ્રકારી પૂજાઓ ભણાવાતી હોય એવું મોટે ભાગે જોવા મળતું નથી. વીરવિજય મહારાજ અને અન્ય મુનિઓએ રચેલી અષ્ટપ્રકારી પૂજા સ્વતંત્રપણે ભણાવી શકાય એ પ્રકારની પૂજા છે. તાત્ત્વિક રીતે જોઈએ તો પંચકલ્યાણક કે એ પ્રકારની પ્રચલિત પૂજાઓ પણ વાસ્તવમાં તો અષ્ટપ્રકારી પૂજાઓ જ હોય છે, પરંતુ તે બધી પૂજાઓ અમુક વિષયકેન્દ્રિત કે વ્યક્તિકેન્દ્રિત હોય છે. જેમ કે પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા હોય તો તેમાં વ્યક્તિ તરીકે પાર્શ્વનાથનું જીવન, મહિમા કે ગુણાનુવાદ હોય. અંતરાયકર્મ નિવારણ પૂજા હોય તો તેમાં વિષય તરીકે તે કર્મના સંદર્ભમાં લાગતીવળગતી બાબતોનો નિર્દેશ હોય, પરંતુ વીરવિજય મહારાજ વગેરે રચનાકારોની અષ્ટપ્રકારી પૂજાઓમાં પૂજાના આઠ પ્રકારોનું જ વર્ણન મળે. મતલબ કે તેમાં જલ, ચંદન, પુષ્પાદિક આઠ પદાર્થો દ્વારા થતી પૂજાનો જ મહિમા દર્શાવેલો હોય એ રીતે આ પૂજાઓ થોડી અલગ પણ પડી જાય છે. હજી હમણાં થોડાં વરસો પૂર્વે સુધી આઠ દિવસના મહોત્સવમાં ચોસઠપ્રકારી પૂજાઓ ભણાવવાનું ચલણ જોવા મળતું હતું. એમાં દરરોજ એક કર્મના નિવારણ માટેની પૂજા હોય. એવું લાગે છે કે નવાં નવાં પૂજનોનો પ્રચાર અને બોલબાલા વધવાથી ધીમે ધીમે એ બધી પૂજાઓ ભણાવવામાં ઓટ અને ઉદાસીનતા આવી હશે. એકમાત્ર પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા હજી પ્રચલનમાં ટકી રહી છે. જોકે એને પાર્શ્વનાથનો પોતાનો જ મહિમા માનવો રહ્યો.

કવિવર વીરવિજય મહારાજના શબ્દો કાને પડે એટલે કાનમાં મોરપીંછ ફરતું હોય એવું લાગે !

દિલેર કવિ, ભાવનાશીલ સાધુપુરુષ, નખશિખ સમર્પણથી ભરેલા અને મીરાંના શબ્દોમાં કહીએ તો 'પ્રેમરોગ' લઈને જન્મેલા એવા વીરવિજય મહારાજ એટલે અમદાવાદની આન, ગુજરાતની બાન અને ભારતની શાન ! એક કાળે એવું કહેવાતું કે જૈન મુનિઓ એટલે કંટાળાજનક વ્યાખ્યાનોનો પર્યાય ! એમનામાં કવિતાની ઋજુતા ન હોય. જૈન મુનિઓની વિદ્વત્તા અપાર પણ ભાષા એવી કે સામાન્ય જનને પલ્લે કંઈ ન પડે ! એ બધા ન્યાય, વ્યાકરણ અને સંસ્કૃત સાહિત્યના બાદશાહ, પરંતુ એનાથી સામાન્ય શ્રોતાને શું લાભ ? અને મોટા ભાગના શ્રોતા તો સામન્યની શ્રેણીમાં જ સમાતા હોય.

કવિવર વીરવિજય મહારાજે આ ખોટી ધારણાને વધારે ખોટી પાડી. જિનશાસન તો પહેલેથી ઋજુદિલ કવિઓની ખાણ છે. માત્ર ઉત્તરકાળની જ વાત કરીએ તો જ્ઞાન અને ભક્તિના મહાસાગરસમા આનંદઘનજી, ઓછા શબ્દોમાં તત્ત્વજ્ઞાનનો મહાસાગર ભરી દેનાર ઉપા. યશોવિજય મહારાજ, ગુલાબની કોમળ પાંખડીઓ જેવી કવિતા કરનારા ઉપા. ઉદયરત્નજી મહારાજ, જૈન અને ગુજરાતી કાવ્યોના અણમોલ ખજાનાને સમૃદ્ધ કરનારા જ્ઞાનવિમલસૂરિજી, વીસમી સદીના આનંદઘન તરીકે ઓળખાયેલા બુદ્ધિસાગરસૂરિજી, કાન્ત કલાપિને ટક્કર મારે એવાં કાવ્યો સર્જનારા અજિતસાગરસુરિજી મહારાજ વગેરે ગણ્યા ગણાય નહીં ને આભલામાં સમાય નહીં એટલા બધા કવિઓ જિનશાસને જગતને આપ્યા છે.

જૈન મહાકવિઓના માનસરોવરમાં શ્વેતકમલ જેવી શોભા ધરાવનાર કવિવર વીરવિજય મહારાજે તો ગૂર્જરગિરામાં કવિતાનું આખું સામ્રાજ્ય ઊભું કર્યું છે. તમે દેરાસરમાં દાખલ થાઓ અને બહાર નીકળો ત્યાં સુધીમાં વીરવિજય મહારાજની કોઈ ને કોઈ નાની કે મોટી રચના તમારા કાને ન પડે તો જ નવાઈ. તમે દર્શન કરવા જાઓ અને સ્નાત્ર ચાલતું હોય તો સમજી લો કે તમે વીરવિજય મહારાજના કાવ્યસામ્રાજ્યમાં દાખલ થઈ ગયા ! વીરવિજય મહારાજની જગપ્રસિદ્ધ સ્નાત્રપૂજા એટલે મેરુગિરિનાં ઉત્તુંગ શિખરો ઉપર આપણે જ જાણે ઈન્દ્રમહારાજ બનીને નાનકડા પ્રભુનો અભિષેક કરતા હોઈએ એવી ભાવાનુભૂતિનો સાક્ષાત્કાર કરાવતી અદ્‌ભુત રચના.

કવિવર વીરવિજય મહારાજની એક નાની પણ અદ્‌ભુત રચના છે : 'અષ્ટપ્રકારી પૂજા.' આનો થોડો આસ્વાદ લઈએ.

તમે દેરાસરમાં હો અને કોઈ શ્રાવક-શ્રાવિકા મધુર સ્વરે **'જળપૂજા જુગતે કરો'** અથવા **'શીતળ ગુણ જેહમાં રહ્યો'** જેવાં કાવ્યો ગાતાં જોવા મળે તો સમજી લો કે આ શબ્દો પણ વીરવિજય મહારાજના જ ! અરે તમે ખુદ ધૂપપૂજા કરતા હો અને સાથે સાથે ગણગણતા હો કે **'ધ્યાનઘટા પ્રગટાવીએ, વામ નયન જિન ધૂપ'** તો તમે વીરવિજય મહારાજની અષ્ટપ્રકારી પૂજાના શબ્દો જ દોહરાવી રહ્યા છો !

અષ્ટપ્રકારી પૂજા એ એક આગવી જૈન પૂજાશૈલી છે. વીરવિજય મહારાજે જેમ અનેક પૂજાઓ રચી છે તેમ અષ્ટપ્રકારી પૂજા પણ રચી છે. દેરાસરમાં અષ્ટપ્રકારી પૂજા કરનારા ભાવ્યાત્માઓ તો ઘણા હોય પરંતુ અષ્ટપ્રકારી પૂજાનાં રહસ્યોનો ખ્યાલ બહુ ઓછા ભાગ્યવાનોને હોય. આ મુદ્દાને ધ્યાનમાં રાખીને કવિવર દરેક પૂજાનું રહસ્ય આપણને સમજાવે છે અને એનાથી થતા લાભોનો પણ નિર્દેશ કરે છે, ઉપરાંત પૂજામાં રાખવાની સાવધાનીઓ અંગે સભાનતા કેળવવાનું સૂચન પણ કરે છે, તો પૂજામાં સાચવવાની વિધિનો અંગુલિનિર્દેશ પણ કરે છે.

જેમ કે પૂજાના આરંભે જ ચોથી ગાથામાં વીરવિજય મહારાજ **'ઉત્તરાસંગ સુવિધિ કરો, આઠપડો મુખકોશ'** એ શબ્દો દ્વારા પૂજાવિધિનો વિવેક સૂચવે છે.

મૂળભૂત રીતે તો અંગપૂજા વગેરે પૂજાના ત્રણ જ પ્રકાર છે પરંતુ એના જ વિસ્તારરૂપે આઠ પ્રકારો થાય છે. કવિવર આ બાબત સ્પષ્ટ કરે છેઃ **'અંગાદિક ત્રિક પૂજના, ઉત્તર અષ્ટ પ્રકાર.'**

પહેલી જળપૂજા, બીજી વિલેપનપૂજા, પછી અનુક્રમે પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ એમ આઠે પૂજાનો ક્રમ પણ એમણે મંગલાચરણના દુહાઓમાં જણાવી દીધો છે. આમાં બીજા ક્રમાંકે વિલેપનપૂજા છે એ વિશેષતા આપણું ધ્યાન ખેંચે છે. મતલબ કે પ્રભુને માત્ર ચંદનનાં તિલક નથી કરવાનાં, પરંતુ ચંદનથી પ્રભુનાં અંગો પર વિલેપન કરવાનું છે.

### ૧. જળપૂજા

પ્રથમ જળપૂજા કેવી રીતે કરવાની? એનો ઉત્તર આ રહ્યો :

હાથનો સંપુટ કરીને કળશ ધારણ કરવાનાઃ **'નરનારી કરસંપુટે ધરિયે હર્ષ ભરેણ...'** આમાં વિવેક અને હરખના હિલોળા એમ બે વાતોનું સૂચન મળે છે. એક હાથે કળશ પકડવો અને બીજા હાથે મૂર્તિ ધોવી એ અનુચિત પ્રથા તરફ કવિ ધ્યાન દોરે છે. બે હાથ ખોબાની શૈલીઓ ભેગા કરીએ તો જ સંપુટ બની શકે. કવિ હાથનો સંપુટ કરવાનું સૂચન કરે છે

અને એ વખતે હૈયું હર્ષથી ઊભરાઈ જવું જોઈએ એમ પણ કહે છે.

કળશ કેવા હોય અને એમાં પાણી કેવું હોય ? એ જિજ્ઞાસાનું સમાધાન પણ હાજર છેઃ **'કનક કળશની શ્રેણિ.'** સોનાના કળશ જોઈએ અને એ મણિ-માણેક વગેરે રત્નોથી જડેલા હોવા જોઈએઃ **'જડિત મણિ-માણેક, કળશ સોવન તણા.'** ચિંતા ન કરશો, આ દેવોની (અને સાધનસંપન્ન ભાવિકોની) વાત છે. અન્ય મનુષ્યોએ પોતાની ક્ષમતા મુજબ સોનું ભેળવેલી ચાંદીના, તાંબાના, પિત્તળના, નયનરમ્ય, મનોહારી, સુંદર આકૃતિવાળા કળશોનો ઉપયોગ કરવો જોઈએ. અત્યારે દેરાસરોમાં વપરાતા જર્મનસિલ્વરના કળશો (અને થાળી, વાટકી વગેરે) વાપરવામાં કેટલું ઔચિત્ય છે વિચારવા જેવું છે. ખેર, એ અંગે ફરી ક્યારેક.

ઉક્ત કળશો સુગંધિત પાણીથી ભરેલા હોવા જોઈએ-

**'વિશદ ગંધોદકે, વાસિત કુસુમાદિકે'** કળશના પાણીને કેસર વગેરે ઉત્તમ દ્રવ્યો અને પુષ્પાદિક સુગંધિત પદાર્થોથી વાસિત કરવું જોઈએ અને એને લઈને ચારેકોર સુગંધ ફેલાઈ જવી જોઈએઃ **'સુવાસના મહમહે એ.'** સુગંધથી મઘમઘતા પાણીથી અભિષેકપૂજા કરવાથી શું થાય? **'દુરિત દુઃખ ધૂજના...'** પાપો અને દુઃખો ધ્રૂજી ઊઠે.

આપણે જળપૂજા કરતી વખતે કંઈ માગવું હોય તો મંગાય ખરું ? એનો ઉત્તર પણ કવિવરે આપ્યો છે :

**'જળપૂજા જુગતે કરો, મેલ અનાધિ વિનાશ;**
**જળપૂજા ફળ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ.'**

આ દુહો જળપૂજા વખતે ભાવિકો બોલે છે. એમાં અનાદિકાળથી આત્મા પર જે મેલ લાગ્યા છે એ દૂર થાય તેવી કૃપા પ્રભુ પાસે માગવાની વાત કરી છે. બસ, ભાવિકે તો **'જળપૂજા જુગતે'** કરવાની. બાકી બધું પ્રભુની કૃપા ઉપર છોડી દેવાનું.

દેવોનું સામર્થ્ય અને પુન્ય અપાર છે, તેથી તેઓ જળપૂજા માટે જે પાણીનો ઉપયોગ કરે છે તે માગધ, વરદામ, પ્રભાસ અને ક્ષીરસાગરનાં નિર્મળ જળ હોય છે.

આપણે યથાશક્તિ પવિત્ર નદીઓ, ચોખ્ખા કૂવા, પવિત્ર વાવડીઓ વગેરેનું પાણી વાપરી શકીએ. આજના યુગમાં આ બધું દુર્લભ થતું જાય છે. એવા વિકટ સંયોગોમાં જે પાણીનો ઉપયોગ કરીએ તે નિર્મળ, ચોખ્ખું, પવિત્ર અને જયણાપૂર્વક એકત્ર કરેલું તેમજ શુદ્ધ વસ્ત્રથી ગાળેલું હોય એટલો વિવેક તો રાખવો જ જોઈએ.

જળપૂજાના પ્રભાવે આત્મા નિર્મળ કેવળજ્ઞાન પામે છે. કવિવર વીરવિજય મહારાજે જળપૂજા દ્વારા આત્મકલ્યાણ સાધનાર સોમેશ્વરી નામની વિપ્રવધૂનો દાખલો આપ્યો છે.

**'વિપ્રવધૂ જળપૂજથી રે, સોમેસરી તસ નામ;**
**જગ જસ શુભ સુખસંપદા રે, પામી અવિચલ ઠામ સનેહા...'**

જિજ્ઞાસુઓએ સોમેશ્વરીનું વૃત્તાંત યોગ્ય સ્થળે જોઈ લેવું.

બસ, કવિવર એક જ ભલામણ કરે છે :

દેવોની જેમ જળપૂજાના ભક્તિરસમાં ગુલતાન થઈ જાઓ.

**'સુરરાજ જયું ભવિ જળપૂજા યુગતે કરો રે'**

***

## ૨. ચંદનપૂજા

**'આતમગુણ વાસન ભણી, ચંદનપૂજા સાર;**
**જેમ મઘવા અપછર કરે, તેમ કરીયે નરનાર'**

બીજી ચંદનપૂજા છે.

હરખની હેલી હૈયે ધરીને ચારેબાજુ સુરભિને ફેલાવી દે એવા સુંદર મજાનાં બાવનાચંદન લેવાનાં, એને કેસરથી મિશ્રિત કરીને ઘૂંટવાનાં અને મન, વચન, કાયાની સ્થિરતા કેળવીને સોનાની કારીગરીવાળાં રત્નનાં કચોળાં ભરીને પ્રભુની નજરમાં નજર મેળવીને ચંદનપૂજામાં લીન થવાનું.

આવા ઉત્તમ ચંદનથી પ્રભુના નવ અંગે પૂજા કરવાની : બે ચરણ (૧) બે જાનુ (૨) બે હાથ (૩) બે ખભા (૪) મસ્તક (૫) કપાળ (૬) કંઠ (૭) ઉર (૮) અને ઉદર-નાભિ

આવા બાવનાચંદન દ્વારા જેમ મઘવા એટલે ઈન્દ્ર અને તેની અપસરાઓ પૂજા કરે છે તેમ આપણે પણ કરવાની છે.

**'શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ;**
**આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ.'**

ચંદનપૂજાનું હાર્દ એ છે કે એ પરમશીતલ છે. સામી બાજુ પ્રભુ પોતે શીતલતાના ભંડાર છે અને પ્રભુના મુખનો વર્ણ તો જોતાં જ શીતળતા ફેલાવી દે એવો ! ચંદનની શીતલતા દ્વારા પ્રભુની શીતલતા આત્મામાં આવે એ માટે પ્રભુના અંગે ચંદનપૂજા કરવાની છે.

હરિચંદન અને ઘનસારના સંયોજનથી તૈયાર થયેલો ઘોળ અને એનાથી ભરેલાં મઘમઘતાં કચોળાંથી થતું દ્રવ્યતિલક એ વાસ્તવમાં તો શિવસુંદરીના મસ્તકે શોભતા ભાવતિલકનું કારણ બને છે. મતલબ કે એ મુક્તિસુખને આપનારું બને છે.

બે ચરણ, બે જાનુ, બે હાથ અને બે ખભા એમ ચાર સ્થાને તિલક કરીને પછી ગાત્ર ઉપર વિલેપન કરવું જોઈએઃ

**'પઢમ ચઉ થાનકે રે તિલક વિમલ સુખકાર;**

**ગાત્ર વિલેપન પૂજના રે, જગદ્‌ગુરુ જયકાર.'**

આવી ચંદનપૂજાથી શું થાય ?

ક્રોધાગ્નિ શાંત પડે, ભક્ત પર પ્રભુની કૃપા ઊતરે, ક્ષણેક્ષણ પ્રમોદમાં વીતે અને ખાસ તો જયસૂર અને શુભમતિ નામના દંપતીની જેમ મોક્ષગતિની પ્રાપ્તિ થાય.

અને, કવિવરના શબ્દોમાં:

**'ચંદનપૂજા જિનતણી રે, કરતાં શુભ કલ્યાણ.'**

***

### ૩. પુષ્પપૂજા

પુષ્પપૂજા માટે કવિવરે વાપરેલો 'સુમન્સ' શબ્દ શ્લેષાત્મક છે. સુમનસનો એક અર્થ થાય 'પુષ્પ' અને બીજો અર્થ થાય 'સુંદર મન.' બન્ને અર્થોને વીરવિજય મહારાજે ખૂબીપૂર્વક કાવ્યમાં વણી લીધા છે.

કવિ કહે છે :

**'હવે ત્રીજી સુમનસતણી, સુમનસ કરણ સ્વભાવ;'**

'સુમનસ' એટલે પુષ્પપૂજાથી 'સુમનસ' એટલે સુંદર મન થાય છે. મતલબ કે મન સુંદરતાનું ધામ બને છે અને જ્ઞાનીજનો કહી ગયા છે તેમ, સાચું સૌન્દર્ય તો મનમાં જ સમાયેલું છે. બાહ્ય સુંદરતા તો ચાર દિનની ચાંદની, ફિર અંધેરી રાત !

ભાવજગતની સુગંધ મેળવવા દ્રવ્યપુષ્પો દ્વારા જિનપૂજન એ તો આપણી શાશ્વતપ્રણાલી છે. માટે જ કાવ્યની પૂર્ણતા કરતાં કવિવર લખે છે :

**'ભાવસુગંધ કરણ ભણી, દ્રવ્ય કુસુમ પ્રસ્તાવ.'**

ફૂલ કેવાં હોવાં જોઈએ ?

એક તો સુગંધથી મઘમઘતાં અને વળી ભાતભાતનાં. આમાં ખાસ વાત તો એ છે કે આવાં ફૂલ લાવતી વખતે પાછું વળીને જોવાનું નથી. મન મૂકીને લેવાનાં છે – કવિવર કહે છે તેમ – **'મેળવી ધન મોકળો.'** ધનની થેલી મોકળી રાખવાની ! તદ્દન ખુલ્લી ! કારણ કે જે પ્રભુની પૂજા કરવી છે એવો દેવાધિદેવ ક્યાંય નહીં મળે: **'સુરનાથ જ્યું ભાવિલોક પૂજો, જિનપ દૂજો નહીં મળે.'**

પુષ્પો પણ કેવાં કેવાં ! મોગરો, ચંપો, માલતી, કેતકી, જાસૂદ, પ્રિયંગુ, પુન્નાગ, નાગ, દાઉડી, પાડલ, જાઈ, જૂઈ, બોલસિરી, સેવંતી, મચકુંદ, ચમેલી, પદ્મમલ્લિકા, કુંદન, દમણો, મરવો (ડમરો) સહકાર, લાલ ગુલાબ, બકુલ, કોરંટ, કેવડો વગેરે પુષ્પોથી જિનપૂજા કરવાની છે. આ પુષ્પો નિર્મળ જળમાં ઊગેલાં અને સુગંધથી મઘમઘતાં હોવાં જોઈએ, તૂટેલાં, સડેલાં કે જીવજંતુ દ્વારા ખવાઈ ગયેલાં ફૂલ ન લેવાં, પરંતુ કવિવર કહે છે તેમ, **'સુરભિ કુસુમ અખંડ'** લેવાં. આમાં કવિનું આડકતરું સૂચન એ સમાયું છે કે પૂજામાં વિવેક બહુ મહત્ત્વનો છે.

મન, વચન અને કાયાની નિર્મળતા સાથે જો પુષ્પપૂજા કરવામાં આવે તો તે વણિકપુત્રી લીલાવતીની જેમ મહાનંદ પદ એટલે કે મોક્ષને આપનારી બની રહે છે.

કવિવર એક સરસ વાત કહે છે કે, જે આપણે અનુશ્રુતિથી સાંભળતા આવ્યા છીએ : **'સુમજંતુ ભવ્ય જ પરે, કરીએ સમક્તિ છાપ.'** સુમજંતુ એટલે કે જિનપૂજા માટે વપરાતાં પુષ્પોમાં રહેલા વનસ્પતિ નિકાયના આત્માઓ ભાવ્ય હોય છે. એ જ રીતે પૂજક પણ પોતે પોતાના સમ્યક્ત્વની છાપને પાકી કરે.

### ૪. ધૂપપૂજા

**'કર્મ સમિધ દાહન ભણી, ધ્યાનાનળ સળગાય;**

**દ્રવ્ય ધૂપ કરી આતમા, સહજ સુગંધિત થાય.'**

ચોથી ધૂપપૂજાનું મહિમાગાન કરતાં કવિવરે ધૂપપૂજાથી આત્માને સુગંધિત કરવાની વાત કરી છે. આત્માની સહજતા એ જ આત્માની સુગંધ ! ભવભયનું ચૂર્ણ કરી નાખે એવા વિવિધ ચૂર્ણોના સંયોજનથી ધૂપપૂજા કરવાની છે. ધૂપનાં દ્રવ્યો પણ કેવાં ઉત્તમ છે !–

અંબર, અગર, ઘનસાર, બરાસ, કંદરૂપ, તુરુષ્ક, કસ્તૂરી, કપૂર વગેરે શુચિ પદાર્થો ચંદનમાં ભેળવીને ધૂપ તૈયાર કરવો જોઈએ. **'ભેળીએ મેળવી ચંદને એ.'** વિવિધ વર્ણના દશાંગ ધૂપનો પણ એક વિશિષ્ટ મહિમા છે. કંચન અને રત્નના ધૂપધાણામાં નિર્ધૂમ અગ્નિ પેટાવીને દશેદિશાઓમાં ધૂપનો પરિમલ ફેલાઈ જાય એવી રીતે જિનમંદિરનો સમગ્ર માર્ગ ધૂપવાસિત કરી દેવાનો !

ધૂપપૂજા પ્રભુની ડાબી તરફ કવાનું વિધાન છે પણ કવિવર આપણને કહી દે છે :

**'ધ્યાનઘટા પ્રગટાવીએ, વામ નયન જિન ધૂપ;'**

ધૂપપૂજાથી શું થાય ? મિથ્યાત્વની દુર્ગંધ દૂર થાય અને આત્માની સહજ સ્વાભાવિક દશા પ્રગટ થાય.

**'મિચ્છત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મસ્વરૂપ.'**

પરમદયાળુ એવા જગતનાથની સેવામાં હજારો દેવતાઓ ધૂપપૂજા કરે છે. એ જ રીતે ભવ્યાત્માઓએ પણ ધૂપપૂજા કરવી જોઈએ. ધૂપની ધૂમ્રસેર જેમ ઉપરની બાજુએ જાય છે તેમ ધૂપપૂજા કરનારની પણ ઊર્ધ્વગતિ થાય છે અને અરૂપી અવસ્થા, વિમળતા, ત્રિકાળવેદી જ્ઞાનાવસ્થા જેવા વિવિધ

લાભોથી છલકાતી સિદ્ધાવસ્થા એ તો ધૂપપૂજાનું અતિવિશિષ્ટ ફળ છે.

આ ધૂપપૂજા ચારે ગતિનો નાશ કરનારી છેઃ **'ચોથી પૂજા ચિહું ગતિહારી, વારી કર્મ કી જાળ.'**

વિનયંધર રાજાને ધૂપપૂજા એવી ફળી કે સાતમા ભવે તો એમનો મોક્ષ થઈ ગયો.

**'વીર કહે ભવ સાતમે સિદ્ધાન, વિનયંધર ભૂપાળ.'**

***

### ૫. દીપકપૂજા

**'પંચમી ગતિ વરવા ભણી, પંચમી પૂજા રસાળ;**
**કેવળજ્ઞાન ગવેષવા, ધરિયે દીપકમળ.'**

દીપકપૂજાનું મહાત્મય વર્ણવતાં કવિવરે ગાયું છે કે પાંચમી દીપકપૂજા પાંચમી ગતિ એટલે કે મોક્ષ આપનારી બને છે. આ પૂજાના પ્રભાવે તો કેવળજ્ઞાનનો પ્રકાશ ફેલાઈ જાય !

જેમ ધૂપ પ્રભુની ડાબી તરફ કરવાનો, તેમ દીપક પ્રભુની જમણી તરફ કરવાનોઃ **'દીપક જ્યોતિ બની નવરંગા, દીનદયાળ કે દાહિણ અંગા.'** શક્ય ત્યાં સુધી ગાયનું ઘી વપરાય એ ઈચ્છવાયોગ્ય છેઃ **'ધેનુહવિષ ભરિયે ઉછરંગા.'** એક મહત્ત્વના વિવેકનું સૂચન પણ કવિવર કરે છે : **'પ્રાણી ઉગારણ કારણ ફાનસ, કરિયે જવું નવિ આય પતંગા.'** જિનશાસનમાં પૂજા કરતાં જયણાનું મહત્ત્વ વધારે છે. જો જયણાવિહીન પૂજા કરાય તો એ લાભના બદલે હાનિ પહોંચાડવાનું જ કામ કરશે. માટે, દીપકની સ્થાપના ફાનસમાં કરવાની, જેથી પતંગિયા વગેરે જંતુઓ એમાં પડે નહીં. દીપકપૂજાથી થનાર લાભની વાત કરતાં કવિવર કહે છે કે આનાથી સમ્યક્ત્વની અનુભૂતિ થાય છે.

**'ઝમઝમ જ્યોતિશું દીપક ધરિયે, અનુભવ દીપક સમક્તિ સંગા.'**

જિન મંદિરમાં જવું, આશયની શુદ્ધતા જાળવવી, નિર્મળ ગંગા જેવા વિચારો રાખવા અને વિમળ એવું ધ્યાન ધરવું. આ રીતે જો દીપકપૂજા કરાય તો કવિવર કહે છે તેમ, મોહભુજંગ ભાગી છૂટે છે.

**'જિનમંદિર જઈ દીપ પ્રગટ ધરી,**
**આશય શુદ્ધ વિમલ જળગંગા;**
**ધ્યાન વિમલ કરતાં ભવિ નાસે,**
**દીપ વિરાજથી મોહભુજંગા.'**

ઉપરાંત,

જેમ સૂરજ ઊગે અને એના પ્રકાશના પ્રભાવે નિશાચર પતંગિયાં તેમ જ તસ્કરો ભાગી છૂટે તેમ દીપકના પ્રભાવે મિથ્યાત્વનો અંધકાર દૂર ભાગે અને સાથોસાથ, અનંગ અવસ્થા એટલે કે અશરીરી અવસ્થા પ્રાપ્ત થાય.

દીપક ભલે દ્રવ્યથી કરાતો હોય પરંતુ એનું ભાવનાત્મક ફળ તો અપરંપાર છે. કવિવર કહે છે તેમ,

**'દ્રવ્યદીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;**
**ભાવ પ્રદીપ પ્રગટે હુવે, ભાસિત લોકાલોક.'**

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9892828196

# માનવજીવન અણમોલ

કાકુલાલ મહેતા

આ વિશ્વનું સર્જન કુદરતે કર્યું છે તેમ જ સર્વ પ્રકારની જીવ-સૃષ્ટિનું સર્જન પણ પ્રકૃતિ દ્વારા થાય છે, જેમાં આપણને પ્રતીતિ થાય એવું અદ્ભુત જીવન જો કોઈને મળ્યું હોય તો તે છે નિશંક માનવજીવન. માનરહિત સકળ જીવ-સૃષ્ટિ કુદરતના આધારે જ જીવે છે અને પોતાને માટે નિર્મિત થયેલું કાર્ય કરીને મૃત્યુને વરે છે અને ફરીથી નવો દેહ-નવો અવતાર ધારણ કરે છે, કેમ કે દેહમાં વસેલો આત્મા અમર છે પણ એ વાતનું જ્ઞાન નથી. આત્મા છે પણ સુસપ્ત છે, એને જગાડવાનો બાકી છે. એમના રક્ષણ માટે નથી હોતાં ઘર, ન કપડાં, ન દવાખાનાં, કેવળ ભૂખ જ એમને કાર્યાન્વિત કરે છે.

આ વિશ્વનું સર્વશ્રેષ્ઠ સર્જન હોય તો તે છે માનવજીવન. માનવને પ્રકૃતિદત્ત અદ્ભુત વરદાન એ છે કે તે વિચારી શકે છે, બોલી શકે છે-વાચા છે અને વિચારોનું વિશ્લેષણ કરી શકે છે. વિચારોનું આદાન- પ્રદાન પણ કરી શકે છે અને આજે વિચારવાની અને એ પ્રમાણે વર્તન કરવાની શક્તિ છે તેને બુધ્ધિ કહેવામાં આવે છે. બુધ્ધિ ઉપરાંત સંવેદનશીલ હોવાથી એને અનુકૂળ એવું જીવન પુરુષાર્થ કરીને ઘડી પણ શકે છે.

માનવીને, માનવપશુ પણ કહેવામાં આવે છે, કારણ કે કોઈ પણ જીવ જ્યારે દેહ ધારણ કરે છે ત્યારે ચાર સંજ્ઞા સાથે જન્મે છે. ચાર સંજ્ઞા એટલે, ભૂખ, ભય, નિંદ્રા અને પરિવારભાવના જેને મૈથુન પણ કહેવામાં આવે છે તે સર્વ જીવોમાં સમાન હોય છે. પરંતુ માનવીનો આત્મા અનુભવોમાંથી જ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે તેને માનવજીવન પ્રાપ્ત થાય છે. આ રીતે માનવજીવન એ અન્ય સર્વ જીવો

કરતાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. માનવેતર સૃષ્ટિમાં પણ ચારપગા જીવો જેમ કે ગાય, ભેંસ, હાથી, ઘોડા વગેરે કે જેમને, માનવીની જેમ જ, પાંચ ઈંદ્રિયો છે તેને શ્રેષ્ઠ માનવામાં આવે છે, પરંતુ એમને સંવેદનભાવ હોવા છતાં એ નથી બોલી શકતાં કે નથી વિચારી શકતાં. આમ સકળ જીવસૃષ્ટિમાં માનવજીવન શ્રેષ્ઠ માનવામાં આવે છે, પરંતુ એથી એ વિશેષ વાત એ છે કે માનવીને ચાર પગને બદલે બે પગ અને બે હાથ આપવામાં આવ્યા છે જેને કારણે એ ટટ્ટાર ઊભો રહી શકે છે અને બુદ્ધિને કારણે તે ઘણી બધી પ્રવૃત્તિ કરી શકે છે અને એથી જ માનવજીવન સર્વશ્રેષ્ઠ બને છે. અન્ય જીવસૃષ્ટિ જ્યારે ફક્ત કુદરતના આધારે જ જીવે છે ત્યાં માનવી જાતે આહર ઉત્પન્ન કરી પોતાના શરીરનું પોષણ કરી શકે છે. ભયનો સામનો પણ કરી શકે છે. યથોચિત જીવનનું ઘડતર કરી શકે છે.

આટલું આપીને કુદરતે માનવીને પોતાના જીવનને વિકસાવીને જીવન-મરણથી મુક્ત એવી ભાવદશામાં પહોંચવાની કે જ્યાં જ્ઞાન, આનંદ અને નિર્મળ પ્રેમ સિવાય કાંઈ જ નથી, મૃત્યુ પણ નથી એવી મોક્ષઅવસ્થામાં પહોંચી શકે છે. એ જ કારણે જેઓ આવી અવસ્થાએ પહોંચ્યા છે તે કહે છે કે ત્રણ જગત (પૃથ્વી, આકાશ અને પાતાળ)નું રાજ્ય પણ મળી જતું હોય તોપણ જતું કરવું એવું આ માનવજીવન અણમોલ છે. અરે, સ્વર્ગનું સુખ પણ માનવજીવન કરતાં વિશેષ નથી. કોઈએ એમ પણ કહ્યું છે કે, દેવોને પણ અંતે તો માનવજીવન મેળવવું પડે છે અને ત્યારે જ મુક્તિ પામી શકાય છે. તો આવા અણમોલ જીવનની પ્રાપ્તિ માટે પ્રકૃતિમાતાનો આભાર માનીએ. પ્રકૃતિ જ યથાર્થ જીવનનું પ્રતીક છે.

મીરાએ ગાયુ : ''ઘૂંઘટ કે પટ ખોલ રે, તોહે પિયા મિલેંગે.'' મીરા પોતાને જ કહે છે કે તારા અંતરની સામે જે પડદારૂપી ઘૂંઘટ છે તેને હટાવ, અંતરને ખૂલ્લું મૂકી દે તો તેને બધું જ મળી રહેશે અને એ જ શ્રધ્ધાએ ઝેરનો કટોરો પી ગઈ. સૉક્રેટિસે પણ એ જ શ્રધ્ધાએ ઝેરનો કટોરો પીધેલો. એ જ અચળશ્રધ્ધાએ ઈસુ ફાંસીએ લટકાયેલા. એવી અચળ અને અડગ શ્રધ્ધાએ ગાંધીજીએ ગોળી ઝીલેલી.

તો આપણે એટલું જ વિચારીએ કે જ્યારે જીવન અને મરણ પણ આપણા હાથની વાત નથી. એકલા આવ્યા છીએ અને એકલા જવાનું છે, સર્વસ્વ છોડીને જવાનું છે, તો જીવન જેવું છે તેને સ્વીકારીએ અને જન્મથી મરણ સુધીનો જે ગાળો આપણા હાથમાં છે તેનો સ્વસ્થતાપૂર્વક ઉપયોગ કરીને અણમોલ જીવનને સાર્થક કરીએ. અંતે તો આત્મા જ શાશ્વત છે અને એ જ સત્ય છે અને સત્ય જ શિવમ્ એટલે કલ્યાણકારી છે અને એ જ સુંદર પણ છે. તો આત્માનું જ સ્મરણ રહે એ જ પ્રાર્થના !

**સત્યમ-શિવમ-સુંદરમ !**

❖ ❖ ❖ ❖

સંપર્ક : Email : kcm1927@yahoo.co.in

# અનશાન-ઉપવાસ-તપ ધાર્મિક અમૃત-વૈજ્ઞાનિક સંજીવની

હિંમતલાલ શાંતિલાલ ગાંધી

દુનિયાનાં મોટાભાગના ધર્મોનો ઈતિહાસ લગભગ છેલ્લા છ હજાર વર્ષોનો હોય તેવું જણાય છે. જૈન ધર્મ તથા સનાતન ધર્મ-વૈદિક ધર્મનો ઈતિહાસ અતિપ્રાચીન હોવાનાં શાસ્ત્રો તથા ઈતિહાસ ઉપલબ્ધ છે.

અનશન અથવા ઉપવાસનું ધાર્મિક મહત્ત્વ એક અથવા બીજી રીતે દરેક ધર્મમાં જણાવેલ છે, પરંતુ તપની મહત્તા ફક્ત જૈન ધર્મ તથા સનાતન ધર્મમાં જ બતાવાયેલ છે.

સનાતન ધર્મમાં કાળના-સમયના વિભાગ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ તથા અત્યારે પ્રવર્તમાન કળીયુગ તરીકે દર્શાવવામાં આવેલ છે. સત્તયુગ, ત્રેતાયુગ તથા દ્વાપર યુગમાં કઠીન તપ-ઘોર તપશ્ચર્યા દ્વારા જ્ઞાન, શાસ્ત્ર, શસ્ત્રસિધ્ધિ તથા લબ્ધિ પ્રાપ્ત કરવામાં આવતી. ઋષિઓ, રાજાઓ, વ્યક્તિઓ દિવસો, મહિનાઓ સુધી કુદરતના સાનિધ્યમાં એકાંતમાં એક આસન ઉપર બેસીને કે ઊભા રહીને અન્ન-જળના ત્યાગ સાથે પોતાનાં આરાધ્યદેવ-ઈશ્વરની સ્તુતિ-ભક્તિ કરીને ઈશ્વરી શક્તિને પ્રસન્ન કરીને ઇચ્છિત વરદાન પ્રાપ્ત કરતાં મેળવેલ લબ્ધિ, શાસ્ત્રો, જ્ઞાનનો ઉપયોગ સમાજ, દેશ તથા લોકકલ્યાણ અર્થે કરવામાં આવતો. છતાં કેટલાક લોકો તેનો ઉપયોગ નિજી સ્વાર્થ માટે અન્યોને નુકસાન પહોંચાડવા કરતા, પરિણામે અન્યો સાથે પોતાનો પણ, વિનાશ નોતરતા.

ત્રેતાયુગના મહાકાવ્ય 'રામાયણ' તથા દ્વાપરયુગનાં

'મહાભારત'માં આવી કેટલીય વક્તિઓનો ઉલ્લેખ છે.

જૈન ધર્મ અતિપ્રાચીન છે. જૈન ધર્મમાં ત્યાગ અને તપશ્ચર્યાનું ખૂબ મહત્ત્વ છે. તપશ્ચર્યાનો મુખ્ય હેતુ દેહશુધ્ધિ, આત્મશુધ્ધિ, સંયમ અને કર્મ નિર્જરા છે. કષાયોને દૂર કરવા અને કર્મને ખમાવવા માટે તપ જરૂરી છે, જેના દ્વાર મોક્ષપ્રાપ્તિ-જીવન-મરણના ફેરામાંથી મુક્તિ પ્રાપ્ત થાય. જૈન શાસ્ત્રો મુજબ અબજો વર્ષો પૂર્વે વર્તમાને ચોવીસીના પ્રથમ તીર્થંકર ૠષભદેવ થયા. તેમણે લોકકલ્યાણ અર્થે તથા પોતાના આત્માની મુક્તિ માટે ઘોર તપશ્ચર્યા કરેલ તથા અસિ, મસિ અને કૃષિ (કારીગરી, વિદ્યા-આદાન-પ્રદાન-વ્યાપાર તથા ખેતી)ની વિદ્યા લોકોને શીખવાડીને સંસ્કૃતિની શરૂઆત કરી. ત્યારબાદ સમયે સમયે ત્રેવીસ તીર્થંકરો થયા, જેમાં છેલ્લા ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી ૨૬૦૦ વર્ષ પૂર્વે થયા, જેમણે પંચમહાવ્રત અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ, અચૌર્ય અને બ્રહ્મચર્ય જે ખૂબ જ જરૂરી તથા જીવન માટે ઉપયોગી છે તે સમજાવ્યાં. પોતે ઉગ્ર તપશ્ચર્યા સાથે આ સિધ્ધાંતોને આચરણમાં મુક્યા. વ્યવહારનાં દરેક ક્ષેત્રે, દરેક જીવો તથા પ્રકૃતિ સાથે સુખમય જીવવાની કળા શીખવાડી. સંતુલન જાળવવાનું ત્ત્વ સમજાવ્યું. દરેક જીવને જીવવાનો અધિકાર છે તે જણાવ્યું. તપની મહત્તા પોતાના આચરણ દ્વારા સમજાવી.

અનશનનો અર્થ થાય છે **જે અશન અનશન** ! જેમાં ભોજનનો ત્યાગ અથવા અલ્પભોજન કરવામાં આવે. અહીં અનશનનો ભાવાર્થ છે-અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ. આમ ચારેય પ્રકારના અશનનો હેતુ એ છે કે પ્રમુખ આહારનો યથાયોગ્ય ત્યાગ કરવો અને આ જ અર્થ જૈન પરંપરામાં સ્વીકૃત છે. આમ અનશન કેવળ એક જ પ્રકારનાં ઉપવાસનાં રૂપમાં નથી હોતું, પણ એક ઉપવાસથી ઓછા સમયનું અને ઉપવાસથી પણ અધિક સમયનું એટલે કે ઉપવાસથી લઈને છ મહિના સુધીનાં ઉપવાસ અથવા તો આમરણાંત અનશન (સંથારા) સુધીના સમયનું પણ હોઈ શકે.

સમાજની શુધ્ધિ માટે તેમ જ પોતાની શુધ્ધિ માટે પ્રાયશ્ચિત્તના રૂપમાં ઉપવાસનું ખૂબ મહત્ત્વ છે. માણસ પોતાની ભૂલો અને દોષોને સુધારવા પશ્ચાત્તાપરૂપે પ્રાયશ્ચિત્ત કરતો નથી, તેથી એ દોષો વધતા જાય છે અને સમાજ અનેક દોષો અને અનિષ્ઠોનું ધામ બની જાય છે. પ્રાચીનકાળમાં મુખી કે અગ્રણીનાં વ્યક્તિગત જીવનમાં કોઈ અનિષ્ટ જાગતું તો એ પ્રાયશ્ચિત્ત સ્વરૂપે ઉપવાસ કરીને શુધ્ધિ પામતો. સમાજ (સંઘ)માં પણ કોઈ દોષ, ભૂલ, અનિષ્ટ કે અપરાધ થાય તો તેના માટે ક્યારેક અનિષ્ટ આચરનારને પ્રાયશ્ચિત્ત કરાવીને કે ક્યારેક પોતે જ તેના દોષ માટે પ્રાયશ્ચિત્તરૂપે ઉપવાસ કરીને સમાજને શુધ્ધ રાખવાનો પ્રયત્ન કરતા હતા. કેટલાક મુનિઓ સમાજના અનિષ્ટો, ઉપદ્રવો, અશાન્તિ, કલેષ વગેરે દૂર કરવા અને સંઘ (સમાજ)માં શુધ્ધ વાતાવરણ સર્જવા માટે ઉપવાસ કે આમરણ અનશન કરતા હતા તેમ જ સમાજને પણ એ ઉપવાસોમાં સામૂહિકરૂપે ભાગ લેવાની પ્રેરણા આપતા.

ભગવાન મહાવીરે એ વખતમાં પ્રચલિત દાસ-દાસીનાં ખરીદ-વેચાણ અને તેમની સાથે થતા અમાનુષિ વ્યવહારની કુ-પ્રથા વિરુધ્ધ અભિગ્રહ સત્યાભિમુખી સંકલ્પ ગ્રહણ કરવો જેમાં સંકલ્પપૂર્તિ સુધી ઉપવાસ કરવામાં આવે છે (કર્યો હતો). આમાં પાંચ મહિના અને પચીસ દિવસ સુધી તમને ઉપવાસી (નિરાહાર) રહેવું પડ્યું હતું અને તેમનો અભિગ્રહ પૂર્ણપણે સફળ થયો હતો. એનું પ્રતીક રાજકુમારી ચંદનબાલા (દાસીનાં રૂપમાં) બની. સમગ્ર સમાજ ઉપર આનો પ્રબળ પ્રભાવ પડ્યો અને તે અમાનવીય પ્રથા ધીરે ધીરે ભારતમાંથી લુપ્ત થઈ. સમાજમાં પ્રચલિત જાતિવાદનાં અનિષ્ટને દૂર કરવા માટે ભગવાન મહાવીરનું હરિકેશમુનિ જેમાં મુખ્ય હતા તેવા શ્રમણ-શ્રમણીનું મંડળ કર્યારત બની ગયું. એમણે ઘોરતપશ્ચર્યા કરી, અનેક કષ્ટ પરિગ્રહી અને ઉપસર્ગો (વિપદો) સહ્યા અને આખરે સમાજમાંથી આ અનિષ્ટનું જોર ઓછું થયું.

આવી રીતે મોટા મોટા યજ્ઞોમાં નિર્દોષ પશુઓની બલિની વિરુધ્ધ ભગવાન મહાવીર અને એમનો સંઘ તીવ્ર તપ સ્વીકારીને સમાજના મેદાનમાં ઉતરી પડ્યો હતો. એ ક્રૂર પ્રથા બંધ કરવા માટે તેમણે કંઈ ઓછું સહન નથી કર્યું ! તપશ્ચર્યા તો સતત ચાલતી રહી. બાર વર્ષના ભીષણ દુષ્કાળ વખતે જૈન સાધુ-શ્રાવક વર્ગમાંથી હજારોએ આમરણ અનશન કરીને શ્વેચ્છાએ શરીર છોડી દીધાં હતાં. જૈન ઈતિહાસનાં પાનાંઓ ઉપર આલેખાયેલી આ બધી ઘટનાઓ અને બાહ્ય તપનાં ચમત્કાર વાંચીએ છીએ તો એમાંથી આપણને અસીમ પ્રેરણા મળે છે.

પરંતુ એ ઉપવાસ શુધ્ધ ઉપવાસ હતા. એમાં કોઈ પ્રકારની પરવશતા, સ્વાર્થ, વાસના કે નામનાની કામના ન હતી અને એ ઉપવાસની સાથે સાથે પાંચેય ઈન્દ્રિયોનાં વિષયો અને કષાયોને ઓછા કરવાનો પ્રયત્ન ચાલતો રહેતો હતો. ઉપવાસનું લક્ષણ આ છે (ઉપર જુઓ) જ્યાં આહારની સાથે

કષાયો અને વિષયોનો ત્યાગ કરવામાં આવે એ જ ઉપવાસ કહેવાય. એના સિવાયનાં ઉપવાસને તો લાંછન ગણવામાં આવે છે. તપનો અર્થ કોઈ પણ ભોગે ભૂખ્યા રહેવું કે કષ્ટ સહન કરવું એવો નથી, પરંતુ ઉદ્દેશપૂર્વક, અભિગ્રહથી સ્વેચ્છાએ, સમાવપૂર્વક પોતાની ઈચ્છાઓને વિવિધ વિષયોમાંથી રોકવી એ તપ છે. જે તપથી વ્યક્તિ અને સમાજનાં જીવનનું ધારણ-પોષણ અને ચિત્ત-શોધન થાય, જે તપશ્ચર્યા માનવજીવનને કુમાર્ગે જતું અટકાવે અને થયેલ કોઈ પણ ભૂલ, અપરાધ કે દોષની શુદ્ધિ કરાવે, જે તપમાં લોકકલ્યાણની ભાવનાં રહેલી હોય એ તપ ધર્મ છે, અમૃત છે.

જે ગૃહસ્થો તપશ્ચર્યાને બાહ્યાંડબંર, ચમત્કાર, અર્થપ્રાપ્તિ, સાંસારિક કામનાઓની તૃપ્તિ અથવા તો યશ કે યેષણા મેળવવાનાં સાધન તરીકે માને છે, આવી કામનાઓની કેદમાં તપશ્ચર્યા હોવાથી એનો યશોષ્ટ પ્રભાવ કે તેજસ્વીતા પ્રગટ થતાં નથી કે તપ નું સાચુ ફળ સાંપડતું નથી કે જીવનની શુદ્ધિ થતી નથી. વળી આવું તપ વ્યક્તિગત કે સામાજિક જીવનમાં પ્રવેશેલાં દુષ્કર્મો કે દૂષણોને દૂર કરી શકતું નથી.

ભગવાન મહાવીરે ''દશવૈકાલિક સૂત્ર''માં સ્પષ્ટ કહ્યું છે : ''કોઈ પણ આલોકમાં સુખને માટે એટલે કે ધન, યશ, આડંબર, સ્વાર્થ, વિષયસુખ, પુત્રેષણા, લબ્ધિ જેવી દુન્યવી વસ્તુઓ માટે તપ કરવું નહીં. પરલોક માટે પણ તપ કરવું નહીં. પરલોકમાં સ્વર્ગાદી સુખ, વૈભવ દેવાંગના વગેરેની પ્રાપ્તિ થશે એમ માનીને તપ કરવું નહીં. કીર્તિ વધારવા માટે, વાહ-વાહ બોલાવવા માટે પ્રશાસ્ત કે પ્રશંસા મેળવવા તપ કરવું નહીં. માત્ર નિર્જરા કર્મમળને દૂર કરવા માટે અને સ્પષ્ટ શબ્દોમાં કહું તો પોતાની અને સમાજની આત્મશુદ્ધિ માટે જ તપ કરવું.''

તપસ્યાનો હેતુ સમજ્યા વિના, વિવેકબુદ્ધિ વાપર્યા વિના જેઓ તપ કરે છે તેઓનાં તપને ભગવદ્ગીતામાં તામસ કે રાજસ તપ કહ્યું છે. ભગવદ્ગીતા સ્પષ્ટપણે કહે છેઃ-

''જે તપ મૂઢતાથી અને હઠાગ્રહથી માત્ર પોતાની જાતને પીડા આપવા માટે કે બીજાને પરેશાન કરવા માટે કરવામાં આવે છે એ તામસ કહેવાય. જે સત્કાર, સન્માન અને પૂજા-પ્રતિષ્ઠા માટે દંભપૂર્વક કરવામાં આવે છે એ રાજસ તપ છે. આવું તપ ચંચલ અને અસ્થાયી છે.''

તપનો ઉદ્દેશ સ્પષ્ટ થયા બાદ એ પ્રશ્ન ઊભો થાય કે તપની મર્યાદા શું ? કેટલાક તીર્થંકરોના યુગમાં તપની, ખાસ કરીને અનશન તપની સીમા આંકવામાં આવી હતી. એ સમયે એવો નિયમ હતો કે જે તીર્થંકરોએ પોતાના જીવનકાળમાં જેટલું તપ (સળંગ ઉપવાસ) કર્યું હોય તેનાં શાસનકાળમાં સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકાએ સીમા સુધી જ તપ કરી શકે. ભગવાન મહાવીરે પોતાના જીવનકાળમાં સૌથી વધુ સતત છ મહિના સુધીનું તપ (ઉપવાસ) કર્યું એથી ભગવાન મહાવીરના શાસનમાં એકસાથે છ મહિનાથી વધુ તપ કરવાનું વિધાન નથી. આવી જ રીતે ભગવાન ઋષભદેવે વધુમાં વધુ એક વર્ષ સુધી તપ કર્યું તેથી એમના શાસનમાં વધુમાં વધુ એક વર્ષ સુધી જ તપ કરવાની આજ્ઞા હતી. એના પરિણામે ભગવાન ઋષભદેવનું ''વર્ષીતપ'' જાણીતું છે. હાલમાં જે વર્ષીતપ થાય છે તેમાં એક દિવસના ઉપવાસ પછી પારણા પછી ઉપવાસ કરવામાં આવે છે. બાર મહિના સુધી ઉપવાસ (સળંગ) કરવામાં આવતાં નથી.

મહોપાધ્યાય યશોવિજયજીએ ''જ્ઞાનસાર'' નામના ગ્રંથમાં સ્પષ્ટ કહ્યું છેઃ-

''હે સાધક, તારે એટલું તપ કરવું જોઈએ કે જ્યાં સુધી મનમાં દુર્ધ્યાન આવે નહીં, આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી મન કલેશ પામે નહીં, મનમાં રાગદ્વેષ અને કષાયોના દુર્ભાવ જાગે નહી અને મન કુ-સંકલ્પોથી ઘેરાય ન જાય, સાથોસાથ તારા મન, વચન અને કાયાનો યોગ હીન બને નહીં, મન દીનહીન બને નહીં, વચન ક્ષીણ બને નહીં, શરીર શિથિલ અને અતિદુર્બળ બનીને બીજાને ભારરૂપ બને નહીં. આ ઉપરાંત તારી ઈન્દ્રિયો ક્ષીણ થાય નહીં; એટલે કે ઈન્દ્રિયોની કાર્યશીલતા તદ્દન અશક્ત ન બને.''

આનો અર્થ એ જ કે જ્યાં સુધી શરીર સાથ આપે તથા મન સ્ફૂર્તિ તથા ઉલ્લાસમય હોય ત્યાં સુધી જ તપ કરવું.

અન્ય કેટલાક ધર્મોમાં પણ ઉપવાસનું મહત્ત્વ છે. વૈદિક ધર્મમાં અગિયારસનો એક સમય ફરાળ-આહાર સાથે ઉપવાસ કરવામાં આવે છે, તો ઈસ્લામ ધર્મમાં રમજાન માસમાં સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના રોજા-ઉપવાસ રાખવામાં આવે છે જેનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે છે. જૈનોનાં ઉપવાસ છત્રીસ કલાકના હોય છે. આગલા દિવસે સૂર્યાસ્તથી શરૂ કરી બીજો આખો દિવસ અને રાત્ર સાથે ત્રીજા દિવસના સુર્યોદય સુધીનો ઉપવાસ હોય છે, જેમાં દિવસ દરમિયાન ઉકાળેલું પાણી જ લઈ શકાય છે.

ધાર્મિક ઉપવાસ સિવાય લોકકલ્યાણની ભાવનાથી કરવામાં આવતા ઉપવાસનાં પણ ઉત્તમ પરિણામ આવી શકે છે તે વર્તમાન યુગમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પુરવાર કર્યું છે. કોમીહુલ્લડો-હત્યાકાંડ, જાતિભેદના દાવાનળ સામે અહિંસક

અનશન ઉપર ઉતરીને તેઓ શાંતિની સ્થાપના કરી શક્યા હતા તેમ જ અત્યાચારી, અન્યાયી, દમનકારી સરકારી કાનૂનો સામે પણ ઉપવાસ ઉપર ઉતરીને તેવા કાનૂનો નાબૂદ કરાવવામાં તેઓ સફળ રહ્યા હતા, એટલું જ નહીં પરંતુ સત્ય અને અહિંસાના રસ્તે દેશને વિદેશી શાસનની ગુલામીમાંથી મુક્ત કરાવ્યો.

આરોગ્યવિજ્ઞાનમાં પણ ઉપવાસનું એટલું જ મહત્ત્વ છેઃ

આજથી ૩૦૦૦ વર્ષ પહેલા થયેલ પ્રકાંડ આયુર્વેદાચાર્ય મહર્ષિ વાગભટજીએ એ સયમે અષ્ટાંગ ''દયમ્'' નામનો અતિઉપયોગી ગ્રંથ લખેલ છે, જેમાં ૭૦૦ શ્લોકોમાં સર્વ પ્રકારેની બીમારી, તેનાં લક્ષણો, કારણો તથા તેના ઉપચારો બતાવેલ છે. તેમણે જણાવેલ છે કે સૌથી ઉત્તમ ઔષધ એ 'લાંઘણ' ઉપવાસ છે. કોઈપણ બીમારીમાં દર્દીની ક્ષમતા મુજબ લાંઘણ કરાવ્યા બાદ, આહાર-વિહારની પરેજી સાથે અન્ય ઔષધો આપવા કહ્યું છે.

નિસર્ગોપચાર-કુદરતી ઉપચારનાં પ્રણેતા ગાંધીજીએ પણ ઉપવાસને મુખ્ય ડૉક્ટર ગણાવેલ છે. ગાંધીજીના પાંચ ડૉક્ટર હતા. ઉપવાસ, માટી, પાણી, સૂર્યપ્રકાશ અને રામનામ - ઈશ્વરમાં શ્રદ્ધા દ્વારા જ નેચરોપથીમાં ઉપચાર કરવામાં આવે છે, જેના ઉત્તમ પરિણામો આવે છે. ઉપાય-ઉપચારમાં વિશ્વાસ તથા શ્રદ્ધા સાથે મક્કમ મનોબળ હોવાં અત્યત જરૂરી છે.

આધુનિક વિજ્ઞાન એલોપેથીએ પણ સારવારમાં ઉપવાસનું મહત્ત્વ સ્વીકારેલ છે. કોઈપણ બીમારીમાંથી મુક્તિ મેળવવા કે બીમારીથી બચવા, શરીરમાં એકઠા થયેલ ટોક્સિન-વિષાણુઓને બહાર કાઢવાં જરૂરી છે. મેડિકલભાષામાં શરીરને સંપૂર્ણ રીતે ડી-ટાક્સિફાય કરવું જરૂરી છે. ડિટોસિફિકેશન એટલે આંતરિક શુધ્ધિ-સફાઈ. ડિટોસિફિકેશનનો સર્વશ્રેષ્ઠ ઉપાય - ક્રિયા એટલે ઉપવાસ.

વર્ષ ૨૦૧૬નું Medicine ઔષધમાં સંશોધન માટેનો દુનિયાનો સર્વશ્રેષ્ઠ એવૉર્ડ (Noble Prize) જાપાનીસ વૈજ્ઞાનિક ડૉ. યોશાનોરી હોસુમી (Dr. Yoshinori Ohsumi) ને એમના સંશોધન ઓટોફાગી (Autophagy) માટે આપવામાં આવ્યો છે. ઓટોફાગી એટલે શરીરનાં નુકસાન પામેલા કોષો તથા વણવપરાયેલ પ્રોટીનને શરીર પોતે જ ખાય, જ્યારે શરીરને ભૂખ્યું રાખવામાં આવે એટલે કે ઉપવાસ (Fasting) કરવામાં આવે. એમણે સાબિત કર્યું કે કેન્સર અટકાવવું તથા કેન્સરનાં ઉપચાર તરીકે ઉપવાસ એ શ્રેષ્ઠ કારગત ઉપચાર છે. તેમણે એ પણ સાબિત કર્યું છે કે બેક્ટેરિયા કે વાયરસથી નુકસાન પામેલા કોષોની વૃદ્ધિ અટકાવવા તથા તેનો નાશ કરવા માટે પણ (Fasting) ઉપવાસ કારગત ઉપચાર છે, જે હકીકતમાં તો એ નુકસાનકારક કોષોને ભૂખ્યા રાખવા માટે જરૂરી છે કે જેથી તે ભૂખ્યા કોષો નુકસાન પામેલા કોષો બેક્ટેરિયા તથા વાયરસથી પ્રભાવિત કોષોને ખાઈને તેનો નાશ કરે, એટલે ઉપવાસ એ શ્રેષ્ઠ ઔષધ છે તે સાબિત થયેલ છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9323331493

# દંડક અને ૨૪ દ્વાર

ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

ગતાંકમાં આપણે શરીરની વ્યાખ્યા જોઈ. એ શરીર ૨૪ દંડકમાં કોને કેટલા પ્રાપ્ત થઈ શકે તે જોયું. નારકી અને દેવને ત્રણ પ્રકારના શરીર પ્રાપ્ત થાય છે. વૈકિય, તૈજસ અને કાર્મણ, પાંચ સ્થાવરમાં વાયરા સિવાયના ચાર પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ અને ત્રણ વિકલેન્દ્રિયમાં તથા અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયને ત્રણ શરીર પ્રાપ્ત થાય છે, ઔદારિક, તૈજસ અને કાર્મણ. વાયરાને અને સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયને ઉપરના ત્રણ અને વૈકિય મળીને ચાર શરીર પ્રાપ્ત થાય છે. સંજ્ઞી મનુષ્યને પાંચેપાંચ શરીર પ્રાપ્ત થઈ શકે છે. એમાંય જુગલિયા અને સંમૂચ્છિર્મ મનુષ્યને ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર પ્રાપ્ત થાય છે. અન્ય રીતે (૧) ઔદારિક શરીરવાળા - ૧૦ દંડક પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, મનુષ્ય, તીર્યંચ પંચે (૨) વૈકિય શરીરવાળા - ૧૭ દંડક, ૧નારકી, ૧૩ દેવના, ૧ તિર્યંચ પંચે, વાયુકાય અને મનુષ્ય (૩) આહારક શરીરવાળા - ૧ જ મનુષ્યનો દંડક ૧૪ પૂર્વધારી સાધુને જ હોય. (૫) તૈજસ-કાર્મણ શરીરવાળા ૨૪ દંડક, તૈજસકાર્મણ વગેરેનો એક દંડક ન હોય. તૈજસ શરીરમાં આત્મા સંગ્રહીત થઈને રહે છે અને કાર્મણ શરીરમાં કર્મ સંગ્રહીત થઈને રહે છે. આ બે શરીર જીવ મોક્ષમાં ન જાય ત્યાં સુધી સાથે રહે છે. વાટે વહેતા જીવને એટલે કે એક ભવમાંથી બીજા ભવમાં ઉત્પન્ન થવા માટે જતા જીવને બે શરીર તૈજસ અને કાર્મણ હોય છે. એ સિવાય સંસારી જીવોને ઓછામાં ઓછા ત્રણ શરીર તો હોય જ છે.

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય એ ચાર સ્થાવરમાં

એક જીવના શરીર કે સંખ્યાતા જીવનાં શરીરને આપણે જોઈ શકતા નથી, અસંખ્ય જીવના શરીર ભેગા થાય ત્યારે જ જોઈ શકાય છે. અર્થાત આપણે પૃથ્વીકાયનું એક રજકણ જોઈએ છીએ એમાં અસંખ્યાતા જીવો હોય છે. ૧ જીવ કે સંખ્યાતા જીવના શરીર આપણને દેખાતા નથી અસંખ્યાતા જીવો ભેગા થાય ત્યારે જ જોઈ શકાય છે. જ્યારે વનસ્પતિમાં ઘણી વનસ્પતિના એક જીવને પણ જોઈ શકીએ છીએ ઘણી વનસ્પતિ એવી હોય છે, એમાં સંખ્યાતા જીવોના શરીર ભેગા થાય ત્યારે જોઈ શકાય છે. અને ઘણી વનસ્પતિના અસંખ્ય જીવો ભેગા થાય ત્યારે એના શરીરને જોઈ શકાય છે, જોકે વાયરાનું શરીર એ પ્રકારનું છે જે જોઈ શકાતું નથી પણ અનુભવી શકાય છે. એ રીતે સૂક્ષ્મ જીવોમાં અસંખ્ય જીવોના શરીર ભેગા થાય તો પણ-જોઈ શકાતા નથી. એ સિવાય બાકીના જીવોમાં એક જ જીવના શરીરને જોઈ શકાય છે.

**(૨) અવગાહના દ્વાર –**

સંસારી જીવોને જે શરીર પ્રાપ્ત થાય છે તેનું આધારભૂત ક્ષેત્ર કેટલું છે તે અવગાહના દ્વારા જાણી શકાય છે, તેથી શરીરના વર્ણન પછી અવગાહનાનું વર્ણન છે.

અવગાહના – અવ+ગાહ્+અન્ એ ત્રણ શબ્દોનો બનેલો છે અવ ઉવસર્ગ અહીં આધારના અર્થમાં છે. ગાહ્ એટલે પ્રવેશ કરવો, અન્ નામ બનાવનાર પ્રત્યય છે. એટલે આકાશ પ્રદેશના આધારે જેટલા આકાશપ્રદેશો ગ્રહણ કરીને રહેવાય તે અવગાહનાં ટૂંકમાં આકાશ પ્રદેશોને અવગાહીને (રોકીને) રહેવું તેનું નામ અવગાહનાં, અવગાહના અર્થાત ઊંચાઈ. દેહમાન, તનમાન, દેહ, શરીરમાન, શરીર, કાયા, તનુ વગેરે અવગાહનાના પર્યાયવાસી નામો છે.

જેમ વ્યવહારમાં મિલિમિટર, સેન્ટિમિટર, ઈંચ, ફૂટ, મીટર વગેરે છે એ જ રીતે અવગાહનાના માપ માટે અંગુલ, હાથ, ધનુષ્ય, ગાઉ, જોજન આદિ છે. અંગુલ એટલે આંગળીની લંબાઈ નહિ પણ પહોળાઈ-લેવાની છે. એવી છ આંગળીના માપ પ્રમાણે એક પગની પહોળાઈ – બે પગ = ૧વહેંત, બે વહેંત=૧ હાથ, ૪ હાથ= ૧ ધનુષ્ય, ૨૦૦૦ ધનુષ્ય = ૧ગાઉ, ૪ ગાઉ = ૧ જોજન આ રીતે જાણવું.

જીવોની અવગાહના આંગુલના અસંખ્યાતમા ભાગથી કરીને ઓછામાં ઓછી અસં. આકાશ પ્રદેશ થાય વધારેમાં વધારે હજાર જોજન ઝાઝેરી (અધિક) હોય છે. કેવળ સમુદ્ઘાત આશ્રી આખા લોક સુધીની હોય છે.

વૈક્રિય શરીર આશ્રી લાખ જોજન ઝાઝેરી હોય છે.

(૧) ઔદારિક શરીરની અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ ૧ હજાર જોજન ઝાઝેરી હોય છે.


(૨) વૈક્રિય શરીરની અવગાહના-ભવધરણી વૈક્રિયની જઘન્ય આંગુલના અસં. ભાગની ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની ઉત્તર વૈક્રિયની જઘન્ય આંગુલના અસંખ્યાત્તમા ભાગની વાયુકાય આશ્રી બાકી બધાની જઘન્ય આંગુલના સંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ એક લાખ જોજન ઝાઝેરી.

(૩) આહારક શરીરની અવગાહના જઘન્ય ૧ હાથ ન્યૂન ઉત્કૃષ્ટ ૧ હાથની.

(૪-૫) તૈજસ-કાર્મણ શરીરની અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતમાં ભાગની ઉત્કૃષ્ટ પોતપોતાના શરીર પ્રમાણે તથા ૧૪ રાજલોક પ્રમાણે (કેવળ સમુદ્ઘાત અપેક્ષા) આમ જે પ્રકારનું શરીર હોય એ પ્રમાણે એને યોગ્ય એરિયા (ક્ષેત્ર) પ્રાપ્ત થાય છે. આંગુલનો અસંખ્યાતમો ભાગ એટલે એક પહોળી આંગળીના અસંખ્યાતા ભાગની કલ્પના કરો એમાંનો ૧ ભાગ આપણી કલ્પનાની બહાર હોય એવો નાનામાં નાનો હિસ્સો આટલી નાની અવગાહનાં ઉત્પતિના સમયે હોય પછી જેમ જેમ શરીરનો વિકાસ થતો જાય એમ એમ અવગાહના વધતી જાય અને જેટલી પ્રાપ્ત થવાની હોય એટલી થઈ જાય. કોને કેટલી અવગાહના પ્રાપ્ત થાય એનું વિવરણ દંડકના પ્રકરણ (પાઠ)માં આપ્યું છે. જિજ્ઞાસુને ત્યાં જોઈ લેવા

## અવગાહનાનું માપ

**છ આંગુલ = ૧ પગ, બે પગ = ૧ વેંત, બે હાથ = ૧કૂક્ષિ,**
**૪ હાથ = ૧ ધનુષ્ય, (૯૬ આંગુલ, ૮ વેંત)**
**૨૦૦૦ ધનુષ્ય = ૧ગાઉ (કોશ),**
**૪ ગાઉ = ૧ યોજન (૧૯ કળા)**



વિનંતી અવગાહનાની વિચારણા શા માટે?

અહીં જે અવગાહના બતાવાઈ છે એ શરીરની અવગાહના છે. શરીરે જેટલી ઊંચાઈમાં આકાશના પ્રદેશોને અવગાહ્યા છે એટલી ઊંચાઈને અવગાહના કહેવાય છે. જીવના શરીરે રોકેલી જગ્યાની અહીં વાત છે એટલે બે પગ પર ઊભા રહી બે હાથ ઊંચા કરીને જીવ જેટલા આકાશ પ્રદેશને રોકી શકે તેટલી ઊંચાઈને અવગાહના કહે છે. વાટે વહેતા જીવ પાસે શરીર છે પણ એની અવગાહના નથી. કારણ કે એ એક દંડમાંથી બીજા દંડકમાં જાય છે ત્યારે વધારેમાં વધારે ૩ સમયમાં ગંતવ્ય (જ્યાં ઉપજવું છે ત્યાં) સ્થાને પહોંચી જાય છે. એટલે એટલી વારમાં એ આકાશ પ્રદેશને રોકતો નથી કે રોકાતો નથી, માટે એની અવગાહના ન હોય. અવગાહના દંડક કે ભવ પ્રમાણે બદલાતી રહે છે. ક્યારેક એકદમ નાની કે ક્યારેક એકદમ મોટી અવગાહના મળે છે. એટલે કે શરીરરૂપી ઘર ક્યારેક નાનું કે મોટું મળે છે. એ પ્રમાણે જીવ સંકોચન કે પ્રસારણ કરીને અવગાહના અનુસાર એ શરીરમાં પુરાઈને રહે છે.

જો આ વાત ધ્યાનમાં આવે અને જીવને પોતાની મૂળભૂત અવગાહના પ્રાપ્ત કરવાની અભિલાષા જાગે તો આ ભવસંસારમાંથી પાર પામી જાય. અવગાહનાનું સ્વરૂપ જાણીને પુદ્‌ગલ-શરીરની અવગાહના છોડવાનો પ્રયત્ન કરવાનો છે. શુધ્ધ અવગાહના સિદ્ધના જીવોની છે એમાં વધઘટ થતી નથી. તેરમા ગુણસ્થાનકને કાર્યયોગનું રૂંધન કરે ત્યારે $^{૧}/_{૩}$ અવગાહના ઓછી થઈ જાય છે. શરીરમાં જે પોલાણ હોય એટલે જ્યાં જીવના પ્રદેશ ન હોય તેટલા ભાગ સંકોચાઈ જાય છે, એટલે કે ભવોપગ્રાહી (અઘાતી) ચાર કર્મોની હાજરીમાં જ અવગાહના ઘટી જાય છે. આઠ કર્મોના ક્ષય થયા પછી નથી ઘટતી.

સિદ્ધની અવગાહના - કર્મરહિત આત્મપ્રદેશો જેટલા ક્ષેત્રમાં રહે તેને સિદ્ધની અવગાહના કહેવાય છે. તેનું માપ આગમમાં નીચે પ્રમાણે છે.

ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યના મનુષ્ય સિદ્ધ થયા હોય તો ૩૩૩ ધનુષ્ય ૩૨ અંગુલની અવગાહના હોય. મધ્યમ સાત હાથના મનુષ્ય સિદ્ધ થયા હોય તો ચાર હાથ ને ૧૬ અંગુલની અવગાહના હોય.

જઘન્ય બે હાથના મનુષ્ય સિદ્ધ થયા હોય તો એક હાથ ને આઠ અંગુલની અવગાહના હોય.

સિદ્ધની અવગાહના આત્મપ્રદેશની શુદ્ધ અવગાહના છે. મૂળભૂત અવગાહના છે માટે એને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ એ જ અવગાહનાને જાણવાની ફળશ્રુતિ છે.

ક્રમશ :

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9821050527

---

# શ્રી ભક્તામર સ્તોત્ર-આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

ગાથા - ૨૫

**बुद्ध स्त्वमेव विबुधाऽर्चित बुद्धिबोधात्**
**त्वं शंकरोऽसि भुवन त्रय शंकरत्वात् ।**
**धाताऽसि धीर ! शिवमार्ग विधेर्विधानात्**
**व्यकतं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि् ।।**
**२५।।**

**ભાવાર્થ :-** હે વિબુધાર્ચિત પ્રભો ! આપના જ્ઞાનનો પૂર્ણરૂપથી વિકાસ થયો હોવાથી આપ બુદ્ધ છો, અર્થાત્ વિદ્વાનો દ્વારા અર્ચિત એવાં બુદ્ધિપૂર્વક વિધાન કરતા હોવાથી બુદ્ધ છો. ત્રણે લોકના પ્રાણીઓનાં સુખ-શાંતિ દાતા છો, માટે આપ જ શંકર છો. કલ્યાણમાર્ગની વિધિનું વિધાન કરનાર હોવાથી ધાતા-વિધાતા છે! અર્થાત મોક્ષમાર્ગમાં ઉપદષ્ટા હોવાથી આપ જ બ્રહ્મા છો. હે ભગવંત! આપ પ્રગટપણે પુરુષોમાં ઉત્તમ છો તેમ જ આપનામાં સર્વ ગુણ વિદ્યમાન હોવાથી પુરુષોત્તમ છો, નારાયણ - વિષ્ણુરૂપ છો.

**વિવેચન :** આચાર્યશ્રીએ પ્રસ્તુત શ્લોકને સમન્વયનાં એક ઉત્તમ આદર્શ ઉદાહરણરૂપે દર્શાવ્યો છે. તેમાં કવિશ્રીએ ભારતના તત્કાલીન સમયના અવતારી પુરુષોનું સ્મરણ કરી, અવિનીત ભાવોને પ્રદર્શિત કર્યા વિના દેવાધિદેવની મહાનતાને સ્થાપિત કરી એમની કાવ્યકળા તેમ જ નિર્દેશકળાનો ઉત્તમ પરિચય કરાવ્યો છે. તેમ જ તેમનો દેવાધિદેવના ચરિત્ર સાથે સમન્વય કરી અનેકાંતવાદનો સાચો મર્મ પ્રગટ કર્યો છે. એટલું જ નહિ આચાર્યશ્રી ગુણગ્રાહક દૃષ્ટિ ધરાવતા હોવાથી તેમના ગુણોનો સ્વીકાર કર્યો છે.

પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રીએ બોધ અને બોધના પરિણામ રૂપ **જ્ઞાનક્રિયાભ્યા મોક્ષઃ** ના સિદ્ધાંતને રજૂ કર્યો છે. બોધને પ્રથમ પદમાં દર્શાવી ક્રિયાત્મક સાધનાને બીજા પદમાં મૂકી છે. બોધ તેમ જ સુક્રિયા બંને શિવમાર્ગરૂપે રહેલ છે. તેવું ત્રીજા પદમાં કહીને જ્ઞાન, ચારિત્ર અને દર્શન આ ત્રિરત્નનો ઉપદેશ આપનાર ઉપદેશકાર નિશ્ચયથી પુરુષોત્તમ છે એવી ઘોષણા કરે છે. આ શ્લોકમાં જ્ઞાન એ પ્રથમ ચરણ છે, ક્રિયા બીજું ચરણ છે. જ્ઞાન અને ક્રિયાના ચરણ ઉપર ચાલવું તે શ્રદ્ધા છે. શ્રદ્ધા એ ત્રીજું ચરણ છે. આ ત્રિચરણના ધારક એવા દેવાધિદેવ પરમવંદનીય પુરુષોત્તમ છે.

પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રીએ સર્વપ્રથમ ભગવાન બુદ્ધનું નામ લીધું છે. અહીં બુદ્ધિથી બોધ અને વિબુધોના બોધથી બુદ્ધિ, એમ એક જ્ઞાનાત્મક સાંકળનાં દર્શન થાય છે. વિબુધો તો બોધ પામ્યા જ છે અને બોધ પામ્યા પછી તેઓએ જે બુદ્ધિની અર્ચના કરી છે તે બુદ્ધિ હવે બોધનો પ્રકાશ ફેલાવી રહી છે. આવો દિવ્યબોધ જે વિભૂતિમાં રહેલ છે તે ભગવાન બુદ્ધ સૃષ્ટિમાં પૂજાયેલા છે. અહીં બુદ્ધિ, બોધ અને બુદ્ધ ત્રિકોણકારે રહેલ છે. કારણ, કાર્ય અને કર્તા આ ત્રણે ભાવનો સુંદર ઉલ્લેખ થયો છે. કર્તાના બે પ્રકાર છે. ૧) ક્રિયાત્મક કર્તા અને (૨) ગ્રહિતા-કર્તા, ભાવને ગ્રહણ કરીને કર્તા બને તે જેમ કોઈ અન્ન ઉત્પન્ન કરે અને બીજો તે અન્નનો માલિક બને છે. આ બન્ને કર્તાની કોટિમાં આવે છે. અહીં ભગવાન બુદ્ધ અને ઋષભદેવ ગ્રહિતા કર્તા તરીકે છે. તેઓ બોધને ગ્રહણ કરી કર્તા બન્યા છે. બુદ્ધિ તે કારણ છે. બોધ તે કાર્ય અને બુદ્ધ તેમ જ ઋષભદેવ તેના સ્વામી છે. એક જ રેખાથી બનેલું ત્રિકોણ છે.

આમ કવિશ્રી આધ્યાત્મિક સ્થાને ભગવાન ઋષભદેવને અને ભગવાન બુદ્ધને સમતુલ્ય બતાવે છે. અર્થાત્ આચાર્યશ્રી ભગવાન ઋષભદેવની અંદર પણ ભગવાન બુદ્ધનાં દર્શન કરે છે. એક રીતે પરોક્ષભાવે ભગવાન બુદ્ધનો આદર કરી વિશેષભાવે દેવાધિદેવ એવા ઋષભદેવનો સમાદર કર્યો છે.

ત્યારબાદ આચાર્યશ્રી વિશ્વ પ્રસિદ્ધ મહાદેવ, અર્થાત શંકર ભગવાનનું સ્મરણ કરે છે. **શંકરત્વાત્ શંકર** : **શં** = સુખ, કર = કરનાર કર્તા. સુખ-શાંતિદાતા તે શંકર અથવા શમ્ = કલ્યાણ, મંગળ, કર = કરનાર, કલ્યાણના મંગળના દાતા તે શંકર વિશ્વના દરેક પ્રાણીને, જનસમુદાયને સુખ વહાલું છે. સુખ એક માત્ર જીવનનું લક્ષ્ય હોય છે. માટે સુખ - મંગળના દાતા એવા શંકર પૂજનીય બન્યા છે.

દુનિયામાં એવું કહેવાય છે કે દેવ-દાનવોએ જ્યારે સમુદ્રમંથન કર્યું હતું ત્યારે તેમાંથી વિષ અને અમૃત બંને નીકળ્યા. તેમાંથી વિષને શંકર પી ગયા અને અમૃત દેવોને વહેંચ્યું. આમ શંકરે જગતને નાશના ભયથી ઉગારી લીધું.

કવિશ્રી સમન્વયની ધારામાં પ્રવાહિત બની ભગવાન ઋષભદેવમાં પણ શંકરનાં દર્શન કરે છે અને કહે છે કે, જે સુખદાતા હોય, વિશ્વને સુખ આપનાર હોય તે શંકર ગણાય છે. એવી જ રીતે ઋષભદેવ પણ વિશ્વસમુદાયના સુખદાતા છે. કારણ કે તેઓશ્રીએ સ્વયં સુખની સાધના કરી અને પછી અનેક જીવોને સુખનું સાધન બતાવ્યું છે. સુખના માર્ગનું નિર્દિષ્ટ કર્યું છે. જો કે છેવટે તો જીવે સ્વયં તે માર્ગે ચાલવાનું હોય છે. દેવાધિદેવ કોઈને સુખ આપી શકતા નથી, પરંતુ માર્ગ ભૂલેલા જીવોને સાચો માર્ગ બતાવે છે.

અહીં આચાર્યશ્રીએ શંકરભગવાનને સુખના કર્તા બતાવી સુખદાનની જે ક્રિયા છે તેનું મહત્વ બતાવ્યું છે. અર્થાત્ સુખના કારણરૂપ શુદ્ધ ક્રિયાનું મહત્ત્વ અભિવ્યક્ત કર્યું છે. પ્રભુ પણ સુખદાતા હોવાથી વિશ્વ વંદનીય બન્યા છે તે વાતને ઉજાગર કરી છે. આમ વિશ્વપ્રસિદ્ધ એવા શંકરની જરાપણ અવહેલના કર્યા વિના આદરપૂર્વક તેમના ગુણોનું કથન કરી બંને ધર્મોનું સમન્વય રેખાંકિત કર્યું છે.

ત્યારબાદ આચાર્યશ્રી મનુષ્યના લેખ લખનારી વિધાતા ઉપર દૃષ્ટિપાત કરે છે. એક એવી શ્રદ્ધા છે કે વિધાતા જેવી શક્તિ સંપૂર્ણ ભવિષ્યનું નિર્માણ કરીને મનુષ્યને પૃથ્વી પર મોકલે છે અને તે પ્રમાણે આ શક્તિ મનુષ્યને કર્મભોગ માટે અવકાશ આપે છે. અર્થાત્ વિધાતાએ જે પ્રમાણે લેખ લખ્યા હોય તે પ્રમાણે સુખ-દુઃખ ભોગવવાં પડે છે. તેમ જ વિધાતા જીવના પુણ્ય પાપના આધારે શિવમાર્ગ અને અશિવમાર્ગની રેખા દોરે છે. આમ વિધાતાની બે બાજુ હોય છે. એક છે કલ્યાણકારી અને બીજી અકલ્યાણકારી. અહીં આચાર્યશ્રી દેવાધિદેવને શિવમાર્ગની સ્થાપના કરનાર, શિવમાર્ગના વિધાતા રૂપે જુએ છે. કારણ કે તેઓએ પણ શિવમાર્ગનું વિધાન કર્યું છે. મોક્ષ માર્ગનું વિધાન કર્યું છે. ગોપ્ય એવી ધાતાશક્તિ

પ્રભુમાં પણ અસ્તિત્ત્વ ધરાવે છે. અને વિધાતા કે ધાતા તરીકે તેઓ પણ પૂજાના સ્થાનમાં શોભી રહ્યા છે. કારણ કે અદૃશ્ય એવી શક્તિ ઉપર વિશ્વાસ કરનાર માનવ જાતિને એક ચેતના આપે છે કે અદૃશ્ય શક્તિ પણ જનહિતનું કારણ બની શકે છે. અને કલ્યાણના પંથે લઈ જાય છે. એટલું જ નહિ પણ તેઓએ મોક્ષમાર્ગની સંપૂર્ણ વિધિ પ્રગટ કરીછે. સ્થૂલ વ્યાવહારિક જગત તેમ જ આધ્યાત્મિક જગત બંનેના કલ્યાણનું વિધાન કરી તેની સંપૂર્ણ વિધિ પણ બતાવી છે. તેથી જ સાચા અર્થમાં દેવાધિદેવ શિવમાર્ગના વિધાતા છે. જેમણે શાસનની સ્થાપના કરી છે. ત્રૈકાલિક વિધાતા પણ રહેવાનાં છે. અહીં બંનેમાં સમન્વય કરતા કવિશ્રીએ એક નવી દૃષ્ટિનો ઉદ્‌ઘોષ કર્યો છે કે, શ્રદ્ધા એક એવું તત્ત્વ છે કે તેના વિના જીવનનો રથ ચાલી ન શકે. શ્રદ્ધા તે અગોચર કે અદૃશ્યમાન શક્તિને પૂજે છે. વિશ્વસંચાલનમાં તેને કારણભૂત માને છે જે કાંઈ સારું કે ખરાબ થાય છે તેની આ અદૃશ્યમાન શક્તિ સંપૂર્ણ રીતે આધારસ્થંભ છે.

ભગવાન શંકર, બુદ્ધ અને વિધાતાની તુલના કર્યા પછી આચાર્યશ્રી સ્પષ્ટ કરે છે કે (૧) જેઓ કલ્યાણકારી બોધ આપે, જે બોધથી પાપ ક્ષય પામે. (૨) જે પ્રાણીમાત્ર ને સુખ આપી શકે, અર્થાત્ સુખના કર્તા હોય અને (૩) જેઓએ શિવમાર્ગ-મોક્ષમાર્ગની સ્થાપના કરી હોય આ ત્રણ વિશેષતાઓ જેમાં દૃષ્ટિગોચર થતી હોય તેવી વિભૂતિને પુરુષોત્તમ કહી શકાય. આગમ શાસ્ત્રોમાં નમોત્થુણં સુત્ર રૂપી વિશેષ સ્તુતિમાં તીર્થંકરો માટે **પુરિસુત્તમાણં** વિશેષણ આપેલ છે. આચાર્યશ્રીએ પણ તે જ ગુણોનું અહીં આખ્યાન કરી પ્રભુને પુરુષોત્તમ કહીને સંબોધ્યા છે.

વ્યવહાર જગતમાં પણ મર્યાદાપુરુષોત્તમ શ્રીરામ અને શ્રીકૃષ્ણ વાસુદેવને પણ પુરુષોત્તમ તરીકે સ્વીકારી કરોડો લોકો ભક્તિ કરે છે. શ્રીરામે ઉચ્ચકોટિની મર્યાદાથી તો શ્રીકૃષ્ણે તેમની વિનયશીલતા તેમજ ઉચ્ચકોટિની ચતુરાઈને કારણે સહુ નર-નારીઓનાં મન જીતી લીધા છે. આવા અલૌકિક પ્રભાવના કારણે જ તેઓ પુરુષોત્તમ કહેવાયા છે. એટલું જ નહિ ભારતીય સાહિત્યમાં પણ આ બન્ને અવતારી પુરુષોએ સ્થાન મેળવ્યું છે એવી જ રીતે કવિશ્રી પણ દેવાધિદેવને પુરુષોત્તમ કહીને ગર્વ અનુભવે છે.

સમન્વયના આ ચોથા પદમાં પણ કવિશ્રીએ અદ્‌ભુત સમન્વય કર્યો છે, અર્થાત્ ભગવાન બુદ્ધ, ભગવાન શંકર અને સૃષ્ટિના વિધાતા બ્રહ્માજી તથા પુરુષોત્તમરૂપે ખ્યાતિ પામેલ વિષ્ણુના અવતારરૂપે શ્રી રામ અને શ્રીકૃષ્ણ આ બધા અવતારી પુરુષોને આ સ્તુતિમાં મણકારૂપે ગૂંથી એક માળા ગૂંથી છે, અને કહે છે કે હે પ્રભુ ! મને આપનામાં અને આપના ચારિત્રમાં આ બધા અવતારી પુરુષોનાં દર્શન થાય છે, અર્થાત્ આપ જ બુદ્ધ છો, આપ જ શંકર છો, આપ જ વિધાતા છો, આપ જ પુરુષોત્તમ છો. આ બધાં સ્વરૂપને ધારણ કરનારા દેવાધિદેવ પણ આપ જ છો. અર્થાત્ આચાર્યશ્રીને બધા જ અવતારી મહાપુરુષોમાં સમદૃષ્ટિ અને સમાન ગુણોથી શોભતા એવા દેવાધિદેવનાં દર્શન થાય છે તેમ જ ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રભુનું રૂપ નિહાળી પોતાની ભક્તિમાં લીન બની આગળ વધી રહ્યા છે....

**ऋिध्दि :– ॐ ह्रीं अर्हं णमो उज्ज–तवाणं ।**

**मंत्र ॐ ह्रां ह्रीं ह्रौं ह्रः अ सि आ सि आ उ सा ज्ञौ ज्ञौ**

**स्वाहा ! ॐ नमः भगवते जय विजयापराजिते सर्व सौभाग्यं सर्वसौख्यं कुरु कुरु स्वाहा ।**

**વિધિ-વિધાન :-** પવિત્ર-શુદ્ધ થઈ લાલ રંગનું વસ્ત્ર પહેરી યંત્ર સ્થાપિત કરી એની પૂજા-આરતી કરવી. રાત્રિના સમયે કોઈ એકાંત સ્થાનમાં નિર્ભય થઈ ચાર હજાર વાર ઋદ્ધિ મંત્રનું સ્મરણ કરી મંત્ર સિદ્ધ કરવો

**ફલાગમ :-** પચ્ચીસમી ગાથા, ઋદ્ધિ તેમ જ મંત્રનું સ્મરણ તેમ જ યંત્ર પોતાની પાસે રાખવાથી નજર ઉતરે છે. દૃષ્ટિદોષથી બચી શકાય. અગ્નિનો પ્રભાવ પડતો નથી તેમ જ મારવા માટે ઉદ્યતશત્રુના હાથમાંથી શસ્ત્ર પડી જાય છે, તે પ્રહાર કરી શકતો નથી.

શ્રી ભક્તામર-સ્તોત્રની પચ્ચીસમી ગાથાનું સ્મરણ કરવાથી શું લાભ પ્રાપ્ત થાય છે તે દર્શાવતી એક પ્રાચીન કથા....

### રાજા જિતશત્રુની કથા

ભરતખંડમાં કૌશામ્બી નગરી શ્રી પદ્મપ્રભુ તીર્થંકરના ગર્ભ-જન્મકલ્યાણથી પ્રસિદ્ધ છે. ત્યાં કોઈ એક વખત રાજા જિતશત્રુ થઈ ગયા. રાજા જિતશત્રુને પટરાણી જિનદત્તા વગેરે છત્રીસ રાણીઓ હતી. બધી જ રાણીઓ યૌવન અને સૌન્દર્ય સમ્પન્ન હતી.

એકદા વસંતઋતુનો સમય હતો, હોળીનો દિવસ હતો નિશ્ચેતન વૃક્ષોમાં નવું ચેતન ઊભરાયું હતું. વૃક્ષો અને વેલીઓ

નવપલ્લવિત બની શોભી રહ્યાં હતા. આમ્રઘટાઓમાં મંજરીઓ મહોરી ઊઠી હતી. કોયલના મીઠા કૂહ-કૂહ ટહુકાઓ તેમ જ ઠંડી ઠંડી પવનની લહેરખીઓ મદહોશ બનેલી કામિનીઓને ઉન્મત કરી રહી હતી. જાણે વસંત ઋતુનું કામણગારું દશ્ય પૂર્ણપણે ખીલી ઊઠ્યું હતું. ત્યારે રાજા જિતશત્રુને પણ વનક્રીડા કરવાનું સૂઝયું. તેઓ પોતાની બધી જ રાણીઓ સાથે વનવિહાર કરવા ગયા. ત્યાં જઈને રસિક રાણીઓએ ખૂબ જ આનંદ મસ્તીપૂર્વક ફાગનો આનંદ માણ્યો, અબીલ, ગુલાલ, ચંદન, કેશર, કુમકુમ વગેરેની છોળો ઉછળી રાજા સાથે ફાગની મસ્તી માણી, એટલું જ નહિ પિચકારી ભરી-ભરી રાજાને નિશાન બનાવી ખૂબ રાજી કર્યા, પરંતુ રાગ વિના ફાગની સમાપ્તિ ન થાય એટલા માટે નૃત્ય-સંગીતની મહેફિલ પણ જામી. સુમધુર સંગીત અને મૃદંગના તાલે રાણીઓએ નૃત્ય કર્યું. મનમોહક, સુંદર નૃત્ય કરીને રાણીઓએ રાજાનું દિલ જીતી લીધું.

આ પ્રમાણે ખૂબ જ આનંદ માણી રાજા જિતશત્રુ વનક્રીડા કરી પાછા ફરી રહ્યાં હતાં. ત્યારે રસ્તામાં જ ત્યાંના વનદેવતાએ રાણીઓને વિહ્વળ, બેશુદ્ધ જેવી બનાવી દીધી. બધી જ રાણીઓ સુધ-બુધ ખોઈ બેઠી જેના કારણે કેટલીક રાણીઓ નાચવા લાગી તો કોઈક મોટા અવાજે બૂમો પાડવા લાગી, તો કોઈ રડવા લાગી. રાજા આ બધું જોઈને અવાક્ બની ગયા. રાણીઓની આવી દશા જોઈ પરેશાન હતા. કરે તો પણ શું કરે? કાંઈ સૂઝતું ન હતું.

એટલામાં ત્યાંથી એક શેઠ નીકળ્યા. રાજાને આવી સ્થિતિમાં જોઈને પૂછ્યું, હે રાજન્! શું વાત છે? ત્યારે રાજાએ જવાબ આપ્યો, ''કાંઈ કહેવાય એવું નથી આ બધી જ રાણીઓ વનદેવતાના કારણે બાવરી બની ગઈ છે. ત્યારે શેઠે રાજાને વનમાં જ રહેતા શાંતિકીર્તિ નામના જૈન મુનિરાજ પાસે જવાનું સૂચન કર્યું.

શેઠની આ વાત સાંભળી રાજા તરત જ બધી જ રાણીઓને લઈને મુનિરાજ શાંતિકીર્તિ પાસે આવ્યા. વિનયપૂર્વક વંદન કરી રાજાએ મુનિરાજને રાણીઓની વિહ્વળ-ઉન્મત દશાને દૂર કરવા વિનંતી કરી. નિર્વિકાર મુનિરાજે થોડું પાણી લઈ ૨૪ અને ૨૫મી ભક્તામરની યુગલ ગાથાનું સ્મરણ કર્યું તેમ જ ઋદ્ધિ મંત્રની આરાધના કરી થોડું થોડું પાણી બધી રાણીઓ પર છાંટ્યું. ત્યાં જ બધી રાણીઓ જેમનાં જીવનની રાજાએ આશા છોડી દીધી હતી, તે બધી રાણીઓ પૂર્વ દશામાં આવી ગઈ.

રાજાએ મુનિરાજનો ખૂબ ખૂબ આભાર માની તેમની સ્તુતિ કરી. તેમ જ જૈનધર્મનો જયજયકાર કર્યો. અને જૈનમતનો અંગીકાર કર્યો. રાજાની વિનંતીથી મુનિરાજે પણ રાજાને ભક્તામરની આ ગાથા શિખવાડી દીધી અને ધર્મોપદેશ આપતા કહ્યું કે, જિનવરની પૂજા અને મુનિવરોને દાન આપવું. આ બે મુક્તિના નિધાન રૂપે છે. તેમ જ નવકાર મંત્ર ક્યારે પણ ભૂલવો નહિ. જે મંગલકારી અને મંગલમય છે. મુનિરાજના આ ધર્મોપદેશને ગ્રહણ કરી, રાજા તેમ જ રાણીઓ મુનિરાજને ભાવપૂર્વક વંદન કરી, જૈનધર્મનો આવો સુંદર મહિમા સાંભળી પાછા ફર્યા. ખરેખર! ભક્તામર સ્તોત્રની એક એક ગાથાનું રટણ કરવાથી પણ લાભદાયક ફળ મળે છે તેમાં જરાપણ શંકાને સ્થાન નથી.

અસ્તુ.

❖ ❖ ❖ ❖

સંપર્ક : khimji_chhadwa@yahoo.com
98928 28196

# જ્ઞાન-સંવાદ

## સુબોધીબેન મસાલીયા

અમરેલીથી **ડી. એમ. ગોંડલિયા**નો સવાલ છે કે, (૧) ધર્મપ્રભાવના, ધાર્મિક ઉત્સવો, છ'રીપલિત સંઘયાત્રા, પાંજરાપોળમાં ચારા માટે દાન, જૈન સંઘ અથવા દાતાઓ તરફથી રાહતભાવે ચાલતાં ભોજનાલય વગેરે ધાર્મિક તથા પુણ્યલક્ષી પ્રવૃત્તિમાં જાણે-અજાણ્યે સૂક્ષ્મહિંસા થાય છે, પણ આવી પ્રવૃત્તિ અનિવાર્ય છે એમ હું અંગત રીતે માનું છું, પણ આત્મકલ્યાણીના મતવાળા આવી પ્રવૃત્તિથી દૂર રહેવાની માનસિકતા ધરાવે છે. પૂ. નમ્રમુનિએ પણ કહ્યું હતું કે, ધર્મસભામાં પંખાના ઉપયોગમાં અશુભ કર્મોનો બંધ પડે છે તો આ અંગે યોગ્યુ સમજુતી માટે વિનંતી છે.

**જવાબ :** ભાઈશ્રી, હિંસા વગરનું તો જીવન જ શક્ય નથી. શ્વાસોચ્છ્વાસમાંય જીવહિંસા, સૂક્ષ્મહિંસા છે જ, પણ ભગવાને એમ નથી કહ્યું કે, તમે જીવન ટુંકાવી નાખો. કેમકે જીવન હશે તો સાધના કરી શકીશું ને સાધના કરીશું તો જ મુક્તિનો માર્ગ મળશે. માટે ભગવાને એમ કહ્યું કે, ''એવું જીવન જીવો કે જેમાં ઓછામાં

ઓછી હિંસા હોય''. ''જ્યાં બિનજરૂરી હિંસા છે ત્યાં જૈન ધર્મ નથી.'' ખમાવામાંય હિંસા તો છે જ ને ? પરંતુ જીવન ટકાવવા માટે ખાવું જરૂરી છે.' તો ભગવાને કહ્યું કે, જીવન ટકાવવા માટે એવું ખાવ કે જેમાં ઓછામાં ઓછી હિંસા હોય. એક બટાટો ખાવ તોય પેટ ભરાય ને એક કેળું ખાવ તોય પેટ ભરાય... પણ કેળું ખાવાની હા પાડી ને બટાટો ખાવાની ના પાડી. કેમ ? કેમકે કેળાની આખી લૂમમાં એક જીવ ને એક જીવ છાલનો. જ્યારે એક બટાટામાં અનંતા અનંતા જીવ છે. કહેવાનો મતલબ એ છે કે સંપૂર્ણપણે તો સૂક્ષ્મ જીવહિંસાથી બચવું શક્ય નથી, પણ ઓછામાં ઓછી હિંસાથી જીવો.

આપે કહ્યું તેમ ધર્મપ્રભાવના, ધાર્મિક ઉત્સવો વગેરે પણ એવી રીતે ઉજવવાના છે કે એમાં બિનજરૂરી જીવહિંસા ન થવી જોઈએ. જીવહિંસાનો અતિરેક ન થવો જોઈએ. દા.ત. ધર્મપ્રભાવના માટે વરઘોડા કાઢવા... તો વરઘોડામાં એક બૅન્ડ પણ પૂરતું છે અને એક ઢોલી પણ પૂરતો છે.... પછી ૨૦-૨૫ બૅન્ડની જરૂર નથી. આટલાં બધાં બૅન્ડથી કેટલા બધા અધધ વાયુકાયના જીવોની હિંસા થાય... શા માટે ? આવી બિનજરૂરી હિંસાની શું જરૂર છે ? આવું કરીને તમારે કોને બતાવવું છે ? દરેક જરૂરી વસ્તુમાં લિમિટ હોવી જોઈએ. લિમિટની બહાર ન જવું જોઈએ. દરેક વસ્તુમાં વિવેક એ જ ધર્મ છે, એ વાક્ય મગજમાં લખી રાખો. આજે ચંપા શ્રાવિકાના એક વરઘોડાનું ઉદાહરણ લઈએ. હવે એમની તો એવી કોઈ ઇચ્છા કે ભાવના તો હતી જ નહીં કે આ વરઘોડો કાઢીએ ને જેથી કોઈ બાદશાહ એના પર પ્રસન્ન થાય કે પ્રભાવિત થાય એ ભાવનાથી એમણે નહોતો કાઢ્યો, પણ આ એક વસ્તુ બની... તે બની તે તો બરાબર છે પણ એનું ઉદાહરણ લઈએ. એ વરઘોડામાં કેટકેટલાં પ્રાણીઓ રથ વગેરે ખેંચતાં હોય છે. ખાલી એના મોઢા સામે જુઓને તો તમને દયા આવે. એની આંખમાંથી આંસુ નીકળતાં હોય છે. આટલા લોકો બેસી જાય છે અંદર આખું બૅન્ડનું બૅન્ડ લઈને, આખું મહિલામંડળનું મહિલામંડળ બેસે ને જે ખેંચતાં હોય છે જનાવરો કે બળદ હોય કે ઘોડા હોય... મેં તો ઘણી વખત માર્ક કર્યું છે કે બળદોની આંખમાંથી આંસુ ટપકતાં હોય છે. એ તો કહી નથી શકવાના કે 'અમને કેટલી તકલીફ પડી રહી છે. અમે ખાધું છે કે અમે ભૂખ્યા છીએ...' પણ આ તો એણે ફરજિયાત કરવાનું જ છે... તો આટલા બધા લાંબા લાંબા વરઘોડા કાઢવા, આટલા બધા બૅન્ડનો અવાજ કરવો શાને માટે ? કોઈ વિવેક નહીં ? વિવેક ચાલ્યો ગયો. તમારે વરઘોડા કાઢવા હોય તો તમે પગપાળા ચાલીને જાવને... જનાવરોને તકલીફ આપીને શું મળે છે ? તમે એમ માનો છો કે અજૈનો પ્રભાવિત થાય ? અરે ભાઈ, ક્યારેક હિસાબ તો લગાવો કે આ બધું અધધ કરવા છતાં જૈનોની વસ્તી વધી રહી છે કે ઘટી રહી છે ? ધાર્મિક પ્રસંગોમાં લાઈટીંગ ન હોય તો ન ચાલે ? ધર્મના નામે અનંતા અપકાય, વાયુકાય, અગ્નિકાય જીવોનો ખાત્મો ? મહાવીરભગવાને એવા ધર્મની પ્રરૂપણા નથી કરી, કરે પણ નહીં. વળી એ લાઈટીંગ વૃક્ષને વીંટાળે છે... વૃક્ષને એટલી જ તકલીફ થાય છે જેટલી એક ધગધગતો લોખંડનો તાર તમને કે મને વીંટાળ્યો હોય !! તો મહાવીરભગવાન કહે છે, આવી બિનજરૂરી, ફક્ત દેખાડો કરવા માટેની હિંસાથી અટકો... પાછા વળો... જરૂર હોય એટલું ચોક્કસ કરવું પડે, પણ હિંસા વગર તો જીવવું પણ મુશ્કેલ છે, એ વાક્યને પકડી લઈ ધર્મમાર્ગે પણ લિમિટ વગરની હિંસા આચરો તો તે બિલકુલ યોગ્ય નથી. બિનજરૂરી હિંસાને સ્વરૂપ હિંસાના નામ હેઠળ પનપવા ન દેવાય. પ્રવચન આપવામાંય વાયુકાયના જીવો હણાય છે, પરંતુ લોકોને ધર્મમાર્ગે વાળવા માટે પ્રવચન આપવું જરૂરી છે, પણ તે માટે એસી. હૉલ જ જોઈએ, પંખા જોઈએ, માઈક જ જોઈએ. એ બધું હિંસાની અનુમોદના બતાવે છે, જે અનુબંધ પાપને પાડશે ને દુર્ગતિમાં રખડાવી દેશે. માટે ખોટા દેખાડામાંથી બહાર નીકળી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી ઓછામાં ઓછી હિંસાથી જીવન જીવવું યોગ્ય છે. ઘાસચારા માટે દાન દેવાતું હોય કે ભોજનાલય ચલાવતા હોય, એ કશુંય બંધ કરી દેવાની જરૂર નથી, પણ શ્રાવક જાગૃત હોવો જોઈએ કે આ બધામાં જયણા જળવાય છે ને ? ક્યાંક બિનજરૂરી હિંસા તો નથી થતી ને ? બાકી જે સાધુ-સંતો છે તેમણે તો નિશ્ચયનયને અનુસરીને બને તેટલી હિંસામાંથી બહાર જ નીકળવાનું છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 8850088567

# ભાવ-પ્રતિભાવ

## આપણી આનંદયાત્રા

કબીરજી કહેતા : 'બસ્તુ અંતે ખૌજે અંતે, કયોં કર આવે હાથ'. હરેક વસ્તુને યોગ્ય સ્થળે મૂકવી અને લેવી, ખપ પૂરતો ઉપયોગ કરીને. સુભાષ ભટ્ટ લખે છે : 'જો જગતમાં આનંદ ન હોત તો શ્વાસ લઈને જીવવામાં કોણ રાજી થાત? જીવનો હોવાનો – રહેવાનોય આનંદ તો ખરો જ. જીવથી અભાવ નહીં, પણ છલોછલતા છે. ધન નહીં, ધન્યતા છે. સ્વયંને ખોઈ નાખી, કશુંક પામવાનું છે. મરાઠીમાં કહ્યું, આનંદી-આનંદ ગડે, ઈકડે તિકડે ઓ હિં કડે, વસ્તી ખાલીં, મોદ ભરે. મોદ એટલે ય આનંદ. મોદક એટલે લાડુ, ખાવાથી આનંદ આવે. કરિયાણાનો વેપારી, તે મોદી સૌની જિજીવિષાને સંતોષે.

આજે ભારતીય પી.એમ.પદે શ્રી નરેન્દ્રભાઈ મોદી બિરાજે છે, કે જે સમગ્ર વિશ્વને આનંદનો માર્ગ ચિંધી રહ્યા છે. ભાઈચારો, વિશ્વઐક્ય, સંપ અને સૌહાર્દનો માર્ગ દર્શાવી રહ્યા છે આપણી પૃથ્વીનો ઇતિહાસ ૪ હજાર મિલયિન વર્ષનો, તેથી પૃથ્વી પર છ હજાર મિલિયનની વસતીમાં આપણા હોવાનો આનંદ અનેરો છે. આપણી હયાતી અર્થપૂર્ણ છે. કુદરતે સમજી-વિચારીને જન્મ ધારણ કરવાની ફરજ પાડી છે. આપણા દ્વારા તે પોતાનો હેતુ સિદ્ધ કરી રહી છે. આપણો આત્મા નિરંતર વિકસતો રહે, તે આનંદ. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી'. પાલક માતા-પિતા હોવાનોય આનંદ લેતું દંપતી, તે નંદ અને માતા યશોદા. નંદ રાજા હતા. પશુપાલક પણ ખરા. ઘરે દૂધ, દહીં, માખણ અને ઘીની છોળો ઊડતી. મથુરાની લસ્સી આજે પણ વખણાય છે, જે આંતરડી ઠારે છે.

❖ ❖ ❖ ❖

**– હરજીવન થાનકી**

સીતરામ નગર, પોરબંદર.

થોમસ પરમારનો લેખ 'પાપની કબૂલાત' ખૂબ ગમ્યો. 'Bible' વાગોળવા જેવો પવિત્ર ગ્રંથ છે. 'Know Thy Self'. 'તું તારી જાતને ઓળખ-પારખ. પિંડમાં જ બ્રહ્માંડ સમાયેલું છે. ઈસુનું વાક્ય 'They know not what they are doing' યાદ આવી ગયું. અજાણતાં થઈ ગયેલા પાપનું પ્રાયચિત્ત પણ થઈ શકે છે. જેમ કવિ કલાપીએ કહ્યું, 'હા, પસ્તાવો સ્વર્ગથી ઊતર્યો છે, પાપી જેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે !' તેય, તોરલ જેસલને કહે છે, 'પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે, તારી બેડલીને બૂડવા નહીં દઉં !' Confection'માં પસ્તાવાનો ભાવ છે. જેણે પોતાની જિંદગીમાં કોઈ પણ પાપ ના કર્યા હોય તે પ્રથમ પથ્થર મારે !' સાંભળતાંવેંત સૌના હાથમાંથી પથ્થરો પડી ગયા, તે શું સૂચવે છે ?

મહર્ષિ વ્યાસ પણ કહે છે કે, જે કરોડો પુસ્તકો વાંચવાથી જાણવા ના મળ્યું, તે કેવળ અર્ધા શ્લોકમાં જણાયું. તે 'પરોપકારાય પુણ્યાય, પાપય પરપીઠનમ્. વિના કારણ કોઈને પીડા આપવાથી મોટું પાપ જગતમાં કોઈ નથી ! સેવકો તો ઘણા હોય છે, પણ તેમાં શુદ્ધ દાનતવાળા કેટલા? સેવા ખાતર સેવા કરવી, મેવા ખાતર નહીં. વળી તમારી સેવાની સૌ નોંધ લે, એવું તમે શા માટે ઇચ્છો છો? કુદરત તો બધું જાણતી જ હોય છે. સેવાની પાછળ પાપની કે કીર્તિની ભાવના ના હોવી જોઈએ. તેથી તો કહ્યું, Fame is a food, that dead man eats.' જીવતો માણસ ક્યારે શું કરી બેસશે તે કહેવાય નહીં. આશારામ બાપુ કેવા ખોવાઈ ગયા !

❖ ❖ ❖ ❖

**– હરજીવન થાનકી**

સીતરામ નગર, પોરબંદર

## તે તું જ છો

શ્રી સામવેદીય છાંદાગ્ય ઉપનિષદમાં ઋષિ ઉદ્દાલક અને તેમના પુત્ર શ્વેતકેતુની કથા છે. સામાન્યપણે બ્રહ્મ અને વ્યવહારજગત વચ્ચે વિરાટ અનુલ્લંઘનીય અંતર છે, એવું આપણે માનીએ છીએ, પરંતુ છાંદોગ્ય ઉપનિષદ એમની વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરી આત્મવિચારનું ચિંતન રજૂ કરે છે.

ઉદ્દાલક સ્વયં જ્ઞાની આચાર્ય હતા. છતાં પુત્રને બીજા ગુરુ પાસે અધ્યયન અર્થે મોકલ્યો. શ્વતકેતુએ બાર વર્ષ અધ્યયન કર્યું. ઘેર આવ્યો. પિતાએ જોયું કે પુત્રના વર્તનમાં અભિમાન, અવિવેક અને અવિનય ભરપુર છે. એની કસોટી કરવા પિતાએ ગૂઢપ્રશ્નો પૂછ્યા. પુત્ર મૌન હતો. હવે એને ભાન થયું કે, પોતે પૂર્ણ જ્ઞાન મેળવ્યું નથી. પિતાએ એને સત્-અસત્, વિદ્યા-અવિદ્યા, આત્માનું ચિંતનપણું, દેહનું નશ્વરપણું વગેરેનું જ્ઞાન આપ્યું.

આશ્રમના આંગણામાં એક ખૂણે વડનું ઝાડ હતું. ઋષિએ પુત્રને બોલાવ્યો. 'પુત્ર, પેલા વડમાંથી એક ટેટો લઈ આવ.' શ્વેતકેતુ ટેટો લાવી પિતા સામે આશ્ચર્યપૂર્વક ઊભો રહ્યો. પિતાએ ટેટો ભાંગવાનું કહ્યું. પુત્રે તેમ કર્યું. 'અંદર જો, એમાં કંઈ દેખાય છે ?' પિતાએ પૂછ્યું. 'અનેક સૂક્ષ્મ બીજો જોઉં છું.'

'એક બીજ લે અને ભાંગ.' પુત્રે પિતાની આજ્ઞા અનુસરતાં બીજ ભાંગ્યું. 'હવે એમાં કંઈ દેખાય છે ?'

'કંઈ જ નહીં, પિતાજી.'

ઉદ્દાલક ઋષિએ આટલી પૂર્વભૂમિકા બાંધ્યા પછી પરમજ્ઞાનનાં દ્વાર ખોલ્યાં.

'પુત્ર, બીજની અંદરનો અતિસૂક્ષ્મ અણુ ભલે દેખાતો નથી, પણ એમાં જ વિરાટ વૃક્ષનું અસ્તિત્વ છે. સૂક્ષ્મઅણુની જેમ પરબ્રહ્મ પણ ઇન્દ્રિયાનુભવથી પર ભાસે છે, પરંતુ એ જ તો જગન્નિયંતા છે. સર્વ જીવાત્મામાં તે વાસ કરે છે. એ જ સત્, એ જ ચૈતન્ય, એ જ તું... **तत्त्वमसि श्वेतकेतो**... (હે શ્વેત, તે તું જ છો).'

**तत्त्वमसि = तत् त्वम् असि**

માત્ર ત્રણ શબ્દો. છતાં કેવું શાશ્વતસત્ય છુપાયેલું છે એમાં !

**तत्** = તે (બ્રહ્મ), **त्वम** = તું (જીવાત્મા) અને **असि** = છો. બ્રહ્મ અને જીવ બંને વચ્ચે એકત્વ છે, એટલે કે બંને એક જ છે.

**શાંતિલાલ ગઢિયા**

સંપર્ક : 0265-2750 275

❖ ❖ ❖ ❖

## જીવન એક યજ્ઞ છે

'યજ્ઞ' એટલે આહુતિ હોમી દેવને પૂજવાનું વેદોક્ત કર્મ. જો કે કોઈ પણ પવિત્ર યા ભક્તિસંબંધી ક્રિયા યજ્ઞ છે. સાંસારિક જીવનનો સંદર્ભ લઈએ તો યજ્ઞ એટલે કોઈ પણ પરોપકારી કાર્ય. લોકહિત કે સેવાઅર્થે કરેલું કાર્ય એ યજ્ઞ જ છે.

ઉપર કહ્યું તેમ યજ્ઞમાં આહુતિ આપવામાં આવે છે. એટલે કે ત્યાગપૂર્વક પૂજા કરવામાં આવે છે. ભવગદ્ગીતા, અ. ૩, શ્લોક-૧૩ કહે છે, 'જે પોતાના માટે જ અન્ન રાંધે છે, તે પાપનો ભોગ કરે છે.' બીજા શબ્દોમાં કહીએ તો આપ્યા વિના જે ભોગ કરે છે, તે ચોર છે. શું આપણે સૌ ઓછાવત્તે અંશે ચોર નથી ?

વ્યક્તિ જે કોઈ સ્થિતિમાં છે, સેવાકાર્ય કરી શકે છે. છટકવાનું બહાનું હોઈ જ ન શકે. જેમ કે, કોઈની પાસે પૈસો છે, કોઈ શરીરથી શક્તિમાન છે, કોઈ બુદ્ધિમાન છે, તો કોઈનામાં વાણી, હાથ-પગ, આંખ-કાન વગેરેનું સામર્થ્ય છે. બધું જ સેવાર્થે કામમાં આવી શકે છે. સાંસારિક જીવનમાં કાર્યરૂપી યજ્ઞમાં વ્યક્તિએ કોનો કોનો ત્યાગ કરવો ?

સ્વાર્થમાત્રનો ત્યાગ એ જ પૂરો યજ્ઞ, બાકી અધૂરો. સ્વાર્થત્યાગ એટલે અહંકાર છોડવો. બીજો ત્યાગ છે દુર્ભાવનો ત્યાગ. દરેક પ્રત્યે સદ્ભાવ, કરુણા, સૌહાર્દ અને પ્રેમની ભાવના રાખવી. રાગદ્વેષ લેશમાત્ર નહીં. ત્રીજું, ષડ્રિપુનો ત્યાગ. આપણા છ શત્રુઓ છે : કામ, ક્રોધ, લોભ, મદ, મોહ અને મત્સર. જ્યાં સુધી આ છ શત્રુઓને વશ કર્યા નથી, ત્યાં સુધી યજ્ઞ શુચિતાપૂર્ણ કહેવાય નહીં. સંત નામદેવ ક્રોધ પર કેવો અંકુશ રાખી શકતા તેનો એક પ્રસંગ છે. નામદેવ ભોજન કરતા હતા. એક કૂતરો આવ્યો. રોટલો ઝૂંટવીને ભાગ્યો. નામદેવ જરાય વિચલિત થતા નથી. કૂતરાને ઉદ્દેશીને કહે છે :

રૂખડી ન ખાઈઓ, સ્વામી મેરા, રૂખડી ન ખાઈઓ.

હાથ હમારે છિરત કટોરા, અપના બાંટા લેકર જાઈઓ....

મારા નાથ, તમે સૂકો રોટલો ન ખાશો. મારા હાથમાં દૂધની વાટકી છે. તેમાંથી તમારો ભાગ લેતા જાવ.

છેલ્લે ચોથી વસ્તુ - ચિત્તની મલિનતાનો ત્યાગ. આપણા મનમાં કેટકેટલો મેલ ભર્યો છે ! અપવિત્ર મન લઈને યજ્ઞ કરવા બેસીએ છીએ. અપ્રમાણિકતા, પાપ, જૂઠ, કુત્સિત વિચારો, કોઈનું અહિત આ બૂરાઈ કરવાનો આશય આદિ અશુદ્ધિઓ મનમાંથી દૂર કરીએ તો જ યજ્ઞ વિમલ-પાવન-પવિત્ર કહેવાય.

**શાંતિલાલ ગઢિયા**

સંપર્ક : 0265-2750 275

❖ ❖ ❖ ❖

# વિચાર : મંથન : ચિંતન

## ચાલો જાણીએ મહિલાઓનાં વિશિષ્ટ યોગદાન અને નારીશક્તિ વિશે...

જૈન દર્શનમાં મહિલાઓનું યોગદાન અને મહત્ત્વ અનેરું અને આગવું છે. ચતુર્વિધ સંઘ એટલે કે પૂ. સાધુ-સાધવી, શ્રાવક અને શ્રાવિકાઓનો સમાવેશ થાય છે. શ્રાવિકાઓનો ક્રમ ભલે ચતુર્થ હોય, પરંતુ શાસનના કામમાં તેઓ અગ્રેસર હોય છે. પ્રભુ મહાવીરના સમયમાં ૧૪૦૦૦ સાધુઓ હતા તો ૩૬૦૦૦ સાધ્વીજીઓ પણ હતાં. એ ૧,૫૯,૦૦૦ શ્રાવકો હતા. તો તેની સરખામણીમાં ૩,૧૮,૦૦૦ શ્રાવિકાઓ હતી. બ્રાહ્મી આદિ સતીની વાત હોય કે અન્ય કોઈ શૌર્ય અને પરાક્રમીભરી બોધકથા હોય, નારીઓએ પોતાની શક્તિ સમય-સમયે ઊજાગર કરી છે. પતિ મરણપથારીએ હોય અને મયણ રેહા તેના પતિ યુગબાહુને ધર્મ પમાડીને તેનું મોત સુધારે... પતિને ધર્મ પમાડે તેને ધર્મપત્ની કહેવાય.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું ૧૪મું અધ્યયન કે યશા ભાર્યા તેના પતિ

ભૃગુ પુરોહિતને વૈરાગ્ય પમાડે છે, તો કમળાવતી રાણી પણ ઈષુકારરાજાને સંયમનો રંગ લગાડે છે. મૃગામાતા પોતાના પુત્રની પરીક્ષા અને કસોટી લઈ પુત્રમાં વૈરાગ્યના ભાવ દૃઢ કરે છે. માતા અરણિકની બૂમ પાડે અને રત્નકુક્ષિણી માતાનો મીઠો હોકારો સાંભળી અરણિક પુનઃ સંયમમાર્ગમાં જાગૃત થઈ જાય. રાજેમતિજી રહનેમિને સંયમમાર્ગમાં સ્થિર કરે છે. આવી તો અનેક વૈરાગ્યપ્રેરક કથાઓ જૈન દર્શનના ઈતિહાસમાં આલેખાયેલી છે.

માત્ર આધ્યાત્મિક ક્ષેત્રે જ નહીં, પરંતુ સંસારમાં વિવિધ ક્ષેત્રે પણ મહિલાઓ પોતાની શક્તિ સુપેરે વહન કરે છે. મહિલાઓની-બહેનોની જવાબદારી હવે માત્ર રસોડા પૂરતી સિમીત નથી. રાજકીય ક્ષેત્રથી લઈને રમત-ગમત તેમ જ રક્ષા-સુરક્ષા સુધીની જવાબદારી બહેનો બખૂબી નિભાવે છે. ભારત દેશનાં મંત્રી અને ગવર્નરપદે પણ મહિલાઓ બિરાજમાન છે. અરે, ભારતના રાષ્ટ્રપતિપદે પ્રધાનમંત્રીપદે પણ મહિલાઓ બિરા જમાન થઈ ભારતની નારીશક્તિનું નામ રોશન કર્યું છે. વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓનું પ્રદાન નોંધનીય અને ઉલ્લેખનીય છે. મીડિયાજગતમાં અને ખાસ કરીને ઈલેક્ટ્રોનિક મીડિયા (TV Channel)માં મોટા ભાગનાં Anchor બહેનો હોય છે. રાજકોટ જૈન સમાજ ગૌરવ લઈ શકે તેવી બાબત એ છે કે રાજકોટ જૈન સમાજનાં મિત્તલબહેન વોરા, નીરાલીબહેન પારેખ, ભાવનાબહેન દોશી, રિધ્ધિબહેન બોટાદરા વગેરે બહેનો પત્રકારધર્મ બજાવતાંની સાથેસાથે જૈન સમાજને પણ પ્રચાર-પ્રસારમાં ઉપયોગી બની રહે છે. આ તો ફક્ત રાજકોટની જ વાત થઈ. આ ઉપરાંત દેશ-વિદેશોમાં પણ જૈન મહિલાઓનું યોગદાન અનેરું અને નોંધનીય છે.

જૈન સમાજની વાત કરીએ તો ગુજરાત સરકારમાં સચિવપદે આદરણીય મોનાબહેન ખંધાર છે, તો પોલીસ ડિપાર્ટમેન્ટમાં ઉચ્ચ અધિકારીપદે આદરણીય પન્નાબહેન મોમાયા કાબિલેદાદ ફરજ બજાવી રહ્યાં છે. તેઓ સમાજની સુરક્ષા સાથે પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં પોતાના આત્માની રક્ષા કાજે તપધર્મની પણ આરાધના કરી જૈનત્વ ઝળકાવે છે. રાજકોટનાં જ સન્માનનીય કુ. હીનાબહેન દલાલ મેંદરડા ખાતે ડેપ્યુટી કલેક્ટરપદે સરાહનીય ફરજ બજાવી રહ્યાં છે. તેમનાં જ લઘુભગિની કુ. નેહલબહેન દલાલ Class-C ઑફિસર છે, આવાં તો અનેક દૃષ્ટાંતો છે.

જૈન શાસ્ત્રમાં ભરહેસરમાં આવતી મહાન સતીઓનાં જીવનચરિત્રો અદ્‌ભૂત છે. જૈનદર્શન સ્ત્રીતીર્થંકર અને સ્ત્રીને મોક્ષનો અધિકાર માને છે.

ડૉ. પ્રવીણભાઈ સી શાહ
સંપર્ક : 9998336992

❖ ❖ ❖ ❖

## 'સમ્યગદર્શન'માં નિહિત જૈન દર્શન

જૈન ધર્મમાં પુષ્કળ રીતે વપરાતા સમ્યગદર્શનનો અર્થ ખરેખર સમજવા જેવો છે. સમ્યગદર્શનની સરળ વ્યાખ્યા એ છે કે વિશ્વના તમામ પદાર્થોને તેના અસલી સ્વરૂપે જાણીને, તે રીતે જ માનવા.

આખું જગત જડ અને ચેતન, એમ બે ભાગમાં વહેંચાયેલું છે. તેમાં આત્મા અને આત્માના જ્ઞાન વિગેરે ગુણો ચેતન પદાર્થ છે અને તે સિવાયના તમામ પદાર્થો જડ છે અને દરેક સંસારી આત્માને જડ વસ્તુઓનો સંયોગ અનાદિકાળથી વળગેલો છે.

તેમાં મુખ્યતયા કર્મ નામની જડ વસ્તુએ આત્માને સૌથી વધારે હેરાન-પરેશાન કરી મૂક્યો છે અને તે કર્મ પણ અનાદિકાળથી આત્માને વળગેલું છે. તેમાં સૌથી વધારે ખરાબ કર્મ મોહનીયકર્મ છે.

મોહનીયકર્મના કારણે આત્માની સમજણ ઊંધી દિશામાં દોડે છે.

૧) મોહનીય કર્મના કારણે આત્માને પૈસો ભેગો કરવામાં સુખ દેખાય છે એટલે તે પૈસા પાછળ પાગલ બનીને ન કરવાનાં કામ કરે છે. તેથી આ ભવમાં દુઃખી થાય છે અને કર્મ બંધાવાથી પરલોકમાં પણ દુઃખી થાય છે.

૨) મોહનીયકર્મ પરિવારમાં સુખ દેખાડે છે તેથી આત્મા પરિવારની મમતા કરીકરીને સરવાળે દુઃખી થાય છે.

૩) મોહનીયકર્મ, આ શરીર મારું છે, એવું મનાવીને ચોવીસે કલાક આત્મા પાસે શરીરની આળપંપાળ કરાવડાવે છે.

૪) મોહનીયકર્મ, કાન-આંખ-નાક-જીભ-ચામડી એ પાંચેય ઈન્દ્રિયોને જે ગમે તેમાં પાગલ થવાનું શીખવાડે છે. પાંચયે ઈન્દ્રિયોને ન ગમે તેનાથી દૂર ભાગવાનું શીખવાડે છે.

૫) મોહનીયકર્મ મનને પણ વશ કરીને આત્માને સાચી સમજણ મેળવવાથી દૂર રાખે છે અને કોઈને કહી ન શકાય એટલી ખરાબ હદના વિચારો પણ કરાવે છે. મોહનીયકર્મ આવું ખરાબ હોવા છતાં જગતની ૯૯% જીવસૃષ્ટિ એના તાબામાં જ છે. એની આજ્ઞા પ્રમાણે જ ચાલે છે.

જેમ દારૂડિયો દારૂ પીને ભાનભૂલ્યો બને અને કદાચ ગટરમાં પણ પટકાય. તેના મોઢામાં કૂતરું પેશાબ કરી જાય આવું પણ બને, છતાં પણ દારૂડિયો પોતે પોતાને સ્વર્ગનાં સુખ માણી રહ્યો છે એવું માને છે અને તે વખતે ડાહ્યા માણસને તે બિચારાની દયા આવે છે.

બસ, એવી રીતે આખું જગત મોહનીયકર્મના નશામાં ચકચૂર છે, પરંતુ દરેક જીવો એમ જ માને છે કે અમે જે કંઈ પણ કરીએ છીએ તે સારું અને સાચું જ કરીએ છીએ.

અને પરમાત્મા આપણી આવી અવદશા જોઈને આપણી દયા કરે છે અને આપણો ઉદ્ધાર કરવા માટે, આપણને કાયમી દુઃખથી છૂટકારો અપાવવા માટે અને આપણા પોતાના આત્મિક ગુણોનું સુખ ભોગવવા માટે એક રસ્તો બતાવે છે. તે રસ્તે ચાલનારને ખાતરીપૂર્વક સુખ મળે જ છે, પરંતુ તેની પાંચ શરતોનું પાલન કરવાનું હોય છે. તેને જૈન પરિભાષામાં મહાવ્રત કહેવાય છે.

(૧) કોઈપણ નાના કે મોટા જીવની હિંસા મનથી, વાણીથી કે કાયાથી સ્વયં કરવી નહીં; બીજા પાસે કરાવવી નહીં, કોઈ કરે તેને સમર્થન ન આપવું.

(૨) કોઈ પ્રકારનું અસત્ય, જેમાં પોતાને કે બીજાને નુકશાન થાય એવું સત્ય પણ ન બોલવું.

(૩) કોઈએ પણ ન આપેલી વસ્તુ ન લેવી.

(૪) સજાતીય કે વિજાતીય દેવ-મનુષ્ય કે પશુ સાથે મૈથુન સેવવું નહીં.

(૫) ધન, ધાન્ય, ઘર, ખેતર, દુકાન વગેરે વસ્તુઓનો મમત્વભાવથી સંગ્રહ ન કરવો. આ પાંચેય શરતો ચુસ્તપણે મન-વચન-કાયાથી પોતે સ્વયં કરવું, બીજા પાસે કરાવવું અને કરનારને સમર્થન આપવું એમ કોઈ રીતે ભંગ ન થાય તેવી રીતે પાલન કરવું.

(અ) જૈન સાધુઓ આવા મહાવ્રતનું પાલન કરતા હોય છે.

(બ) જેની એવું કરી શકવાની શક્તિ નથી તે એવી શક્તિ પેદા કરવાના આશયથી શક્ય એટલા પાપથી બચવાની કોશિશ કરે છે.

(ક) જે એટલું પણ ન કરી શકે તે છેવટે પાપને પાપ તરીકે માને અને વહેલી તકે તેનાથી છૂટવાની પેરવી કરે. આ ત્રણેય કક્ષાના જીવો માટે સમ્યગદર્શન એટલે કે સાચી સમજણ ખૂબ જ જરૂરી છે અને સમજણ મેળવવા માટે જે એ સમજણ મેળવી ચૂક્યા છે એવા શ્રી તીર્થંકર ભગવાનના સાધુઓનું શરણું લેવું અત્યંત જરૂરી છે.

સમ્યગદર્શન પામવા માટે મિથ્યાત્વને હટાવવું પડે. મિથ્યાત્વ હટાવવા માટે સમજણ સુધારવી પડે. સમજણ સુધારવા માટે પંચમહાવ્રતધારી-કંચન કામિનીના ત્યાગી, જીવમાત્રનું ભલું ઈચ્છનારા એકમાત્ર મોક્ષમાર્ગનો જ ઉપદેશ આપનારા, સંસારના તમામ વ્યવહારોથી અલિપ્ત, પોતાના દેવ અને શાસ્ત્રને વફાદાર એવા સુસાધુઓના શરણે જવું પડે.

રોગના દુઃખથી છૂટવા ડૉક્ટર પાસે જવું પડે છે. કાયદાની ચુંગાલમાંથી છૂટવા વકીલ પાસે જવું પડે છે. ન્યાય લેવા ન્યાયાલયના દરવાજા ખટખટાવવા પડે છે. ત્યાં ગયા પછી પણ આ બધાં દુઃખોથી છૂટકારો મળે એવી કોઈ ખાતરી પણ નથી.

પરંતુ ધર્મનું શરણું સંસારના તમામ દુઃખોથી છૂટકારો અપાવે છે. કારણ કે 'સંસારનાં તમામ દુઃખોનું મૂળ, ઈચ્છાઓ છે' આવું ધર્મ ફરમાવે છે. જેની ઈચ્છાઓ ખતમ થઈ ગઈ તેનું બધું જ દુઃખ ચાલ્યું જવાનું છે. દુનિયાનું કોઈપણ દુઃખ ક્યાંથી આવ્યું એ શોધવા જશો તો એના મૂળમાં ઈચ્છા જ પકડાશે.

''સંસારના સુખની ઈચ્છા જ તમામ દુઃખોનું કારણ છે' આવું નક્કર સત્ય માત્ર ને માત્ર ધર્મ જ સમજાવે છે અને દુઃખથી છૂટવાનો ઉપાય બતાવતા કહે છે કે, 'વહેલા કે મોડા, આ ભવમાં કે પછીના ભવમાં જ્યાં સુધી ઈચ્છાઓ પેદા કરવાનું બંધ નહીં કરો ત્યાં સુધી દુઃખ લમણે ઝીંકાયેલું જ રહેવાનું છે. તમામ ઈચ્છાઓ એકઝાટકે છૂટવાની નથી તેથી સૌથી પહેલા ફાલતુ-બિનજરૂરી ઈચ્છાઓ કરવાનું બંધ કરો.

ત્યાર પછી જેના વિના પણ આરામથી જીવન જીવાય છે એવી વસ્તુઓની પણ ઈચ્છા કરવાનું છોડતા જાઓ.

ઘણા લોકો એવું કહેતા હોય છે કે 'આપણને જેટલી ઈચ્છાઓ થાય છે તે બધી સંપૂર્ણ પૂરી થાય એટલે આપણે સુખી થઈ જશું.

પરંતુ આ એક નારી ભ્રમણા જ છે. આજ સુધી કદી પણ કોઈના માટે પણ એવું નથી બન્યું કે બનવાનું પણ નથી કે અમુક વ્યક્તિની બધી જ ઈચ્છાઓ પૂરી થઈ ગઈ અને તે સુખી-સુખી બની ગયો. 'ન ભૂતો ન ભવિષ્યિતિ' - અત્યારે આખી દુનિયા મોટેભાગે ઈચ્છાઓ પૂરી કરવામાં સુખ માને છે. ઈચ્છાઓ પૂરી કરવા માટે આકાશપાતાળ એક કરે છે, ખુવાર થઈ જાય છે, શરીરનું હીર પણ નીચોવી નાખે છે. છતાં સુખ નામની વસ્તુ તેના હાથમાં નથી આવતી. સુખ હાથતાળી દઈને છટકી જાય છે.

જેમ રણપ્રદેશમાં હરણાંઓ પાણીની શોધમાં ફરે છે. મૃગજળને પાણી માનીને ત્યાં દોડે છે. નજીક પહોંચે છે ત્યાં સૂકીભઠ્ઠ જમીન જ હોય છે. પાછું દૂર પાણી દેખાય ત્યાં દોડે. ત્યાં પાછુ એવું જ, છેવટે તરસ્યા તરસ્યા મરી જાય છે.

એમ મનુષ્યને પણ બચપણમાં રમકડામાં સુખ દેખાણું, તેની પાછળ દોડ્યો, જરાક મોટો થયો ને મિત્રોમાં સુખ દેખાયું. સ્કૂલમાં આગળ રહેવામાં સુખ દેખાયું એટલે ત્યાં દોડ્યો, હજુ મોટો થયો એટલે વિજાતીય પરિચયમાં સુખ દેખાણું એટલે ત્યાં દોડયો, પછી પૈસામાં, સ્ટેટસમાં, માન-પ્રતિષ્ઠામાં સુખ દેખાયું તેથી ત્યાં દોડ્યો, દોડ્યો બધે જ પરંતુ સુખ હાથમાં જ ન આવ્યું. એવો ને એવો કોરો પરલોકમાં ઉપડી ગયો અને આટલેથી પણ અંત આવી જતો હોત તો વાંધો ન હતો, પરંતુ સુખ મેળવવા પાછળ એણે જેટલા પાપો કર્યા તે બધાનું ફળ પરલોકમાં નરક અને પશુગતિના અવતારો લઈ લઈને ભોગવવું પડે છે.

આ બધી ખરી સમજણ માત્ર ને માત્ર સાધુઓ જગતને સમજાવી રહ્યા છે અને સાચા સુખી થવાનો ઉપાય બતાવી રહ્યા છે. માટે એમના શરણે જ જવું પડે.

જેના મગજમાં આ વાત બેસી જાય છે તે કદાચ ચક્રવર્તી હોય, મોટો સમ્રાટ હોય, કરોડપતિ હોય, ડૉક્ટર, એન્જિનિયર, વકીલ કે સી.એ., એમ.બી.એ. હોય, તે બધા પોતાપોતાનું ચક્રવર્તીપણું વિગેરે છોડી છોડીને આ સુખી થવાના માર્ગ ઉપર એટલે કે સાધુજીવનમાં આવી ગયા છે અને ખરેખર આત્માનો ખરો આનંદ માણી રહ્યા છે અને જગતના તમામ જીવો આવા સ્વાધીન આનંદને માણે એવી શુભ અભિલાષાઓ વરસાવી રહ્યા છે.

❖ ❖ ❖ ❖

ડૉ. મહેશ પ્રજાપતિ
સંપર્ક : 9904615239

# અતીતની બારીએથી....પરમયોગી અધ્યાત્મ પુરુષ શ્રીમદ રાજચંદ્ર

## સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી – સંપર્ક : ૯૮૧૯૩ ૭૨૯૦૮


વિ.સં ૧૯૫૨માં રચાયેલા શ્રીમદ રાજચંદ્ર રચાયેલા આત્મસિદ્ધિ શાસ્ત્ર ગ્રંથને વિ.સં ૨૦૭૬ ના ૧૨૫ વર્ષની શરૂઆત થઈ રહી છે ત્યારે રવિવાર ૯-૧૧-૧૮૬૭ના વવાણિયામાં જન્મેલા લક્ષ્મીનંદન (મૂળ નામ) જે ચાર વર્ષ બાદ બદલીને રાયચંદ રાખવામાં આવ્યું. પૃથ્વીના એક અગ્રીમ નરરત્ન આ યુગમાં આત્મજ્ઞાની મહાત્મા, સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક પુરુષનું સ્થાન ધરાવે છે. બાવળના ઝાડ ઉપરથી સળગતી ચિતા જોઈને શરીરમાંથી ચાલ્યું જનાર તત્ત્વ શરીર એટલે કે દેહથી ભિન્ન છે તેના વિચારમંથને તેઓને જાતિસ્મરણ જ્ઞાન થયું. પરમયોગી અધ્યાત્મ પુરુષ શ્રીમદ રાજચંદ્રની જીવનઝરમર, તેઓએ રચેલા ગ્રંથો, કાવ્યો, તેઓને પ્રાપ્ત થયેલ લબ્ધિઓ, તેઓના મહાપુરુષો, સંતો, મુમુક્ષો સાથેના સંબંધો, તેઓના પ્રભાવ ના વિષયો ઉપર સમયોસમય ૧૯૪૮થી ૨૦૧૮ દરમ્યાન પ્રબુદ્ધ જીવનમાં પ્રસ્તુત થયેલ લેખોની સૂચિ નીચે મુજબ છે.

| | |
|---|---|
| સપ્ટેમ્બર ૧૯૪૮ તિથિ અને સંવત્સરિને લગતા મતભેદ વિષે શ્રીમદ રાજચંદ્ર | |
| જાન્યુઆરી ૧૯૫૪ શ્રીમદ રાજચંદ્રની આત્મોપનિષદ | પંડિત સુખલાલજી |
| ફેબ્રુઆરી ૧૯૬૨ શ્રીમદ રાજચંદ્રનો પરિચય | રતિલાલ દીપચંદ દેસાઈ |
| ફેબ્રુઆરી ૧૯૬૪ શ્રીમદ રાજચંદ્ર વિષે ગાંધીજી | મુનિશ્રી પુણ્યવિજયજી |
| ડિસેમ્બર ૧૯૬૭ શ્રીમદ રાજચંદ્ર અને તેમનું જીવનકાર્ય | પરમાનંદ |
| ઑગસ્ટ ૧૯૮૧ શ્રીમદ રાજચંદ્ર | ચીમનલાલ ચકુભાઈ શાહ |
| માર્ચ ૧૯૮૬ શ્રીમદ રાજચંદ્રની દ્રષ્ટિએ સત | ડો.ઉમાકાંત પી.શાહ |
| મે ૧૯૮૬ શ્રીમદ રાજચંદ્ર અને ગાંધીજી | ડો રમણલાલ ચી શાહ |
| મે ૧૯૮૭ શ્રીમદ રાજચંદ્ર કૃત આત્મસિદ્ધિ શાસ્ત્ર પર | |
| વ્યાખ્યાન | ચીમનલાલ એમ. શાહ-કલાધર |
| જાન્યુઆરી ૧૯૯૧ શ્રીમદ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી | મલૂકચંદ રતિલાલ શાહ |
| નવેમ્બર ૧૯૯૧ શ્રીમદ રાજચંદ્રની દ્રષ્ટિએ | |
| સદાચાર- એક અનુશીલન | પ્રો.ચંદ્રિકા વી.પંચોલી |
| નવેમ્બર ૧૯૯૭ શ્રીમદ અને શ્રી સોભાગભાઈનું | |
| મિલન-પ્રયાગરાજ | પ્રો.ચંદ્રિકા વી.પંચોલી |
| માર્ચ ૨૦૦૨ પૂ.કાનજી સ્વામી ઉપર શ્રીમદ રાજચંદ્રનો | |
| પ્રભાવ | પ્રો.ચંદ્રિકા વી.પંચોલી |
| નવેમ્બર ૨૦૦૬ શ્રીમદના મુમુક્ષોમાં આજસુધી કેમ કોઈ | |
| સર્વસંગ પરિત્યાગી નહિ? | મલૂકચંદ રતિલાલ શાહ |
| ડિસેમ્બર ૨૦૦૬ થી ડિસેમ્બર ૨૦૦૭ આત્મસિદ્ધિ શાસ્ત્ર | |
| ગુજરાતી,સંસ્કૃત,હિન્દી,અંગ્રેજીમાં મે ૨૦૦૭ | |
| શ્રીમદના મુમુક્ષોમાં(જનૈતર દ્રષ્ટિએ)આજેપણ સર્વસંગ | |
| પરિત્યાગી છે જ. | મલૂકચંદ રતિલાલ |
| ઑક્ટોબર ૨૦૧૧ શ્રીમદ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ | |
| શાસ્ત્રઃ મહાકવિ રવીન્દ્રનાથ ટાગોર સર્જિત શાંતિ નિકેતન | ડો. ધનવંત શાહ |
| ડિસેમ્બર ૨૦૧૧ શ્રીમદ રાજચંદ્રના પત્રો અને | |
| કાવ્યકૃતિમાં વ્યક્ત થતું આત્મચિંતન | ડો. રશ્મિ ભેદા |
| જુલાઈ ૨૦૧૩ શ્રીમદ રાજચંદ્ર અને ભક્તિ | મહેન્દ્ર યુ.શાહ |
| એપ્રિલ ૨૦૧૪ શ્રુત ભાગીરથીનું અવતરણ- | |
| શ્રીમદ રાજચંદ્ર મિશન-ધરમપુર | ડો. ધનવંત શાહ |
| એપ્રિલ ૨૦૧૫ શ્રીમદ રાજચંદ્ર અને | |
| સાબરકાંઠાના સંતો | ડો. કેશુભાઈ શાહ |
| ડિસેમ્બર ૨૦૧૫ બે સૂર્ય – શ્રીમદ રાજચંદ્ર – | |

| | |
|---|---|
| મહાત્મા ગાંધી | ડો. ધનવંત શાહ |
| જાન્યુઆરી ૨૦૧૬ મહાત્મા ગાંધી અને શ્રીમદ રાજચંદ્ર | સોનલ પરીખ |
| જાન્યુઆરી ૨૦૧૬ ડો કુમારપાળ દેસાઈની અનોખી ત્રિદિવસીય | |
| શ્રીમદ રાજચંદ્ર કથા નવેમ્બર ૨૦૧૬ શ્રીમદ રાજચંદ્ર સમર્પિત | |
| શ્રી ભદ્રમુનિ-પુર્વનામ-નું જીવન ચરિત્ર- | પ્રતાપકુમાર ટોલીયા |
| માર્ચ ૨૦૧૭ અપૂર્વ જ્ઞાનયોગી શ્રીમદ રાજચંદ્ર | ડો. અભય દોશી |
| માર્ચ ૨૦૧૭ પરમયોગી અધ્યાત્મપુરુષ | |
| શ્રીમદ રાજચંદ્ર જીવન ઝરમર | ડો. માલતી શાહ |
| માર્ચ ૨૦૧૭ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર- આત્માનું ઉપનિષદ | પૂજ્ય ગુરુદેવ રાકેશભાઈ |
| માર્ચ ૨૦૧૭ શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ : અધ્યાત્મનો વિશ્વકોશ | ડો. અતુલભાઈ શાહ |
| માર્ચ ૨૦૧૭ રાજના હૃદયસખા ભવ્ય શ્રી સૌભાગ | વિક્રમભાઈ શાહ |
| માર્ચ ૨૦૧૭ મુનિ શ્રીમદ લઘુરાજસ્વામી (પ્રભુજી) | સુરેશ શાહ |
| માર્ચ ૨૦૧૭ સંતકવિ શ્રીમદ રાજચંદ્રજીનાં''સુબોધ | |
| સંગ્રહ''માં નારી ચેતનાને જાગૃત કરતી ગરબી | ફાલ્ગુની ઝવેરી |
| માર્ચ ૨૦૧૭ શ્રીમદ રાજચંદ્રના પત્રો અને કાવ્યકૃતિમાં | |
| વ્યક્ત થતું આત્મચિંતન | ડો. રશ્મિ ભેદા |
| માર્ચ ૨૦૧૭ યમ, નિયમ અને સંયમ ક્રિયા | પ્રા. ડો. કોકિલા શાહ |
| માર્ચ ૨૦૧૭ અમૂલ્ય તત્વવિચાર | આત્માર્પિત દેવાંગભાઈ |
| માર્ચ ૨૦૧૭ પૂર્ણ માલિકા મંગલ એક અદભૂત રચના | સૂર્યવદન ઝવેરી |
| માર્ચ ૨૦૧૭ સત્સંગ અને સત તત્વ | ડો. કુમારપાળ દેસાઈ |
| માર્ચ ૨૦૧૭ બે સાધકોઃ આચાર્ય બિદ્ધિસાગરજી અને | |
| શ્રીમદ રાજચંદ્રજીના જીવનમાં અધ્યાત્મ | ડો. રેણુકા પોરવાલ |
| માર્ચ ૨૦૧૭ શ્રીમદ રાજચંદ્રજી અને જૈન સંતો | ગુણવંત બરવાળિયા |
| માર્ચ ૨૦૧૭ શ્રીમદ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીઃ | |
| અપૂર્વ વ્યક્તિત્વો,અપૂર્વ સંબંધ અને અપૂર્વ પુસ્તકો | સોનલ પરીખ |
| માર્ચ ૨૦૧૭ મહોપાધ્યાય યશોવિજયજી કૃત | |
| ''સમકિત સડસઠ બોલની સજ્ઝાય'' અને શ્રીમદ રાજચંદ્ર | |
| કૃત ''આત્મસિદ્ધિશાસ્ત્ર'' સાથે તુલનાત્મક અધ્યયન | ડો. ભાનુબેન જે સત્રા |
| માર્ચ ૨૦૧૭ શ્રીમદ રાજચંદ્ર અને વેદાંતદર્શન | ડો. નરેશ વેદ |
| જાન્યુઆરી ૨૦૧૮ શ્રીમદ રાજચંદ્રજીના સાહિત્યમાં | |
| આધ્યાત્મિક મૂલ્યો | શ્રી ગુણવંત બરવાળિયા |
| માર્ચ ૨૦૧૮ શ્રીમદ્ રાજચંદ્રજી – એક બહુઆયામી | |
| વ્યક્તિત્વ | આત્માર્પિત દેવાંગભાઈ |

**ડો કુમારપાળ દેસાઈની અનોખી શ્રીમદ રાજચંદ્ર કથા Set of 3 DVDs Rs 200/- available at Office.**

**FOR DETAILED READING OF ALL ABOVE ARTCLES, VISIT WEBSITE https://prabhuddhjeevan.in**



To

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of ever month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો આ મારો અંતિમ પત્ર હોય તો...

ડૉ. યશવંત ત્રિવેદી

પ્રિયાતિપ્રિય ...,

જો આ મારો અંતિમ પત્ર હોય તો !...

જો અને તો વચ્ચે – જિંદગીના કેટલા બધા અધ્યાહાર કૌંસ વચ્ચે–કેટલા બધાં આશ્ચર્યાર્થો અને કેટલા બધા પ્રશ્નાર્થ ચિહ્નો હોય છે !? શું માનવજીવનની અપૂર્ણતાને પૂર્ણ કરવા તું મારી પાસે વેદનાનું આલેખન કરાવવા ઇચ્છે છે ? કે પૂર્ણતાના ઘટને ખાલી કરવા તું મારી પાસે વેદનાના જલને ઢોળાવ્યા કરે છે ?

મિતા અને પરમાત્માને સંબોધીને પત્ર લખું ? આ બન્ને પૃથ્વીના ઉગમકાળથી જેનિસિસના સમયથી મારી સાથે છે !

મિતા શાશ્વતિની મારા મસ્તક ઉપર ઝળુંબતી મમતામયી છાયા છે! હું એવી કઈ સર્જનાત્મક, નમનીય ભાષાથી તને પત્ર લખું કે ભાષાનું કલ્પિતવસ્ત્ર ન ફાટી જાય કે ન એના પર ઉઝરડા પડે ? પૃથ્વીના કુંવારા રકતના આશ્લેષ માટે શબ્દો થનગની ઊઠ્યા હોય તે ભાષાથી તને પત્ર લખું ? યુગાંતરોની પ્રદક્ષિણા કરીને જંપેલાં આ પંખીઓ ફરી પાછાં ઉડ્ડયન માટે તૈયારી કરતાં હોય,

કેટલાં બધાં સ્વપ્નો એમની પાંખો પર ચઢીને કંઈ આશાના સોનેરી કેશરાશિને ગ્રહી લેવા તત્પર હોય, ફૂલોની ટોચ ઉપર કેટલી બધી પરીકથાઓ સ્વપ્નોની જેમ ફૂટી નીકળવા ઉત્તેજિત થઈ ઊઠી હોય, સમગ્ર વિશ્વને આલિંગવા કોઈ શુભ ઘડીની ધારણાએ શબ્દો જીવનના ઉંબર લગી દોડી આવ્યા હોય,

એવી – વસંતના ઉલ્લાસમાં પૃથ્વી પ્રિયતમાની જેમ ઊઘડી ગઈ હોય – એવી ભાષાથી તને પત્ર લખું ?

પણ મિતા ! પવન જેવું મુક્ત મૌનના સમુદ્રમાં લીલયા રમ્યા કરે છે! પ્રિય પાત્ર નિઃશબ્દતાના ધુમ્મસમાં રચાતું આવે છે ત્યારે તે અનિર્વચનીય સૌંદર્ય ધારણ કરે છે ! નિઃશબ્દતા અને પ્રાર્થના એ ઈશ્વર સાથેની મૌનમુખર સંગોષ્ઠિ છે ! હું તને આ મૌનમુખર પુષ્પલિપિની ઝંખનાથી અંતિમ પત્ર લખું ?

હું આ અંતિમ પત્ર કયા કાગળ ઉપર લખીશ ?

નિરવધિ સમયના કાગળ ઉપર લખું ?

કે પંખીઓના ઉડ્ડયનોની પ્રતીક્ષામાં ઊભેલા ઊર્મિચંચલ આકાશ પર લખું ? લાગણીઓને પ્રગટ કરવા પ્રેમપત્ર જેવું અન્ય કશુંય ઊર્મિપ્રાણિત સાહિત્ય–સ્વરૂપ નથી ! કેટલાક પડછાયા, જે જિંદગીની આડશમાં પરદા જેમ હલ્યા કરે છે, તેઓ ક્લાઈમેક્સ માટે કઈ ભાષાની જિદ્દ કરશે ?

આ સગાં–સંબંધીઓને, અનામ સંબંધોને, ભીની લાગણીઓને, સર્વ પૂર્વાપરોને કયા અધ્યાહાર કૌંસમા ગોઠવું નવલકથાના ઉપસંહારમાં ?

વિદાય વેળાએ તમારી થોડીક ક્ષમા માગી લઉં ?

તમારા પ્રેમના પ્રતિદાનમાં મેં આપી દીધાં છે –

અશેષ પ્રેમ, તાજાં તૃણો અને ઝરણાંસમી ભાષા –

નર્મદાના કલકલ પ્રવાહ જેવા કવિતાના છંદો અને ગીતોના કલહંસસમા લયોમાં, પ્રેમપત્રો જેવા નિબંધોમાં અને નવલકથાનાં પાત્રોની વિશ્રંભકથાઓમાં ...

તમારા જુહુના વિલાનાં વૃક્ષોની ડાળ ઉપર શ્વેત વાદળોના રૂમાલ બાંધી જાઉં છું – હું ફરી આવું અને તમને મળું એટલે.... ?

કે...?

નવા જાગરણનો ઉદય થાય તો મૃત્યુ ઉદ્ભવતા ઉજાશની અનવદ્ય કવિતા બની રહે ! આશાની જેમ ક્યારેક, મેડોના લીલી જેવી સ્મૃતિથી, મૃત્યુના સમુદ્રને ઓળંગીને ક્યારેક જીવનને ફરી બથ ભીડીને આલિંગવા જેવું છે અંતિમ પત્રની પરાકાષ્ટા વખતે...!

ને નિરવધિ વહેતા કાળના પ્રવાહમાં 'અંતિમ'ના ફુલસ્ટોપ ને પૂર્ણવિરામને છેકીને તારી આંગળી પકડીને ચાલી નીકળું છું. શાશ્વતીના માઈલ–સ્ટોન ભણી... મિતા ! – આ એન્ટિ–ક્લાઈમેક્સની નાટ્યાત્મક ક્ષણે!

સંપર્ક – 7738477323

Postal Authority : if Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai - 400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,

Printed at : Arihant Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 9223430415

Editor : Dr. Sejal M. Shah

Temporary Add.: 926, Parekh Market, 39, J. S. S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai - 400004.